દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૩ વર્ષ

R.N.I. No. GUJ GUJ/2013/58486 *

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 24 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ પૌષ વદ - ૩૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 January 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20

બુધવાર, ૨૯ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઇન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## આજે ઈસરોનું ૧૦૦મું મિશન

શ્રીહરિકોટા (આંધ્ર પ્રદેશ): અહીંના શ્રીહરિકોટાથી ૨૯મી જાન્યુઆરીએ વહેલી સવારે ૬:૨૩ વાગે જીએસએલવીની મદદથી નેવિગેશન સેટેલાઈટ એનવીએસ-૦૨ને સફળતાપૂર્વક લૉન્ચ કરી ઈસરો તેનું ૧૦૦મું મિશન પાર પાડશે.

નેવિગેશનવ શ્રેણીનું આ બીજું સેટેલાઈટ હશે અને તે ઉપભોક્તાને સબ-કોન્ટિનેન્ટ તેમ જ ભારતથી ૧૫૦૦ કિ.મી.થી પણ વધુ અંતરે આવેલા વિસ્તારની ચોક્કસ સ્થિતિ, ગતિ અને સમયની વિગતો પૂરી પાડશે.

૨૭.૩૦ કલાક અગાઉ મંગળવારે આ મિશનનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું હતું. ૫૦.૯ મીટરની ઊંચાઈ ધરાવતું જીએસએલવી-એફ૧૫ અગાઉ ૨૯મી મે ૨૦૨૩ના લૉન્ચ કરવામાં આવેલા પ્રથમ નેવિગેશન સેટેલાઈટ એનવીએસ-૦૧નું અનુસરણ કરશે.

યુઆર સેટેલાઈટ સેન્ટર દ્વારા વિકસાવવામાં આવેલા એનવીએસ-૦૨ સેટેલાઈટનું વજન અંદાજે ૨,૨૫૦ કિલોગ્રામ જેટલું છે. (એજન્સી)■

## વર્લ્ડ કપમાં રેકોર્ડ ૧૧૦ રન

### ભારતની ઓપનર તૃષાએ અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં રચ્યો ઇતિહાસ

ક્વાલાલમ્પુર: ગર્લ્સ અન્ડર-૧૯ ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતીય ઓપનર ગૉન્ગાડી તૃષા (૧૧૦ અણનમ, ૫૯ બૉલ, ચાર સિક્સર, તેર ફોર)એ ગઈ કાલે અહીં આ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં નવો ઇતિહાસ રચ્યો હતો. તે છોકરીઓના આ વિશ્વ કપમાં સેન્ચુરી કરનારી વિશ્વની સૌથી પહેલી ખેલાડી બની હતી. ભારતે આ મૅચમાં તૃષાના ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી સ્કૉટલૅન્ડને ૧૫૦ રનના તોતિંગ માર્જિનથી કચડી નાખ્યું હતું. તૃષા આ મૅચની સુપરસ્ટાર હતી. તેણે ત્રણ વિકેટ પણ લીધી હતી. તેણે જબરદસ્ત ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ બદલ પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર મેળવ્યો હતો. સેમિ ફાઇનલમાં પહોંચી ગયેલા ભારતે ૨૦૯ રનનો મોટો લક્ષ્યાંક આપ્યો હતો જેના જવાબમાં સ્કૉટલૅન્ડની ટીમ ૧૪ ઓવરમાં ફક્ત ૫૮ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. ■

## આજે મહાકુંભમાં ૧૦ કરોડનું સ્નાન

### મૌની અમાસે ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવવાનું અનેરું મહત્ત્વ

પ્રયાગરાજ: અહીં મૌની અમાસ એટલે કે ૨૯ જાન્યુઆરીએ બીજું ‘અમૃત સ્નાન’ કરાશે અને તેમાં અંદાજે દસ કરોડ લોકો ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવે એવી આશા છે.

વસંત પંચમી એટલે કે ત્રણ ફેબ્રુઆરીએ ત્રીજું ‘અમૃત સ્નાન’, માઘ પૂર્ણિમા એટલે કે ૧૨ ફેબ્રુઆરીએ ‘કલ્પવાસનું સ્નાન’ કરાશે, જ્યારે મહાશિવરાત્રિ એટલે કે ૨૬ ફેબ્રુઆરીએ મહાકુંભનું સમાપન કરાશે. અગાઉ, મહાકુંભના બીજા દિવસે એટલે કે ૧૪ જાન્યુઆરીએ (મકરસંક્રાંતિ -ઉતરાણ)ના દિવસે પ્રથમ ‘અમૃત સ્નાન’ કરાયું હતું.

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં પૌષ પૂર્ણિમા (પોષી પૂનમના ‘કલ્પવાસ’, ૧૩ જાન્યુઆરી)થી વિશ્વનો સૌથી મોટો ધાર્મિક મેળાવડો ‘મહાકુંભ’ શરૂ થયો હતો અને તે મહાશિવરાત્રિ (૨૬ ફેબ્રુઆરી) સુધી ચાલશે. આ ‘મહાકુંભ’માં દેશવિદેશથી અંદાજે ૪૫ કરોડ લોકો આવવાની આશા છે.

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ ૨૦૨૫માં છેલ્લા ૧૭ દિવસમાં ૧૫ કરોડથી વધુ લોકોએ સંગમમાં સ્નાન કર્યું છે અને બુધવારે મૌની અમાવસ્યા પર વધુ ૧૦ કરોડ (જુઓ પાનું ૨) ▸▸

## શનિવારે બજેટ

નવી દિલ્હી: ભારતીય સંસદના બજેટ સત્રની શરૂઆત આગામી ૩૧ જાન્યુઆરીથી થશે. ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ૩૧ જાન્યુઆરીએ સંસદના બંને ગૃહો લોકસભા અને રાજ્યસભાને સંબોધિત કરશે. રાષ્ટ્રપતિ મુર્મૂના સંબોધન પછી કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ દેશનું કેન્દ્રીય બજેટ રજૂ કરશે. સંસદના બજેટ સત્રનો પહેલો ભાગ ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ શરૂ થશે અને ૧૩ ફેબ્રુઆરીના રોજ સમાપ્ત થશે. સત્રનો બીજો ભાગ ૧૦ માર્ચ, ૨૦૨૫થી શરૂ થશે અને ૪ એપ્રિલ, ૨૦૨૫ સુધી ચાલશે.

લોકસભા સચિવાલય દ્વારા બજેટ સત્ર અંગે સત્તાવાર નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. જેમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ૩૧ જાન્યુઆરીના રોજ સંસદના બંને ગૃહોને સંબોધન કરશે અને નાણામંત્રી નિર્મલા સીતારમણ શનિવારે સામાન્ય બજેટ રજૂ કરશે.

રાષ્ટ્રપતિના અભિભાષણ પછી લોકસભા અને રાજ્યસભામાં નાણામંત્રી (જુઓ પાનું ૨) ▸▸





**સંગમમાં સ્નાન (ડાબેથી જમણે):** ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન પવિત્ર સ્નાન માટે એકઠા થયેલાં શ્રદ્ધાળુઓ. મહાકુંભ દરમિયાન અરૈલ વીઆઈપી ઘાટ ખાતે બૉટમાં સવાર શ્રદ્ધાળુઓ. (એજન્સી)

## મહાકુંભ જતી ટ્રેન પર પથ્થરમારો



**ટ્રેન પર હુમલો:** મધ્ય પ્રદેશના હરપાલપુર રેલવે સ્ટેશન ખાતે મંગળવારે સવારે ઝાંસીથી પ્રયાગરાજ જઈ રહેલી સ્પે. ટ્રેન પર અજાણ્યા લોકોએ પથ્થરમારો કર્યો હતો. પથ્થરમારાથી બચવા પ્રવાસીઓએ ટ્રેનના ડબ્બાના દરવાજા બંધ રાખવાના પ્રયાસ કર્યા હતા. (એજન્સી)

છતરપુર (મધ્ય પ્રદેશ): મધ્ય પ્રદેશના છતરપુર જિલ્લામાંથી મહાકુંભમાં હાજરી આપવા જઈ રહેલા લોકોએ પ્રયાગરાજ જતી ટ્રેનો પર બે સ્ટેશનો પર પથ્થરમારો કર્યો હતો. આ પથ્થરમારો તે સમયે કરવામાં આવ્યો જ્યારે ખીચોખીચ ભરેલા ટ્રેનના ડબ્બામાં મુસાફરોએ તેમના માટે ટ્રેનના દરવાજા ખોલ્યા નહોતા.

સોમવારે રાત્રે છતરપુર અને હરપાલપુર રેલ્વે સ્ટેશનો પર થયેલા હોબાળા બાદ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ પ્રકારની ઘટનાઓને રોકવા માટે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવશે. તેમણે કહ્યું હતું કે વધતી માગને ધ્યાનમાં રાખીને ઉત્તર પ્રદેશમાં પ્રયાગરાજ માટે ખાસ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે. આ ઘટનાને લગતા કેટલાક વીડિયો સોશિયલ મીડિયા પર પણ સામે આવ્યા છે, જેમાં છતરપુર અને હરપાલપુર

રેલવે સ્ટેશન પર કેટલાક લોકો બૂમો પાડતા સાંભળવા મળે છે. વીડિયોમાં કેટલાક લોકોને ટ્રેનના કોચ પર પથ્થર ફેંકતા, તેના દરવાજાને બળજબરીથી ખોલવાનો પ્રયાસ કરતા પણ જોઈ શકાય છે. છતરપુરના એક યાત્રાળુ આર કે સિંહે પત્રકારોને જણાવ્યું કે તેઓ પ્રયાગરાજમાં ચાલી રહેલા (જુઓ પાનું ૨) ▸▸

## પોલીસ આરોપીને વૉટ્સએપ પર નોટિસ મોકલી ન શકે: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે મંગળવારે કહ્યું હતું કે ક્રિમિનલ પ્રોસિજર કોડ (સીપીસી) કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બીએનએસએસ)૨૦૨૩ અંતર્ગત પોલીસ આરોપીને વૉટ્સએપ કે અન્ય ઈલેક્ટ્રોનિક માધ્યમ મારફતે નોટિસ મોકલી ન શકે.

ન્યાયાધીશ એમ. એમ. સુંદ્રેશ અને રાજેશ બિન્દાલે તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ મામલે યોગ્ય માધ્યમ મારફતે નોટિસ પાઠવવાનો આદેશ આપ્યો હતો.

સીઆરપીસીની કલમ ૪૧-એ, બીએનએસએસ ૨૦૨૩ની કલમ ૩૫ અંતર્ગત યોગ્ય માધ્યમ મારફતે આરોપીને નોટિસ પાઠવવાનું સંબંધિત પોલીસ સ્ટેશનોને આદેશ આપવાનું સુપ્રીમ કોર્ટે ૨૧મી જાન્યુઆરીએ દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જણાવી દીધું હતું.

સીઆરપીસીની કલમ ૪૧-એ, બીએનએસએસ ૨૦૨૩ની કલમ ૩૫ અંતર્ગત મુકરર કરવામાં આવેલા માધ્યમ સિવાયના એટલે કે વૉટ્સએપ કે અન્ય ઈલેક્ટ્રોનિક માધ્યમ મારફતે મોકલેલી નોટિસને માન્ય ગણવામાં નહીં આવે.

વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ લૂથરાના સૂચનને ધ્યાન પર લઈ કોર્ટે ઉપરોક્ત આદેશ આપ્યો હતો. (એજન્સી)■

## મોદી ફેબ્રુઆરીમાં અમેરિકા જશે

વોશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ફેબ્રુઆરીમાં તેમની સાથે મુલાકાત માટે વ્હાઇટ હાઉસની મુલાકાત લેશે. ટ્રમ્પે સોમવારે ફ્લોરિડાથી જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ પરત ફરતી વખતે એરફોર્સ વનમાં પત્રકારોને જણાવ્યું હતું કે ‘‘સોમવારે સવારે મારી તેમની સાથે લાંબી વાત થઈ. તેઓ આવતા મહિને, કદાચ ફેબ્રુઆરીમાં વ્હાઇટ હાઉસ આવવાના છે. ભારત સાથે અમારા ખૂબ સારા સંબંધો છે.’’

તેઓ સવારે મોદી સાથે ફોન પર થયેલા એક પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. ટ્રમ્પે પત્રકારોને વડા પ્રધાન મોદી સાથેના તેમના ફોન વિશેની વિગત વિશે પૂછવામાં આવતા કહ્યું કે ‘‘બધું જ (મોદી સાથેના ફોન પર) ચર્ચવામાં આવ્યું.’’

પ્રમુખ તરીકે ટ્રમ્પનો છેલ્લો વિદેશ પ્રવાસ તેમના પહેલા કાર્યકાળ દરમિયાન ભારતનો હતો. ટ્રમ્પ અને મોદી સારા મૈત્રીપૂર્ણ સંબંધોનો આનંદ માણે છે. બંનેએ સપ્ટેમ્બર ૨૦૧૯માં હ્યુસ્ટનમાં અને ફેબ્રુઆરી ૨૦૨૦ માં અમદાવાદમાં બે અલગ અલગ રેલીઓમાં હજારો લોકોને સંબોધિત કર્યા હતા. નવેમ્બર ૨૦૨૪ માં ટ્રમ્પની શાનદાર ચૂંટણી જીત પછી તેમની સાથે વાત કરનારા ટોચના ત્રણવિશ્વ નેતાઓમાં મોદીનો સમાવેશ થતો હતો. ■

## ભારત દરેક માલસામાનના ઉત્પાદન માટે સક્ષમ: મોદી

નવી દિલ્હી: ભારત દરેક માલસામાનના ઉત્પાદન માટે સક્ષમ હોવાનું જણાવતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું હતું કે કાચા માલની નિકાસ કરીને તૈયાર કરેલો માલ દેશમાં આયાત કરવાનું મને સ્વીકાર્ય નથી.

ભુવનેશ્વરમાં ‘ઉત્કર્ષ ઓડિશા, મેક ઈન ઓડિશા કોન્ક્લેવ’નું ઉદ્ઘાટન કરતાં મોદીએ કહ્યું હતું કે હું પૂર્વ ભારતને દેશના વિકાસનું એન્જિન માનું છું અને પૂર્વ ભારતના રાજ્યો તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યાં છે. માત્ર કાચા માલની નિકાસ કરવાથી દેશનો વિકાસ નહીં થાય અને એ કારણે જ અમે સંપૂર્ણ સિસ્ટમ બદલીને નવી દૂરંદેશી સાથે કામ કરી રહ્યા છીએ, એમ તેમણે કહ્યું હતું.

મુંબઈ અને અમદાવાદમાં કોલ્ડપ્લે કન્સર્ટને મળેલી સફળતાની નોંધ લેતાં મોદીએ કહ્યું હતું કે કન્સર્ટની ઈકોનોમીમાં ભારત વિપુલ શક્યતાઓ નિહાળી રહ્યું છે અને લાઈવ કન્સર્ટનું આયોજન કરવા જરૂરી કુશળતા અને માળખાકીય સુવિધા ઊભી કરવા તે ક્ષેત્રમાં રોકાણ કરવાની રાજ્ય સરકારો અને ખાનગી ક્ષેત્રને તેમણે વિનંતી કરી હતી.

છેલ્લાં દસ વર્ષમાં આ પ્રકારના ઈવેન્ટની માગ વધી છે, એમ તેમણે કહ્યું હતું. ઓડિશા સાથે વેપારી જોડાણ વધારવામાં ‘એશિયન’ દેશોએ રસ દાખવ્યો છે, એમ તેમણે કહ્યું હતું. વૈશ્વિક વેપારમાં ભારત મોટો હિસ્સો ધરાવે છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે પૂર્વ ભારતમાં પણ તેમાં મહત્ત્વનું યોગદાન આપે છે. કરોડો દેશવાસીઓની મહત્ત્વાકાંક્ષા દેશના વિકાસની ઝુંબેશનું ચાલક બળ છે અને ઓડિશા આશાવાદ તેમ જ નવા ભારતનું પ્રતીક છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

## યુપીમાં જૈનોના કાર્યક્રમમાં દુર્ઘટના: આઠનાં મોત, ૬૦ ઘાયલ



**દુર્ઘટના:** ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લામાં મંગળવારે જૈન સમુદાયના એક કાર્યક્રમ દરમિયાન લાકડાંનું માળખું તૂટી પડ્યું હતું. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછી આઠ વ્યક્તિનાં મોત થયાં હોવા ઉપરાંત ૬૦ જણ ઘાયલ થયા હતા. (એજન્સી)

બાગપત: ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લાના બડૌતમાં જૈન નિર્વાણ મહોત્સવ દરમિયાન એક દર્દનાક દુર્ઘટના બની હતી. આ કાર્યક્રમ દરમિયાન સ્ટેજ તૂટી પડતા આઠ લોકોનાં મોત થયાં હતાં જ્યારે ૬૦થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા હતા. અકસ્માત બાદ, ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર ચાલુ છે. ઘાયલોમાંથી કેટલાકની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.

બાગપત જિલ્લાના બડૌત શહેરમાં ગાંધી રોડ પર શ્રી દિગંબર જૈન ડિગ્રી કોલેજ ગ્રાઉન્ડમાં ભગવાન આદિનાથના ‘અભિષેક’ માટે આયોજિત કાર્યક્રમ દરમિયાન સવારે ૮ વાગ્યે આ ઘટના બની હતી. આ કાર્યક્રમ શ્રી ૧૦૦૮ આદિનાથ ભક્તાંબર પ્રચારના તત્વાવધાનમાં જૈન સમુદાયના મોક્ષ કલ્યાણક નિર્વાણ મહોત્સવનો ભાગ હતો. તેમણે જણાવ્યું હતું કે ઘાયલોમાંથી ૨૦ લોકોને પ્રાથમિક સારવાર આપ્યા બાદ રજા આપવામાં આવી હતી જ્યારે ૩૯ લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પોલીસે જણાવ્યું હતું કે માનસ્તંભ પરિસરમાં બાંધવામાં આવેલા ૬૫ ફૂટના કામચલાઉ સ્ટેજની લાકડાની સીડી તૂટી ગઈ હતી જેના કારણે સ્ટેજ પર અને તેની નજીક ઊભા રહેલા ભક્તો નીચે પડી (જુઓ પાનું ૨) ▸▸




**વિકાસ:** ભુવનેશ્વરમાં મંગળવારે ‘ઉત્કર્ષ ઓડિશા- મેક ઈન ઓડિશા કોન્ક્લેવ’ એક્ઝિબિશન દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નેતાજીની હત્યા નહેરુએ કરાવેલી એ વાત કોણ માને?

**ભારતમાં** કેટલાક લોકો સાવ મોં-માથા વિનાની વાતો કરીને વણજોઈતા વિવાદો ઊભા કરવામાં માહિર છે. કોઈ પણ પ્રકારના આધારે કે પુરાવા વિના જીભે ચડે એ લવારો કરીને મીડિયામાં પબ્લિસિટી મેળવવાની તેમને આદત હોય છે. ભાજપના નેતા ડૉ. સુબ્રમણ્યમ સ્વામી આ જમાતના નેતા છે કે જે છાસવારે કંઈક ને કંઈક મોં-માથા વિનાની વાત કર્યા જ કરે છે. ભૂતકાળમાં રાહુલ ગાંધી ભારતના નાગરિક નથી ત્યાંથી માંડીને જયલલિતાની અંગત જીંદગી વિશે બકવાસ કરી ચૂકેલા સુબ્રમણ્યમ સ્વામીએ હવે સુભાષચંદ્ર બોઝના મૃત્યુ મુદ્દે આવી જ વાત કરી છે.

નેતાજી સુભાષચંદ્ર બોઝની ૨૩ જાન્યુઆરીએ જન્મજયંતિ હતી એટલે સુરતના બારડોલીમાં ‘રન ટુ રિમેમ્બરન્સ સુભાષ સંગ્રામ’ ટાઈટલ હેઠળ દોડ સહિતના કાર્યક્રમમાં સુબ્રમણ્યમ સ્વામી મુખ્ય મહેમાન તરીકે પધારેલા. આ કાર્યક્રમમાં ડૉ. સુબ્રમણ્યમ સ્વામીએ દાવો કર્યો કે, નેતાજી સુભાષચંદ્ર બોઝનું તાઈવાનમાં મૃત્યુ થયું જ નહોતું પણ તેમની બહુ પાછળથી હત્યા કરાઈ હતી. સ્વામીના દાવા પ્રમાણે, સુભાષબાબુની હત્યામાં જવાહરલાલ નહેરુનો હાથ હતો. તાઈવાનમાં કોઈ વિમાન દુર્ઘટના થઈ નથી એ વાતને અમેરિકાએ પણ સમર્થન આપ્યું હતું. તેના પરથી સ્પષ્ટ છે કે, તાઈવાનમાં નેતાજી સુભાષચંદ્ર બોઝનું મૃત્યુ થયું નહોતું પણ નહેરુ સરકારે આ વિગતો દબાવી રાખી હતી.

સ્વામીના દાવા પ્રમાણે તો જવાહરલાલ નહેરુના પ્રાઈવેટ સેક્રેટરીએ નિવેદન આપ્યું હતું કે, ૧૯૪૫માં નહેરુએ તેમને બ્રિટિશ વડાપ્રધાનને પત્ર લખવા બોલાવ્યા હતા. આ પત્રમાં સુભાષચંદ્ર બોઝ જીવિત હોવાની અને તેમના કબજામાં હોવાની વાત નહેરુએ લખાવી હતી.

સ્વામીએ જવાહરલાલ નહેરુને તો લપેટ્યા જ છે પણ હાલની નરેન્દ્ર મોદીની સરકારની કામગીરી સામે પણ સવાલો ઉઠાવ્યા છે. સ્વામીના કહેવા પ્રમાણે, રશિયા પાસેથી નેતાજીના કહેવાતા મૃત્યુ અંગેના દસ્તાવેજો મગાવવાની જરૂર છે અને સુભાષચંદ્ર બોઝના મૃત્યુ અંગે સત્ય બહાર લાવવાની જરૂર છે. ડૉ. સ્વામીએ વડા પ્રધાન મોદીને પત્ર લખીને રશિયા સહિતના દેશો પાસેથી નેતાજીના મૃત્યુ અંગે મળેલા તમામ દસ્તાવેજો જાહેર કરવાની માગ કરી છે અને આ મુદ્દે કોઈપણ સાથે ડિબેટ કરવા માટે તૈયાર હોવાનું જણાવ્યું છે.

સ્વામી સાવ નવરા છે તેથી ગમે તેની સાથે ડીબેટ કરવા તૈયાર થઈ જાય તેમાં નવાઈ નથી પણ તેમની સાથે ડીબેટ કરવાનો મતલબ નથી કેમ કે આ ડીબેટ પાણી વલોવીને માખણ કાઢવાની ક્વાયતથી વધારે કંઈ નથી. સ્વામી ડીબેટમાં આ બધી જ વાતો કરવાના છે ને સરકારે દસ્તાવેજો જાહેર કરવા જોઈએ એ ઘસાઈ ગયેલી રેકર્ડ વગાડવાના છે પણ ક્યા દસ્તાવેજોમાં સુભાષબાબુ ગુજરી ગયા નહોતા એવું લખેલું છે તેની તેમને ખબર નથી. ખબર હોય તો તેની ફોડ પાડીને વાત કરતા નથી. એ પોતે જે વાત કરે છે એ સાવ અધ્ધરતાલ છે ને ક્યા પુરાવાના આધારે એ આ બધો બકવાસ કરે છે એની પણ કોઈને ખબર નથી.

સ્વામી સાચા હોય તો તેમણે બીજો બધો બકવાસ કરવાના બદલે લોકો સામે પુરાવા મૂકવા જોઈએ. માનો કે પુરાવા નથી તો અમેરિકાએ તાઈવાનમાં કોઈ વિમાની દુર્ઘટના થઈ જ નહોતી એવું કોણે કહ્યું તેનું નામ જાહેર કરવું જોઈએ કે આ માહિતીનો સ્રોત જાહેર કરવો જોઈએ. સ્વામી પાસે ના કોઈ પુરાવા છે, ના કોઈ સ્રોત છે તેના પરથી લાગે છે કે તેમને તુક્કો સૂઝ્યો એ તેમણે વહેતો કરી દીધો.

સ્વામીની વરસોથી નહે-ગાંધી ખાનદાન પર પિન ચોંટેલી છે તેથી નહેરુ-ગાંધી ખાનદાન વિશે એ ગમે તેવા દાવા કર્યા કરે છે, નિવેદનો આપ્યા કરે છે ને કેસો પણ કર્યા કરે છે પણ અત્યાર સુધીનો રેકોર્ડ એ વાતનો પુરાવો છે કે, સ્વામી પાસે નક્કર કંઈ પણ ઓછું છે ને હોહા કરાવાવ માટે થૂંક વધારે ઉડાડે છે. નહેરુએ નેતાજીની હત્યા કરાવેલી એવો દાવો નહેરુ-ખાનદાન તરફના તેમના દ્વેષથી પ્રેરિત હોઈ શકે છે.

સ્વામી આવી વાતો કરે છે કેમ કે તેમને ખબર છે કે સુભાષબાબુનાં મોતની વાતમાં લોકોને રસ પડે છે. સુભાષબાબુનાં મોત અંગેનું સસ્પેન્સ કદી બહાર આવ્યું નહીં ને આજે પણ એક રહસ્ય છે. સુભાષબાબુનાં મોત વિશે જાતજાતની વાતો થતી રહી છે. સૌથી પ્રચલિત માન્યતા એવી છે કે સુભાષબાબુ ૧૯૪૫માં જાપાન બીજા વિશ્વ યુધ્ધમાં હારી ગયું પછી એ સિંગાપોરથી તાઈવાન જતા હતા ને રસ્તામાં તેમનું પ્લેન તૂટી પડ્યું તેમાં તેમનું અવસાન થયું.

આ માન્યતા જાપાન સરકારના સત્તાવાર નિવેદનના આધારે બંધાઈ છે. આ નિવેદન પ્રમાણે સુભાષબાબુ ૧૮ ઓગસ્ટ ૧૯૪૫ના રોજ તાઈવાન જવા નિકળ્યા પછી તેમનું પ્લેન તૂટી પડેલું. નેતાજી ખરાબ રીતે દાઝી ગયેલા ને તેમને સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવાયેલા. અહીં થોડાક કલાક પછી નેતાજી મોતને ભેટ્યા ને ત્યાં જ તેમના અગ્નિસંસ્કાર કરાયેલા. તેમનાં અસ્થિને એ પછી ટોકયો મોકલાયાં ને પછી રેન્કોજી મંદિર મોકલાયેલાં. નેતાજીનો પરિવાર આ વાત માનવા તૈયાર નહોતો તેથી તેમણે અસ્થિ ના સ્વીકાર્યાં ને આજેય એ અસ્થિ ત્યાં જ છે.

નેતાજીના પરિવાર તથા તેમના મિત્રોને આ આખી વાત વાર્તા જ લાગેલી ને તેમણે કેટલાક વિચારવા જેવા વાંધા ઉઠાવેલા. આ પૈકી સૌથી મોટો મુદ્દો એ હતો કે નેતાજીની સાથે પ્લેનમાં તેમના કોઈ નજીકના સાથીને ચડવા નહોતા દેવાયા. જે લોકો ચોવીસે કલાક નેતાજી સાથે રહેતા એ લોકોને પણ રવાના કરી દેવાયા હતા. એ જ રીતે નેતાજીના શરીરનાં અંતિમ દર્શન માટે પણ તેમની નજીકની કોઈ વ્યક્તિને નજીક નહોતી જવા દેવાઈ.

આ પ્લેન તૂટી પડ્યું તેના કે નેતાજી ઘાયલ થયા તેના કોઈ ફોટા જ ઉપલબ્ધ નથી. નેતાજીના મૃતદેહના પણ ફોટા ઉપલબ્ધ નથી ને તેમનું કોઈ ડેથ સર્ટિફિકેટ પણ ઈશ્યુ કરાયું નથી. નેતાજીએ જાપાનને બ્રિટિશ સેના સામે લડવામાં તન,મન, ધનથી મદદ કરેલી તે જોતાં એ બ્રિટિશ લશ્કરના હાથે ના ઝડપાય એટલા માટે જાપાન સરકારે નેતાજીનું પ્લેન તૂટી પડ્યું ને તેમનું મોત થયું તેવી વાર્તા બનાવીને જાપાન સરકારે તેમને સલામત જગાએ મોકલી આપ્યા હોય એવું બની શકે.

નેતાજી રશિયામાં કેદ રહેલા ને આઝાદી પછી ભારત આવીને બનારસમાં ગુમનામી બાબાના નામે સાધુના વેશમાં રહેલા. નહેરુની અંતિમયાત્રામાં એ હાજર રહેલા એવી વાતો પણ ચાલેલી. નેતાજી વિશે બીજી પણ બહુ વાતો ચાલી પણ ના કદી નેતાજી સામે આવ્યા કે ના કદી એ જીવે છે એ અંગેના પુરાવા બહાર આવ્યા. આ કારણે નેતાજીના મોતનું રહસ્ય કદી ના ઉકેલાયું.

આ રહસ્ય કદી ઉકેલાશે કે નહીં એ ખબર નથી ને સ્વામી જેવા નેતા તેનો જ ફાયદો ઉઠાવે છે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(સૌર હેમંતઋતુ પ્રારંભ), બુધવાર, તા. ૨૯-૧-૨૦૨૫,
દર્શ અમાવસ્યા, મહા કુંભમેળો (પ્રયાગ રાજ) દ્વિતીય શાહી સ્નાન
ભારતીય દિનાંક ૮, માહે માઘ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ વદ - ૩૦
જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ વદ-૧૪
પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૬ઠ્ઠો શહેરેવર,સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૧૮મો રશ્ને, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
મીસરી રોજ ૩૦મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
નક્ષત્ર ઉત્તરાષાઢા સવારે ક. ૦૯-૨૦ સુધી, પછી શ્રવણ.
ચંદ્ર મકરમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૨, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૮, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૨૩, સ્ટા. ટા.
-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
ભરતીઃ સવારે ક. ૧૦-૫૬, મધ્યરાત્રે ક. ૦૦-૦૨
ઓટઃ સાંજે ક. ૧૭-૦૮, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૦૯ (તા. ૨૯)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - અમાવસ્યા. દર્શ અમાવસ્યા, અન્વાધાન, ત્રિવેણી અમાવસ્યા (ઓરિસ્સા), થૈ અમાવસ્યા (દક્ષિણ ભારત), મકરવાયુ (કેરાલા).
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
મુહૂર્ત વિશેષઃ તીર્થમાં સ્નાન, શ્રાધ્ધ , તર્પણ, મહા કુંભમેળો (પ્રયાગ રાજ)મૌની અમાસ દ્વિતીય શાહી સ્નાન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા ,ધ્રુવ દેવતાનું પૂજન, વિશ્વદેવતાનું પૂજન, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, તુલસી પૂજા, વિષ્ણુ સહસ્ત્રનામ સ્ત્રોત્ર વાંચન, પુરુષ સુક્ત, શ્રી સુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ અભિષેક, નિત્ય થતાં પશુ લે-વેચ. ખેતીવાડી, નોકરી, દસ્તાવેજ, દુકાન, વેપારનાં કામકાજ, બી વાવવું.
આચમનઃચંદ્ર-સૂર્ય યુતિ અધ્યાત્મમાં રુચિ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ પ્રવાસી.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય યુતિ, (પૌષ અમાસ યોગ), ચંદ્ર-ગુરુ ત્રિકોણ.
ગ્રહગોચરઃ સૂર્ય-મકર, વક્રી મંગળ-મિથુન, બુધ-મકર, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■



**ટ્રેનમાં ગિરદીઃ** મંગળવારે ‘મૌની અમાસ’ની પૂર્વ સંધ્યાએ પટણા રેલવે સ્ટેસને ટ્રેનમાં ચઢવા પ્રવાસીઓની ભારે ગિરદી જોવા મળી હતી. (એજન્સી)

# ભારતીય માલ પર ઊંચો ટેરિફ લાદવાની ટ્રમ્પની ચીમકી

વોશિંગ્ટનઃ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકા એવા દેશો પર ટેરિફ લગાવશે જે અમેરિકાને ‘નુકસાન પહોંચાડે છે’, જેમાં તેમણે ચીન, ભારત અને બ્રાઝિલને ઉચ્ચ ટેરિફ લગાવનારા દેશો તરીકે નામ આપ્યું છે.

ટ્રમ્પે સોમવારે ફ્લોરિડા રિટ્રીટમાં હાઉસ રિપબ્લિકન્સને કહ્યું કે ‘‘અમે બહારના દેશો અને બહારના લોકો પર ટેરિફ લગાવવા જઈ રહ્યા છીએ જે ખરેખર આપણને નુકસાન પહોંચાડે છે. ઠીક છે, તેઓ આપણને નુકસાન પહોંચાડે છે, પરંતુ તેઓ મૂળભૂત રીતે તેમના દેશને સારું બનાવવા માંગે છે.’’

ગયા અઠવાડિયે બીજા કાર્યકાળ માટે પ્રમુખ બન્યા પછીનું આ પહેલું ભાષણ હતું. ‘‘જુઓ બીજા શું કરે છે. ચીન, ભારત, બ્રાઝિલ અને ઘણા અન્ય દેશો જબરદસ્ત ટેરિફ બનાવનાર દેશો છે, અને તેથી અમે હવે એવું થવા દેવાના નથી કારણ કે અમે અમેરિકાને પ્રથમ સ્થાન આપવા જઈ રહ્યા છીએ.’’ એમ તેમણે કહ્યું.

તેમણે કહ્યું કે યુએસ એક ખૂબ જ ન્યાયી સિસ્ટમ સ્થાપિત કરશે જ્યાં પૈસા આપણા ખજાનામાં આવશે અને અમેરિકા ફરીથી ખૂબ જ સમૃદ્ધ બનશે અને તે ‘‘ખૂબ જ ઝડપથી’’ થશે.

ટ્રમ્પે ભાર મૂક્યો કે હવે સમય આવી ગયો છે કે અમેરિકા એવી સિસ્ટમમાં પાછા ફરે જેણે તેને ‘‘પહેલા કરતાં વધુ સમૃદ્ધ અને શક્તિશાળી’’ બનાવ્યું.

ગયા અઠવાડિયે તેમના ઉદઘાટન ભાષણનો ઉલ્લેખ કરતા, ટ્રમ્પે કહ્યુંઃ ‘‘વિદેશી રાષ્ટ્રોને સમૃદ્ધ બનાવવા માટે આપણા નાગરિકો પર કર લાદવાને બદલે, આપણે આપણા નાગરિકોને સમૃદ્ધ બનાવવા માટે વિદેશી રાષ્ટ્રો પર કર લાદવો જોઈએ.’’

‘‘અમેરિકન ફર્સ્ટ ઇકોનોમિક મૉડેલ હેઠળ, જેમ જેમ અન્ય દેશો પર ટેરિફ વધશે, તેમ તેમ અમેરિકન કામદારો અને વ્યવસાયો પરના કર ઘટશે અને મોટી સંખ્યામાં નોકરીઓ અને કારખાનાઓ ઘરે પાછા આવશે,’’ એમ તેમણે કહ્યું.

આ અગાઉ, ટ્રમ્પે બ્રિક્સ જૂથ પર ‘‘૧૦૦ ટકા ટેરિફ‘‘ લાદવાની વાત કરી હતી.

પોતાના સંબોધન દરમિયાન, ટ્રમ્પે કંપનીઓને જો તેઓ ટેરિફ ટાળવા માંગતા હોય તો તેમને અમેરિકામાં ઉત્પાદન એકમો સ્થાપવા માટે આવવા કહ્યું. ■

# શ્રીલંકાના નૌકાદળનાં ગોળીબારમાં બે ભારતીય માછીમાર ગંભીર રીતે ઘાયલ

નવી દિલ્હી : શ્રીલંકાના નૌકાદળ દ્વારા મંગળવારે વહેલી સવારે ડેલ્ફ્ટ ટાપુની નજીક ગોળીબારની ઘટનામાં બે ભારતીય માછીમારને ગંભીર ઇજાઓ પહોંચી હતી, જેના કારણે ભારતે આકરી પ્રતિક્રિયા આપી હતી.

ભારતમાં શ્રીલંકાના કાર્યકારી ઉચ્ચ કમિશનરને વિદેશ મંત્રાલયમાં બોલાવવામાં આવ્યા હતા અને ટોચના રાજદ્વારી સમક્ષ આકરો વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. વિદેશ મંત્રાલય અનુસાર, ગોળીબારમાં અન્ય ત્રણ ભારતીય માછીમારને પણ નાની-મોટી ઇજાઓ થઈ હતી. આજે વહેલી સવારે ડેલ્ફ્ટ ટાપુની નજીક ૧૩ ભારતીય માછીમારોની ધરપકડ દરમિયાન શ્રીલંકાના નૌકાદળ દ્વારા ગોળીબારની ઘટનાની જાણ કરવામાં આવી હતી. ‘‘માછીમારી જહાજ પર સવાર ૧૩ માછીમારમાંના બેને ગંભીર ઇજાઓ થઈ છે અને તેઓ હાલમાં જાફના ટીચિંગ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે,’’ એમ તેમાં કહેવામાં આવ્યું છે.

અન્ય ત્રણ માછીમારને નાની ઇજાઓ થઈ છે અને તેમની સારવાર કરવામાં આવી છે, એમ તેમાં ઉમેર્યું હતું. જાફનામાં ભારતીય કોન્સ્યુલેટના અધિકારીઓએ ઘાયલ માછીમારોની હોસ્પિટલમાં મુલાકાત લીધી છે અને માછીમારો અને તેમના પરિવારોને શક્ય તમામ સહાય પૂરી પાડી રહ્યા છે. ■

# વૈષ્ણોદેવી જઇ રહેલી બસ અને ટ્રક વચ્ચે ટક્કર, ૧૩ ઇજાગ્રસ્ત

જમ્મુઃ જમ્મુમાં માતા વૈષ્ણોદેવી મંદિર જઇ રહેલા તીર્થયાત્રીઓની એક બસ મંગળવારે નગરોટામાં એક ઊભા રહેલા ડમ્પર ટ્રક સાથે અથડાતા ૧૩ લોકો ઇજાગ્રસ્ત થયા હતા. અધિકારીઓએ આ જાણકારી આપી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘાયલોમાં ત્રણ બાળકો અને બે મહિલાઓ પણ સામેલ છે. તમામની હાલત સ્થિર હોવાનું કહેવાય છે. પોલીસે જણાવ્યું હતું કે જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પર બસ ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો જેના કારણે આ અકસ્માત સર્જાયો હતો. અધિકારીઓએ જણાવ્યું કે ઘાયલોને સારવાર માટે સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### આજે મહાકુંભમાં

લોકો સંગમમાં આસ્થાની ડૂબકી લગાવશે તેવી અપેક્ષા છે. ઉત્તર પ્રદેશ સરકારે મંગળવારે કહ્યું હતું કે વહીવટીતંત્રે મૌની અમાવસ્યા માટે સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે. મૌની અમાવસ્યા પર ભારે ભીડને ધ્યાનમાં રાખીને મેળા વિસ્તારના દરેક ખૂણા પર સુરક્ષા પગલાં લેવામાં આવ્યા છે અને એઆઇ સક્ષમ સીસીટીવી કેમેરા અને ડ્રોનની મારફતે લોકોની ગતિવિધિઓ પર નજર રાખવામાં આવી રહી છે.

મેળા વિસ્તારને આગામી થોડા દિવસો માટે નો વ્હિકલ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. પ્રયાગરાજ જિલ્લા વહીવટીતંત્રે સ્થાનિક લોકોને ફોર વ્હિલરનો ઉપયોગ ટાળવા અને વરિષ્ઠ નાગરિકોને સંગમમાં લઈ જવા માટે ફક્ત ટુ વ્હિલરનો ઉપયોગ કરવા વિનંતી કરી છે. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર, મકરસંક્રાંતિ (૧૪ જાન્યુઆરી) ના રોજ ૩.૫ કરોડ ભક્તો, સંતો અને કલ્પવાસીઓએ અમૃત સ્નાનમાં ભાગ લીધો હતો. આગામી મૌની અમાવસ્યા પર ૮ થી ૧૦ કરોડ લોકો સ્નાન કરે તેવી શક્યતા છે. મંગળવારે સવારે ૮ વાગ્યા સુધીમાં ૪૫ લાખથી વધુ ભક્તોએ સ્નાન કર્યું હતું. રાજ્ય સરકારે જણાવ્યું હતું કે મૌની અમાવસ્યા નિમિત્તે બુધવારે સવારે ૬:૪૫ વાગ્યે ભક્તો પર ફૂલોનો વરસાદ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

અમૃત સ્નાન (અગાઉ શાહી સ્નાન) એ મહાકુંભ મેળાનો સૌથી પવિત્ર અને સૌથી મોટો સ્નાન ઉત્સવ છે જેમાં વિશ્વભરમાંથી લાખો ભક્તો ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવવા આવે છે. અમૃત સ્નાનનું મુખ્ય આકર્ષણ વિવિધ અખાડાના સાધુઓનું સ્નાન છે. અમૃત સ્નાનની તિથિઓ સૂર્ય, ચંદ્ર અને ગુરુના જ્યોતિષીય સંયોજન પર આધારિત છે અને એવું માનવામાં આવે છે કે તેમના સંયોજનથી પવિત્ર નદીઓની આધ્યાત્મિક શક્તિ વધે છે. એવું પણ માનવામાં આવે છે કે મૌની અમાવાસ્યાના દિવસે પવિત્ર નદીઓનું પાણી અમૃતમાં ફેરવાય છે. મૌની અમાવસ્યા પર સ્નાન પરંપરાગત રીતે મૌન રહીને કરવામાં આવે છે. દરમિયાન, પ્રયાગરાજ જિલ્લા વહીવટીતંત્રે સમગ્ર કુંભ વિસ્તારમાં શાંતિ વ્યવસ્થા જાળવવા માટે મહત્વપૂર્ણ સ્થળોએ પોલીસ દળો તૈનાત કર્યા છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ રવિન્દ્ર કુમાર માંદડે જણાવ્યું હતું કે, વિશ્વભરમાંથી આવતા ભક્તોની અવરજવરને સરળ બનાવવા માટે પ્રયાગરાજના લોકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ટુ-વ્હીલરનો ઉપયોગ કરે અથવા શક્ય હોય તો પગપાળા નીકળે. ભારે ભીડને ધ્યાનમાં રાખીને પ્રયાગરાજમાં ધોરણ એકથી આઠ સુધીની બધી શાળાઓ ૨૮, ૨૯ અને ૩૦ જાન્યુઆરીએ બંધ રહેશે. અલ્હાબાદ હાઈ કોર્ટે પણ મૌની અમાવસ્યા નિમિત્તે રજા જાહેર કરી છે. દર ૧૨ વર્ષે યોજાતો મહાકુંભ મેળો ૧૩ જાન્યુઆરીથી શરૂ થયો હતો અને ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે. આ મેળામાં ૪૦ થી ૫૦ કરોડ લોકો આવે તેવી અપેક્ષા છે.

‘મહાકુંભ’ મેળો માત્ર શ્રદ્ધા અને આસ્થાની દૃષ્ટિએ જ નહિ, પરંતુ આયોજન, સુવિધા, સગવડની દૃષ્ટિએ વિશ્વ માટે દૃષ્ટાંતરૂપ બની રહેશે.

ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમ ખાતે આયોજિત મહાકુંભ મેળા માટે ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથની સરકારે ભવ્ય વ્યવસ્થા કરી છે. મહાકુંભ માટે ‘કુંભનગર’ નામનો કામચલાઉ જિલ્લો જ ઊભો કરાયો છે.

મહાકુંભની શરૂઆત સામાન્ય રીતે સાધુ-સંતો અને નાગા બાવાના વિવિધ અખાડાના શાહી સ્નાનથી કરાઇ હતી.

મહાકુંભના આયોજનમાં સેંકડો કિલોમીટરના વિસ્તારને આવરી લેવાયો છે. આ ક્ષેત્રમાં હૉટેલો, તંબૂઓ, આશ્રમો, ધર્મશાળાઓમાં શ્રદ્ધાળુઓના ઉતારાની વ્યવસ્થા કરાઇ છે. વાહનો ઊભા રાખવાની પણ ખાસ વ્યવસ્થા કરાઇ છે. મંદિરો, ઘાટ, કોરિડોર, પુલ, રસ્તા, અંડરપાસને ભીંતચિત્રોથી શણગારાયા છે. ઉત્તર પ્રદેશ સરકારે ‘કુંભ સહાયક’ ચેટબોટ વિકસાવ્યું છે, જે ગુજરાતી, બંગાળી સહિતની દસથી વધુ ભાષામાં મહાકુંભને લગતી માહિતી આપે છે.

કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે મોટી સંખ્યામાં પોલીસ, અર્ધલશ્કરી દળના જવાનો ગોઠવાયા છે. ગુમ થયેલા લોકો કે માલસામાન શોધી કાઢવા માટે ખાસ પોલીસ ચોકી ઊભી કરાઇ છે. સીસીટીવી કૅમેરા આ મેળામાં ભાગ લેવા આવનારા લોકોની ગણતરી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (કૃત્રિમ બુદ્ધિમત્તા)ની મદદથી કરાઇ રહી છે અને નજર રખાઇ રહી છે.

ડૉક્ટરો, એમ્બ્યુલન્સ સાથેની મેડિકલ ટીમ પણ ૨૪ કલાક ઉપલબ્ધ છે.

આગ જેવી દુર્ઘટના ન બને તે માટે ખાસ તકેદારી રખાઇ છે. કોઇ પણ દુર્ઘટનાનો સામનો કરવા માટે અગ્નિશામક દળના જવાનો મોટી સંખ્યામાં તૈયાર રખાયા છે.

પૂર્ણ કુંભમેળો દર બાર વર્ષે પ્રયાગરાજમાં યોજાય છે. આ વખતે બાર પૂર્ણ કુંભ પૂરા થઇ રહ્યા હોવાથી ૧૪૪ વર્ષે ‘મહાકુંભ’ યોજાઇ રહ્યો છે. પ્રયાગરાજમાં મહાકુંભના પ્રારંભ પહેલાં નાગા બાવાઓ (સાધુઓ)ના વિવિધ અખાડાએ ઊંટ, ઘોડા પર સવારી કરીને નાચતા ગાતા સરઘસ પણ કાઢ્યા હતા. અમુક લોકોએ આગ સાથેના અદ્ભુત કરતબ પણ બતાવ્યા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના માસિક પ્રવચન ‘મન કી બાત’માં અને પ્રવાસી ભારતીય દિવસના સંમેલનમાં લોકોને ‘મહાકુંભ’ની મુલાકાત લેવા અનુરોધ કર્યો હતો.

ઉત્તર પ્રદેશ સરકારે ‘મહાકુંભ’માં મોટી સંખ્યામાં આવનારા લોકોને ધ્યાનમાં રાખીને સફાઇની ખાસ વ્યવસ્થા કરી છે. સેંકડો મોબાઇલ ટોઇલેટ પણ ગોઠવાયા છે.

નદીના ધસમસતા પ્રવાહમાં ડૂબતા લોકોને બચાવવા માટે ખાસ તરવૈયા તૈયાર રખાયા છે.

રેલવે અને અનેક રાજ્યની એસટી પણ વધારાની ટ્રેનો અને બસો દોડાવી રહ્યા છે.

મેળાના સ્થળે અંદાજે દોઢ લાખ તંબૂ ઊભા કરાયા છે. ૧૪ રોડ ઓવર-બ્રિજ અને ફ્લાયઓવર વિકસાવાયા છે. ૧૨ કિલોમીટરના કામચલાઉ ઘાટ બનાવાયા છે. આઠ કિલોમીટરના રિવરફ્રન્ટ રોડનું નિર્માણ કરાયું છે. ગિરદી પર નજર રાખવા માટે ૨,૭૫૦ કૅમેરા ગોઠવાયા છે. દિવસના ૨૪ કલાક માટેનો નિયંત્રણકક્ષ ઊભો કરાયો છે. પંદર હજાર સફાઇ કર્મચારી સતત સફાઇ કરશે. અઢી હજાર ‘ગંગા દૂત’ને પણ ફરજ પર રખાયા છે.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે અમને મહાકુંભથી રાજ્ય માટે રૂપિયા બે લાખ કરોડનો વેપાર થવાની આશા છે.

પ્રયાગરાજમાં અનેક જાહેરસ્થળે ભીંતચિત્રો દોરાયા છે અને હોર્ડિંગ્સ, એલઇડી સ્ક્રીન મુકાયા છે. મહાકુંભમાં મોટી સંખ્યામાં આવનારા લોકોને ધ્યાનમાં રાખીને અનેક મોટી કંપનીએ પણ પોતાના ઉત્પાદનો વેચવા અહીં દુકાનો, સ્ટોલ શરૂ કર્યા છે. ■

### શનિવારે બજેટ

શુક્રવારે આર્થિક સર્વે રજૂ કરશે. રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા માટે લોકસભાએ અસ્થાયી રીતે બે દિવસ (૩-૪ ફેબ્રુઆરી) ફાળવ્યા છે, જ્યારે રાજ્યસભાએ ચર્ચા માટે ત્રણ દિવસ નક્કી કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૬ ફેબ્રુઆરીએ રાજ્યસભામાં ચર્ચાનો જવાબ આપે તેવી અપેક્ષા છે.

સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજૂએ બજેટ સત્રની સારી રીતે કામગીરી સુનિશ્ચિત કરવા માટે ૩૦ જાન્યુઆરીએ સંસદમાં રાજકીય પક્ષોના નેતાઓની બેઠક બોલાવી છે. બજેટ સત્રના પહેલા ભાગમાં ૩૧ જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી સુધી નવ બેઠકો યોજાશે. ૧૦ માર્ચથી ફરી બેઠક યોજાશે જેમાં વિવિધ મંત્રાલયોની ગ્રાન્ટની માગણીઓ પર ચર્ચા કરવામાં આવશે અને બજેટ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. આ સત્ર ૪ એપ્રિલે સમાપ્ત થશે. સમગ્ર બજેટ સત્રમાં ૨૭ બેઠકો હશે. ■

### મહાકુંભ જતી ટ્રેન

મહાકુંભ દરમિયાન સંગમમાં ડૂબકી લગાવવા જઈ રહ્યા હતા, પરંતુ દરવાજા અને બારીઓ બંધ હોવાથી તે પ્રયાગરાજ જતી ટ્રેનમાં ચઢી શક્યા નહીં.

તેમણે કહ્યું કે લોકોએ હોબાળો મચાવ્યા બાદ સરકારી રેલવે પોલીસ (જીઆરપી) ના કર્મચારીઓએ છતરપુર ખાતે એક ટ્રેનના દરવાજા ખોલ્યા હતા પરંતુ ટ્રેનમાં પહેલેથી જ ભીડ હોવાથી ઘણા લોકો તેમાં ચઢી શક્યા નહીં. ઝાંસી રેલવે ડિવિઝનના જનસંપર્ક અધિકારી મનોજ કુમાર સિંહે જણાવ્યું હતું કે છતરપુર અને હરપાલપુર રેલવે સ્ટેશનો પર ટ્રેનોમાં ચઢવા અંગેના વિવાદનો મામલો તેમના ધ્યાનમાં આવ્યો છે. તેમણે કહ્યું કે, રેલવે, સ્થાનિક વહીવટીતંત્ર સાથે સંકલનમાં રહીને કડક સુરક્ષા વ્યવસ્થા કરશે જેથી આવી ઘટનાઓ ફરી ન બને.

સિંહે કહ્યું કે (પ્રયાગરાજ માટે) ટ્રેનો સતત ચલાવવામાં આવી રહી છે અને જો જરૂર પડશે તો માગ મુજબ ખાસ ટ્રેનો પણ ચલાવવામાં આવશે. વહીવટીતંત્ર મુસાફરો પાસેથી સહયોગની અપેક્ષા રાખે છે. નોંધનીય છે કે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન પવિત્ર સ્નાન માટે મોટી સંખ્યામાં ભક્તો સંગમ જઈ રહ્યા છે. મહાકુંભ ૨૦૨૫માં છેલ્લા ૧૭ દિવસમાં ૧૫ કરોડથી વધુ લોકોએ સંગમમાં સ્નાન કર્યું છે અને બુધવારે મૌની અમાવસ્યા પર બીજા ૧૦ કરોડ લોકો ગંગામાં સ્નાન કરે તેવી અપેક્ષા છે. ■

### યુપીમાં જૈનોના

ગયા હતા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પંકજ વર્માએ પીટીઆઈને જણાવ્યું હતું કે સારવાર દરમિયાન વધુ બે લોકોનાં મોત થયાં છે, જેના કારણે મૃત્યુઆંક આઠ થયો છે. તેમણે કહ્યું કે ૩૯ લોકો હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. ઘટનાને નજરે જોનારા કેટલાક લોકોએ દાવો કર્યો હતો કે ઘાયલોને તાત્કાલિક તબીબી સહાય મળી શકી ન હતી. ઇજાગ્રસ્તોને ઇ-રિક્ષામાં હોસ્પિટલમાં લઇ જવા પડ્યા હતા કારણ કે એમ્બ્યુલન્સ ઉપલબ્ધ ન હતી.

પોલીસ અધિક્ષક અર્પિત વિજયવર્ગીયએ જણાવ્યું હતું કે કાર્યક્રમ માટે આયોજકો દ્વારા પરવાનગી લેવામાં આવી હતી. અમે ઘટનાની તપાસ કરી રહ્યા છીએ. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જિલ્લા વહીવટી અધિકારીઓને ઘાયલોની યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો અને તેમના ઝડપી સ્વસ્થ થવાની પણ કામના કરી હતી. ■

# રાજયના ૨.૯૮ લાખથી વધુ ખેડૂતો પાસેથી ₹ ૬,૭૦૦ કરોડના મૂલ્યની ૧૦ લાખ મેટ્રિક ટન મગફળી ખરીદાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતભરમાં અત્યારે મગફળી અને સોયાબીન સહિતના ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી પૂરવેગે ચાલી રહી છે. ભારત સરકાર દ્વારા ખરીફ પાકોનું વાવેતર થાય તે પહેલા જ ટેકાના ભાવ જાહેર કરાયા હતા. ટેકાના ભાવ બજાર ભાવથી વધુ હોવાથી ગુજરાતના ખેડૂતો મગફળી સહિતના ખરીફ પાકોનું ટેકાના ભાવે વેચાણ કરી રહ્યા છે. પરિણામે આ ખરીફ સીઝન દરમિયાન ગુજરાતમાં સરકાર દ્વારા મગફળીની અત્યાર સુધીની સૌથી રેકોર્ડબ્રેક ખરીદી કરવામાં આવી છે.

કૃષિ પ્રધાન રાઘવજી પટેલે આ અંગે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ વર્ષે મગફળી પાકનું કુલ ૧૮.૮૦ લાખથી વધુ હેકટરમાં રેકોર્ડબ્રેક વાવેતર થયું હતું, જે ગત વર્ષની સરખામણીએ ૨.૫ લાખ હેક્ટર વધુ હતું. ગુજરાતના ખેડૂતોને તેમના મબલખ ઉત્પાદિત પાકોના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલે બનાસકાંઠા ખાતેથી રાજ્યભરમાં ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ કરાવ્યો હતો.

ભારત સરકાર દ્વારા મગફળી માટે રૂ. ૬,૭૮૩ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૩૫૬.૬૦ પ્રતિ મણ) ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો હતા. જેથી મગફળી પાકના વેચાણ માટે રાજ્યના ૩.૭૨ લાખથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી હતી. અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા ૧૯૭ ખરીદ કેન્દ્રો ખાતેથી ૨.૯૮ લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૬,૭૦૦ કરોડથી વધુના મૂલ્યની કુલ ૧૦ લાખ મેટ્રિક ટન જેટલી મગફળીની ખરીદી કરવામાં આવી છે. જે પૈકી આશરે ૨.૩૨ લાખ ખેડૂતોને રૂ. ૫,૧૭૨ કરોડથી વધુનું ચૂકવણું પણ સીધું તેમના બેંક ખાતામાં કરી દેવામાં આવ્યું છે. ગુજરાતમાં પ્રથમવાર ખેડૂતોને ખરીદીના તુરંત બાદ આટલી ઝડપથી ચૂકવણું કરવામાં આવી રહ્યું છે.

કૃષિ પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, ભારત સરકારે સોયાબીન માટે રૂ. ૪,૮૯૨ પ્રતિ ક્વિન્ટલ (રૂ.૯૭૮.૪૦ પ્રતિ મણ) ટેકાનો ભાવ જાહેર કર્યો છે. જેના પરિણામે ટેકાના ભાવે સોયાબીનના વેચાણ માટે રાજ્યના કુલ ૨૪,૮૦૦થી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી હતી. અત્યાર સુધીમાં કુલ ૮૮ ખરીદ કેન્દ્રો પરથી આશરે ૨૦,૫૦૦થી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૨૫૨ કરોડથી વધુના મૂલ્યની કુલ ૫૧,૪૦૦ મેટ્રિક ટનથી વધુ સોયાબીનની ખરીદી કરવામાં આવી છે. જે પૈકી આશરે ૧૭,૦૦૦ જેટલા ખેડૂતોને રૂ. ૨૧૦ કરોડથી વધુનું ચૂકવણું પણ કરી દેવામાં આવ્યું છે. રાજ્યના અનેક તાલુકાઓમાં નોંધાયેલા તમામ ખેડૂતો પાસેથી ખરીફ પાકોની ખરીદી પૂર્ણ થઇ છે. જ્યારે, બાકીના ખરીદ કેન્દ્રો ખાતે નોંધાયેલા ખેડૂતો પાસેથી ખરીફ પાકોની ખરીદી પૂરવેગે ચાલી રહી છે. બાકીના તમામ ખેડૂતો પાસેથી આગામી તા. ૮ ફેબ્રુઆરી સુધીમાં ખરીદી પૂર્ણ કરવામાં આવશે, તેવી તેમણે ખાતરી આપી હતી.

# દુષ્કર્મ કેસમાં દોષિત આસારામની ૧૨ વર્ષે અમદાવાદમાં એન્ટ્રીઃ મોટેરા આશ્રમમાં પોલીસ બંદોબસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજસ્થાનની જોધપુર જેલમાં સજા કાપી રહેલા આસારામનો જામીન પર છુટકારો થયા બાદ અમદાવાદના મોટેરા આશ્રમમાં ૧૨ વર્ષે તેની એન્ટ્રી થઈ હતી. સગીરા પર દુષ્કર્મ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામને તબીબી આધાર પર સુપ્રીમ કોર્ટે ૩૧ માર્ચ સુધીના વચગાળાના શરતી જામીન આપ્યા છે.

જામીનમાં સ્પષ્ટ શરત છે કે, આસારામ પોતાના અનુયાયીઓને મળી શકશે નહીં. તેમ છતાં તેના સાધકોને જાણ થતાં તેઓ આશ્રમમાં ઊમટી પડ્યા હતા. આશ્રમમાં સ્થિતિ વણસે નહીં તે માટે પોલીસ પણ એલર્ટ બની હતી અને રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ શરૂ કર્યું છે.

મળતી માહિતી મુજબ, આસારામને જ્યારે જામીન મળ્યાં ત્યારે તેના અમદાવાદ આવવાની અટકળો વધી હતી. તેમાં પણ ખાસ કરીને આસારામ આશ્રમમાં અગાઉ અનેક વિવાદ જેમ કે, દીપેશ-અભિષેકના અપમૃત્યુ કેસ, ત્યારબાદ દુષ્કર્મ જેવા બનાવોની ફરિયાદ અને ત્યારબાદ આસારામ આશ્રમ તેના સાધકોના કારણે વિવાદમાં રહી ચૂક્યા છે. આખી તપાસ દરમિયાન અનેક વિવાદો સપાટી પર આવ્યા હતા. ત્યારે વચગાળાના મળેલા જામીન દરમિયાન આસારામ કોઈ નવો વિવાદ ન છેડે તે માટે ચાંદખેડા પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આસારામને એપ્રિલ ૨૦૧૮માં જોધપુરના આશ્રમમાં સગીર બાળકી સાથે બળાત્કારના કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો. જોધપુર કોર્ટે આસારામને આજીવન કેદની સજા ફટકારી હતી. આ પછી એપ્રિલ ૨૦૧૯માં સુરત કોર્ટે નારાયણ સાંઈને બળાત્કારનો દોષી ઠેરવ્યો હતો. નારાયણ સાંઈને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. તેને પાંચ લાખ રૂપિયાનો દંડ ભરવાનો આદેશ કર્યો હતો. આ સાથે જ હવે ગાંધીનગર કોર્ટે આસારામને દોષિત ઠેરવ્યા હતા અને તેમને આ કેસમાં આજીવન કેદની સજા ફટકારી હતી.

# વાપી ભાજપના નેતાની હત્યાનો ભેદ ઉકેલાયોઃ હત્યાકાંડના શાર્પશૂટરની ઉત્તર પ્રદેશથી ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વાપી તાલુકાના ભાજપના ઉપપ્રમુખ શૈલેષ પટેલની હત્યાના બહુચર્ચિત કેસમાં પોલીસને સફળતા મળી હતી. લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે ભાજપના ઉપપ્રમુખ શૈલેષ પટેલની હત્યાના મુખ્ય શાર્પશૂટર અજય ઉર્ફે ગુડ્ડુ સતિરામ યાદવની ઉત્તર પ્રદેશથી ધરપકડ કરી લીધી હતી. આરોપીએ બે અન્ય શાર્પશૂટર્સ સાથે મળીને અંદાજે ૧૮ લાખ રૂપિયાની સોપારી લઈને શૈલેષ પટેલની હત્યાને અંજામ આપ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર ગત ૮મી મે ૨૦૨૩ના રોજ વાપીના રાતા કોપરલી રોડ પર રાતા શિવ મંદિરની સામે વાપી તાલુકા ભાજપના ઉપપ્રમુખ શૈલેષ પટેલ પર ફાયરિંગ કરીને હત્યા કરી દેવામાં આવી હતી. ભાજપના ઉપપ્રમુખ શૈલેષ પટેલ પરિવાર સહિત પરિવાર સાથે મંદિરમાં દર્શન કરવા ગયા હતા તે સમયે ત્રણ ઈસમો ફાયરિંગ કરીને ફરાર થઈ ગયા હતાં.

હત્યાના આ ચકચારી બનાવ બાદ સમગ્ર જિલ્લામાં ભારે ચર્ચાઓ જાગી હતી. આ મામલે સ્થાનિક જિલ્લાનું રાજકારણ પણ ગરમાયું હતું. હત્યાની ફરિયાદ નોંધીને વલસાડ જિલ્લા પોલીસે મૃતક શૈલેષ પટેલની હત્યાનું કાવતરું રચનાર અને આ હત્યાના માસ્ટર માઇન્ડ શરદ પટેલ સહિત ૮ ઈસમોની ધરપકડ કરી હતી. પરંતુ આ હત્યાના મુખ્ય ત્રણ શાર્પશૂટરોમાંથી ૨ શાર્પશૂટર વૈભવ યાદવ અને દિનેશ ગૌંડની વાપી પોલીસે ઉત્તર પ્રદેશથી ધરપકડ કરી હતી. ત્યારબાદ આ હત્યાકાંડના મુખ્ય શાર્પશૂટર અજય ઉર્ફે ગુડ્ડુ સતિરામ યાદવને ઉત્તર પ્રદેશથી દબોચી લેવામાં આવ્યો હતો. તાજેતરમાં જ ઉત્તર પ્રદેશ પોલીસે આંબેડકર નગર જિલ્લામાં લૂંટ અને હત્યા જેવા ગુનામાં આરોપી ધરપકડ અજય યાદવની ધરપકડ કરી હતી. ત્યારબાદ વલસાડ લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમ આ મુખ્ય શાર્પશૂટર અજય યાદવની ટ્રાન્સફર વોરંટથી વાપી લઈ આવી હતી અને પોલીસે તેના ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.

આ દરમિયાન ડીવાયએસપી બી.એન. દવે સહિત અન્ય અધિકારીઓની હાજરીમાં ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું.

# ખ્યાતિ હૉસ્પિટલ કાંડના મુખ્ય આરોપીના રિમાન્ડ પૂર્ણઃ પૂછપરછમાં અનેક મોટા ખુલાસા થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખ્યાતિ હૉસ્પિટલ કાંડના મુખ્ય આરોપી કાર્તિક પટેલના રિમાન્ડ પૂર્ણ થતાં તેને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કાર્તિક પટેલની પૂછપરછ દરમિયાન તેણે મગરનાં આસું પાડ્યા હતા અને મારી જિંદગીની મોટી ભૂલ થઈ ગઈ તેમ કહ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ત્રણેય આરોપીઓનું અલગ અલગ ઈન્ટ્રોગેશન કર્યું ત્યારે કાર્તિક રાહુલ અને ચિરાગે આપેલા તમામ નિવેદન નકારી કાઢ્યા હતા. જે બાદ ત્રણેય આરોપીઓને સાથે બેસાડીને પૂછપરછ કરતાં કાર્તિકની પોલ ખૂલી પડતાં તેણે તમામ વાતો સ્વીકારી હતી.

કાર્તિક પટેલના રિમાન્ડ દરમિયાન ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો. જેમાં કાર્તિક પટેલે ૨૦૨૪માં હૉસ્પિટલના નામે લોન લઇ બીજે વાપરી હતી. તેમજ બોગસ દર્દી ઊભાં કરી ખોટા બિલ બનાવ્યા હતા. કાર્તિક પટેલની થોડા દિવસ પહેલા ધરપકડ બાદ હાલ તપાસમાં વેગ આવ્યો છે.

કાર્તિક પટેલને સાથે રાખીને ક્રાઈમ બ્રાન્ચે બોપલ-આંબલી રોડ પરથી ઑફિસમાં તપાસ કરીને ૭ ફાઇલ, ચેક તેમજ પાસબુક કબજે કરી હતી. આ ઉપરાંત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે બેંક એન્ટ્રીઓ, નાણાકીય વ્યવહારની તપાસ કરાવી હતી. જેમાં આરોપી કાર્તિક પટેલ અને ચિરાગ રાજપૂતે ૩૦ લાખના ખોટા બિલ બનાવ્યા હોવાનો પણ ખુલાસો થયો હતો.

આ બંનેએ સાથે મળીને ખોટા દર્દીઓ ઊભા કર્યા હતા. તેમજ દવાના ખોટા બિલો બનાવી સરકારમાં રજૂ કર્યા હતા અને રૂપિયા પડાવ્યા હતા. કાર્તિક પટેલે ૨૦૨૩માં હોસ્પિટલના નામે રૂ. ૨૨ કરોડની લોન લીધી હતી. રૂપિયા તેણે અન્ય જગ્યાએ વાપર્યા હતા.

કાર્તિક પટેલ, ચિરાગ રાજપૂત અને રાહુલ જૈન પીએમજેએવાયમાંથી રૂપિયા કમાવવા સુઆયોજિત કાવતરું ઘડતા હતા. કાર્તિક આરોગ્ય વિભાગના જનરલ મેનેજર ડો. શૈલેષ આનંદ સાથે મીટિંગ કરીને ચિરાગ રાજપૂતની ઓળખાણ કરાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે કડીના બોરીસણા ગામે ખ્યાતિ હોસ્પિટલ દ્વારા ફ્રી કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાંથી ૧૯ દર્દીને ખ્યાતિ હોસ્પિટલમાં સારવાર માટે બોલાવાયા હતા. અહીં તમામ દર્દીઓની તેમને પૂછ્યા વિના જ એન્જિયોપ્લાસ્ટી કરીને સ્ટેન્ટ મૂકી દેવાયા હતા. સ્ટેન્ટ મૂક્યા બાદ ૭૦ વર્ષના સેનમ નાગરભાઈ મોતીભાઈ અને ૫૦ વર્ષના બારોટ મહેશભાઈ ગિરધરભાઈ નામના દર્દીનું મોત નિપજ્યું હતું. જેના કારણે પરિવારજનોએ હોબાળો મચાવતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. આ મામલે પ્રથમ ડોક્ટર વઝીરાણી બાદ ખ્યાતિ કાંડમાં માસ્ટરમાઇન્ડ એવા સીઈઓ રાહુલ જૈન અને ચિરાગ રાજપૂત સાથે માર્કેટિંગ મેનેજર મિલિંદ પટેલ પણ ઝડપાયા હતા. થોડા દિવસ પહેલા ડાયરેક્ટર કાર્તિક પટેલ અમદાવાદ એરપોર્ટ પરથી ઝડપાયો હતો.

# અમદાવાદના ધોળકામાંથી ૫૦ કરોડનું ડ્રગ્સનું ૫૦૦ કિલો રો મટીરિયલ જપ્ત

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા થોડા વર્ષોમાં ડ્રગ્સની તસ્કરી વધી છે, રાજ્યના મોટા શહેરોમાંથી ડ્રગ્સનો જથ્થો ઝડપાતો રહે છે, જો કે હવે તો ગ્રામીણ વિસ્તારોમાંથી પણ ડ્રગ્સ ઝડપાઈ રહ્યો છે. અમદાવાદના ધોળકામાંથી ડ્રગ્સનું ગોડાઉન પકડાયું હતું. ગુજરાત એટીએસએ ગોડાઉનમાંથી લગભગ ૫૦ કરોડનું ડ્રગ્સ પકડી પાડ્યું હતું. ગુજરાત એટીએસની ટીમે ધોળકાના પુલેન ચોકડી વિસ્તારમાંથી લગભગ ૫૦ કરોડનું ડ્રગ્સ પકડી પાડ્યું છે. ધોળકાના પુલેન સર્કલ વિસ્તારમાં આવેલા દેવમ ઇન્ડસ્ટ્રીયલ પાર્કના ગોડાઉન નંબર ૫૪માંથી આશરે ૫૦ કરોડની માતબર રકમનું ડ્રગ્સ ગુજરાત એટીએસએ ઝડપી પાડ્યું હતું. ડ્રગ્સ બનાવવાનું અંદાજે ૫૦૦ કિલો રો મટીરિયલ હોવાનું અનુમાન છે. ગુજરાત એટીએસની ટીમે ડ્રગ્સનું ગોડાઉન ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાત એટીએસએ આખી રાત ધોળકામાં તપાસ હાથ ધરી હતી અને રો મટીરિયલના અલગ અલગ સેમ્પલો પણ લેવામાં આવ્યા હતા. આસપાસના દુકાનદારો અનુસાર છેલ્લા ત્રણ ચાર મહિનાથી આ ગોડાઉન બંધ હાલતમાં હતું અને પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવતા મોટી સંખ્યામાં ડ્રગ્સનું રો મટીરિયલ ઝડપાયું હતું.

# રાજયમાં છેલ્લા એક દાયકામાં ૩.૯૬ લાખ કરોડ વિદેશી અને ૧૮.૪૬ લાખ કરોડનું સ્થાનિક રોકાણ આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં દેશના જીડીપીમાં નોંધપાત્ર ૮.૨૦ ટકાના યોગદાન સાથે ભારતના આર્થિક વિકાસમાં મુખ્ય ફાળો આપનાર રાજ્ય બન્યું છે. વર્ષ ૨૦૧૫માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ વ્યાપાર કરવામાં વધુ સરળતા રહે તે માટે પ્રથમવાર બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાનની પહેલ કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને રાજ્યમાં વ્યવસાય કરવામાં અનુકૂળતા રહે તે માટે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ હેઠળ સ્ટેટ / યુટીરેન્કિંગ/એસેસમેન્ટની શરૂઆત કરવામાં આવી હતી. ગુજરાત સરકારના વ્યવસાય અને પ્રજાલક્ષી અભિગમના ફળસ્વરૂપે રાજ્યમાં છેલ્લા એક દાયકામાં એટલે કે વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૪ દરમિયાન અંદાજે કુલ રૂ. ૩.૯૬ લાખ કરોડનું વિદેશી તેમજ રૂ. ૧૮.૪૬ લાખ કરોડનું સ્થાનિક રોકાણ આવ્યું હતું.

ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ હેઠળ સિંગલ વિન્ડો પોર્ટલ ઈન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ વિકસાવનારૂ ગુજરાત દેશનું અગ્રણી રાજ્ય બન્યું છે. જે પોર્ટલના માધ્યમથી ઉદ્યોગકારો અને વેપારજગત સાથે સંકળાયેલા વ્યવસાયકારોને એક જ ઓનલાઈન પોર્ટલ દ્વારા વ્યવસાયિક મુખ્ય સેવાઓ મળી રહે છે. ઈન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ પર રાજ્યના ૧૮ જેટલા વિભાગો સંબંધિત ૨૦૦થી વધુ બિઝનેસ સેન્ટ્રીક સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે, જે અંતર્ગત અત્યાર સુધીમાં ૨૦ લાખથી વધુ અરજીઓ પર પ્રક્રિયા કરવામાં આવી છે.

ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ, મંત્રાલય હેઠળ કાર્યરત ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ દ્વારા ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેન્કિંગમાં ગુજરાતને દેશમાં ટોપ એચિવર તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. વ્યવસાયકારો અને નાગરિકો પર કમ્પ્લાયન્સ બોજ ઘટાડવા માટે રિફોર્મના અમલીકરણમાં ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે. રાજ્ય સરકારે અત્યાર સુધીમાં ૨,૬૫૨ બિઝનેસ સેન્ટ્રીક તથા ૨૯૪ સિટિઝન સેન્ટ્રીક કમ્પ્લાયન્સીસ સાથે કુલ ૨,૯૪૬ કમ્પ્લાયન્સીસનો બોજ ઘટાડ્યો છે. જેમાં, ઉદ્યોગ સાહસિકોને લગતા ગૌણ અપરાધો માટે જેલની સજાની જોગવાઇઓને દૂર કરવા માટે ૨૦૮ જોગવાઈઓનું ડિક્રિમિનલાઇઝેશન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારે ૯ જેટલા શ્રમ કાયદાઓને ડિક્રિમીનલાઇઝ કર્યા છે. તાજેતરમાં રાજ્ય સરકારે પ્રોફેશનલ ટેક્સ સ્લેબના ત્રણ સ્લેબમાંથી સિંગલ સ્લેબમાં સરળીકરણ કર્યુ છે. નવા પ્રોફેશનલ ટેક્સ પ્રમાણે દર મહિને રૂ. ૧૨,૦૦૦થી ઓછી આવકવાળાને ટેક્સ ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે.

ગુજરાતે શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ લાયસન્સના રિન્યુઅલની જરૂરિયાતને દૂર કરી છે. જેથી વ્યવસાયકારો માત્ર એક વખતની નોંધણી દ્વારા જ લાઇસન્સ મેળવી શકે છે. રાજ્ય સરકારે ઉદ્યોગો માટે ઇન્ડસ્ટ્રીઝ સેલ્ફ-સર્ટિફિકેશન યોજના રજૂ કરી છે, જે ૧૪ જેટલા શ્રમ અધિનિયમો તેમજ નિયમોમાં લાગુ પડે છે. જેથી ઉદ્યોગો વિવિધ ઇન્સ્પેક્શન માટે સ્વ-પ્રમાણપત્ર પ્રદાન કરીને ૫ વર્ષના સમયગાળા માટે નિરીક્ષણમાંથી મુક્તિ મેળવી શકે છે.

ગુજરાત સરકાર દ્વારા ૮ કરોડથી વધુ હેન્ડ-રિટર્ન જમીન રેકર્ડ અને ૨.૪૩ કરોડ હેન્ડ-રિટર્ન મ્યુટેશન એન્ટ્રીઓ રેકર્ડ ઓફ રાઈટ્સમાં કોમ્પ્યુટરાઇઝડ કરી છે.

# બિનઆરોગ્યપ્રદ ખાદ્ય સામગ્રી વેચતી ગાંધીનગરની ત્રણ હોટલોને ૨,૬૦,૦૦૦નો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બિનઆરોગ્યપ્રદ ખાદ્ય સામગ્રી વેચતી હોટલોની વિરુદ્ધ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. ગાંધીનગર મહાનગરપાલિકા અને ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા ત્રણ પેઢી વિરુદ્ધ કાર્યવાહી કરીને ૨,૬૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો.

ગાંધીનગર મહાનગરપાલિકાની પ્રજાને ગુણવત્તાયુક્ત આહાર મળી રહે તે હેતુથી ફુડ સેફ્ટી વિભાગ, ગાંધીનગર મહાનગરપાલિકા તેમજ ગાંધીનગર જિલ્લાની ફૂડ ટીમ દ્વારા સમયાંતરે વિવિધ ખાદ્યચીજોના નમુના લેવામાં આવ્યા હતા. તે નમૂના નાપાસ થયેલી પેઢીના વિરુદ્ધમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જે અન્વયે ત્રણ પેઢીઓને એડજ્યુડીકેટિંગ ઓફિસર અને અધિક જિલ્લા કલેકટર સમક્ષ દાખલ કરેલ જે બાબતે નામ.કોર્ટ દ્વારા પેઢીનાં જવાબદારોને દોષિત ઠેરવીને ૨,૬૦,૦૦૦નો દંડ કરવાનો હુકમ કર્યો હતો.

આ ત્રણ પેઢીમાં ગાંધીનગરના કુડાસણની ગ્રીનલેન્ડ રેસ્ટોરેન્ટ એન્ડ કેફેને ૧,૦૦,૦૦૦, સોરઠ કાઠિયાવાડી ઝાયકોને ૮૦,૦૦૦ તેમજ ઉમિયા સ્વીટ્સને ૮૦,૦૦૦ નો દંડ ફટકાર્યો હતો.

# પાટણની સિદ્ધપુર જીઆઈડીસીમાં ફૂડ વિભાગનો દરોડોઃ ભેળસેળયુક્ત ૮૨૧૯ કિલો તેલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં લેભાગુ વેપારીઓ નફો રળવા ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોનું વેચાણ કરી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યા છે. પાટણની સિદ્ધપુર જીઆઈડીસીમાં ફૂડ વિભાગ ત્રાટક્યું હતું.

તપાસમાં શંકાસ્પદ તેલનો મોટો જથ્થો ઝડપાયો હતો. મેટ્રો ઓઇલ મિલમાં એસઓજી અને ફૂડ વિભાગે બાતમીના આધારે રેડ પાડી હતી.રેડ દરમિયાન અલગ અલગ બ્રાન્ડના ૮૨૧૯ કિલો તેલનો કુલ રૂ.૯,૮૧,૨૮૭ જથ્થો સીઝ કર્યો હતો. તેલમાં મિલાવટ કરવા માટેનું લિક્વિડ પણ મળી આવ્યું હતું. આરોપી બહારથી તેલના ટેન્કર મંગાવી અલગ અલગ બ્રાન્ડમાં પેકિંગ કરતો હતો. જીઆઇડીસીમાં આવેલા ૧૩૩, ૧૩૪ અને ૧૩૫ નંબરના ગોડાઉનમાં તેલનું ભેળસેળ કરી વેચાણ કરતો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ સિદ્ધપુર જીઆઈડીસીમાં થોડા સમય પહેલા ઘીની નકલી ફેક્ટરી પકડાઈ હતી. જે બાદ નકલી તેલની ફેકટરી પકડાતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો.

એસઓજી અને ફૂડ વિભાગની રેડમાં તેલની ચાર ટેન્ક મળી આવી હતી. અલગ-અલગ બ્રાન્ડનું ૧૦,૫૦૦ લિટર શંકાસ્પદ તેલ મળી આવ્યું હતું. ગોડાઉનમાંથી શંકાસ્પદ તેલ બનાવવાની સાધન સામગ્રી ઝડપાઈ હતી. કુલ રૂપિયા ૨૦,૩૧,૬૫૦નો શંકાસ્પદ તેલનો જથ્થો એસઓજી અને ખાદ્ય વિભાગે સિઝ કર્યો હતો. તેલમાં ભેળસેળ માટેનું રો-મટીરિયલ પણ વિપુલ માત્રામાં મળી આવતા ટીમ ચોંકી ઊઠી હતી. વિટામિન એ અને વિટામિન ડીનું કન્સ્ટ્રનટ્રેડ લિક્વિડ પણ મળી આવ્યું હતું. શંકાસ્પદ તેલના સેમ્પલ લઈને એફએસએલ માટેની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# વિરમગામમાં જીવલેણ હુમલામાં શિક્ષકનું મોતઃ વેવાણ સાથેના પ્રેમસબંધમાં આવ્યો કરુણ અંજામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિરમગામમાં રાત્રિના સમયે શિક્ષક પર જીવલેણ હુમલો કરીને હત્યા કરી દેવામાં આવી હતી. શિક્ષકની હત્યાના બનાવથી સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. હત્યાની ઘટના બાદ પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસનો ભેદ ઉકેલી કાઢ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં હત્યાનું કારણ શિક્ષકના વેવાણ સાથેના પ્રેમસબંધને માનવામાં આવી રહ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર વિરમગામમાં રહેતા અને વિરમગામની જે.જે.શાહ શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા નરેશ ચાવડા પર હુમલો કરીને તેની હત્યા કરવામાં આવી હતી. તેમની હત્યાની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. રાત્રિના સમયે વિરમગામ-માંડલ રોડ પર પેટ્રોલ પંપ નજીક પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક એક કાર ધસી આવી હતી અને હથિયાર વડે શિક્ષક પર જીવલેણ હુમલો કર્યો હતો અને ત્યારબાદ હુમલાખોર ફરાર થઈ ગયા હતા. હુમલામાં શિક્ષક ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા શિક્ષકને ઘટનાસ્થળ પર હાજર લોકોએ સારવાર અર્થે તાત્કાલિક અમદાવાદ ખાતે હોસ્પિટલમાં ખસેડયા હતા. જો કે સારવાર દરમિયાન જ ઘાયલ શિક્ષકનું મોત થયું હતું. ઘટનાની જાણ બાદ વિરમગામ પોલીસે તપાસ હાથ ધરી હતી અને ઘટનાસ્થળ પર હાજર લોકોની પૂછપરછ કરી હતી. બાદમાં પોલીસે ઘટનાસ્થળ નજીકના સીસીટીવીની તપાસ કરી હતી.

પોલીસની તપાસમાં સામે આવ્યું હતું કે શિક્ષકને તેના વેવાણ હર્ષાબહેન સાથે પ્રેમસંબંધ હોય તેનાથી નારાજ થઈને વેવાઈ હર્ષાબહેનના પતિ કલાભાઈ ગોહિલ તેમજ તેમના મિત્રોએ મળીને શિક્ષક પર હુમલો કર્યો હતો. તેમણે શિક્ષકને પાઠ ભણાવવા માટે આ હુમલો કર્યો હતો પરંતુ આ હુમલો શિક્ષક માટે જીવલેણ બન્યો હતો. વિરમગામ ટાઉન પોલીસે હત્યાના બનાવમાં શંખેશ્વર પાટણના રહેવાસી કલાભાઇ ગોહિલ, અજિતભાઈ ગોહિલ તેમજ જેસંગભાઈ ઉર્ફે ગોકાભાઇ કટારિયા વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી.

# ભુજમાં ભારતની સૌથી મોટી અવકાશ વેધશાળાના લોકાર્પણના માત્ર એક મહિનામાં ૧૫૦૦થી વધુ મુલાકાતીઓ ઊમટ્યા

અમદાવાદઃકચ્છના ઐતિહાસિક અને પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા શહેર ભુજમાં રાજ્ય સરકાર દ્વારા ભારતની સૌથી મોટી અવકાશ વેધશાળાનું નિર્માણ કરવામાં આવ્યું છે. ભુજના રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ગુડ ગવર્નન્સ નિમિત્તે આ વેધશાળાના ઉદ્‌ઘાટન થયાના માત્ર ૩૦ દિવસમાં ૧૫૦૦થી વધુ લોકોએ આ વેધશાળાની મુલાકાત લીધી છે. આ વેધશાળા ભારતમાં અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે શિક્ષણને વેગ આપવામાં અને અવકાશ સંશોધનમાં લોકોની રુચિ વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ ગુજકોસ્ટ દ્વારા ભુજમાં રિજિયોનલ સાયન્સ સેન્ટરની શરૂઆત કરવામાં આવી હતી. ભુજિયા ડુંગરની ટોચ પર ૧૦ એકરમાં ફેલાયેલું આ સેન્ટર આકર્ષક જગ્યાને કારણે શિક્ષણ સાથે મનોરંજન પણ પુરું પાડે છે. ૨૮ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભુજમાં રિજિયોનલ સાયન્સ સેન્ટરનું ઉદ્‌ઘાટન થયું ત્યારથી અત્યાર સુધીમાં બે લાખથી વધુ લોકોએ તેની મુલાકાત લીધી હતી.

ભુજમાં નવનિર્મિત વેધશાળા અત્યાધુનિક ૨૪-ઇંચ ટેલિસ્કોપથી સજ્જ છે, જે મુલાકાતીઓને નિહારિકાઓ, ગ્રહો અને દૂરના તારાવિશ્વો જેવી અદ્‌ભુત અવકાશી ઘટનાઓ નિહાળવાની તક પૂરી પાડે છે. મનોરંજન સાથે શિક્ષણના અનોખા અભિગમ સાથે રિજિયોનલ સાયન્સ સેન્ટર, ભુજ વિજ્ઞાન ક્ષેત્રે નવીનતાને પ્રોત્સાહન આપવામાં, લોકોને ખગોળીય ઘટના વિશે માહિતગાર કરવામાં અને બ્રહ્માંડના રહસ્યો વિશે જિજ્ઞાસા જગાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

મુલાકાતીઓ સાંજે ૬ થી ૯ વાગ્યા સુધી અવકાશ વેધશાળાની મુલાકાત લઈ શકે છે. વિદ્યાર્થીઓ માટે રૂ. ૨૦ અને અન્ય મુલાકાતીઓ માટે રૂ. ૩૦ પ્રવેશ ફી નિર્ધારિત કરવામાં આવી છે. આ વેધશાળા ખગોળશાસ્ત્ર આધારિત શૈક્ષણિક કાર્યક્રમો, ઇન્ટરેક્ટિવ સત્રો અને શાળાના અભ્યાસક્રમ સાથે સુસંગત મોડ્યુલ્સ પ્રદાન કરે છે.

# ગુજરાત એસટીના કર્મચારીના મોંઘવારી ભથ્થામાં ચાર ટકાનો વધારો

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજ્ય માર્ગ અને વાહનવ્યવહાર નિગમના કર્મચારીઓ માટે મહત્ત્વપૂર્ણ નિર્ણય લઈને હાલ ચૂકવતા મોંઘવારી ભથ્થામાં ચાર ટકા નો વધારો કરવામાં આવ્યો હતો. રાજ્યના ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ ટ્વીટર પર આ નિર્ણયની માહિતી આપી હતી. ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમના કર્મચારીઓ માટે મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા મોંઘવારી ભથ્થામાં વધારો કરવામાં આવ્યો છે. રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે એસ.ટી.નિગમના કર્મચારીઓને હાલ ચૂકવતા મોંઘવારી ભથ્થામાં ચાર ટકાનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# અમદાવાદના પૂર્વ કમિશનર આઇ. પી. ગૌતમની બે વર્ષ માટે રિવરફ્રન્ટ ચેરમેનપદે નિમણૂક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં સાબરમતી રિવરફ્રન્ટ કોર્પોરેશનના ચેરમેનપદે પૂર્વ કમિશનર આઇ.પી. ગૌતમની નિમણૂક કરવામાં આવી હતી. આ પદ પર પૂર્વ કમિશનર અને વર્લ્ડ બેન્ક ચેરમેન કેશવ વર્મા ફરજ બજાવી રહ્યા હતા.

આઇ.પી. ગૌતમ અગાઉ અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર રહી ચૂક્યાં છે. આઈ. પી. ગૌતમ ૧૯૮૬ની બેન્ચના ઓફિસર છે. હવે આઈ. પી. ગૌતમ સાબરમતી રિવરફ્રન્ટ કોર્પોરેશનના ચેરમેન તરીકે બે વર્ષ સુધી સેવારત રહેશે.

સાબરમતી રિવરફ્રન્ટના સૂત્રોએ જણાવ્યું હતું કે રિવરફ્રન્ટ લિમિટેડના ચેરમેન તરીકે પૂર્વ કમિશનર અને દેશના પ્રથમ લોકપાલ આઈ.પી. ગૌતમની નિમણૂક કરવામાં આવી છે. આઈ. પી. ગૌતમની અમદાવાદમાં શહેરી વિકાસ પ્રોજેક્ટ ક્ષેત્રમાં તેમના યોગદાનના કારણે વધુ જાણીતા છે. રિવરફ્રન્ટ ડેવલપમેન્ટનું મોટાભાગનું કામ આઈ.પી. ગૌતમ ના કાર્યકાળ દરમિયાન જ થયું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર તરીકે તેમણે ૨૦૦૬ થી ૨૦૧૨ દરમિયાન ફરજ બજાવી હતી જેના કારણે તેઓ રિવરફ્રન્ટની તમામ ગતિવિધિથી વાકેફ છે. તેમની નિમણૂક થયા બાદ રિવરફ્રન્ટમાં વધુ ડેવલપમેન્ટ થશે તેમ માની શકાય છે.

# પાણીની પાઈપલાઈનોને બદલવા માટે ૩૦૯ કરોડ રૂપિયા ખર્ચાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ શહેર અને ઉપનગરમાં રસ્તાઓના સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે ત્યારે હાલ જમીનની નીચે રહેલી પાણીની પાઈપલાઈનને નુકસાન થવાનું જોખમ વધી ગયું છે. તેથી આ સમસ્યાનો સામનો કરવા માટે પાલિકાએ રસ્તાના ચાલુ કામની સાથે જ જૂની પાઈપલાઈનનો બદલવાનું અને જ્યાં આવશ્યકતા હોય ત્યાં નવી પાઈપલાઈન નાખવાનો નિર્ણય લીધો છે. પશ્ચિમ અને પૂર્વીય ઉપનગરોમાં પાઈપલાઈનોના સમારકામ, ગળતરના સમારકામ અને રિપ્લેસમેન્ટ માટે ટેન્ડર મગાવવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ લગભગ ૩૦૯ કરોડ રૂપિયા છે અને આ કામ મુંબઈના ૨૪ પ્રશાસકીય વોર્ડમાંથી ૧૫ વોર્ડમાં કરવામાં આવવાનું છે.

કુર્લા, ઘાટકોપર, ભાંડુપ, મુલુંડ, ચેમ્બુર, બાન્દ્રા, મલાડ, કાંદિવલી, બોરીવલી, ગોરેગામ અને દહિસર જેવા ઉપનગરીય વિસ્તારોમાં પાણીના ગળતરની શોધ, સમારકામ અને પાઈપલાઈનના રિપ્લેસમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવવાના છે, જે આગામી બે વર્ષમાં પૂરું થવાની અપેક્ષા છે. આ પહેલના ભાગરૂપે આશરે ૨૦,૪૩૮ કામ હાથ ધરવામાં આવવાના છે.

પાલિકાએ હાલ ઘણા વિસ્તારોમાં સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનનું કામ ચાલુ કર્યું છે, તેની સાથે બાન્દ્રા-પૂર્વ અને અંધેરી-પૂર્વ જેવા વિસ્તારોમાં પાણીની પાઈપલાઈનના સ્થળાંતર માટે કૉન્ટ્રેક્ટરોની નિમણૂક કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ માટે ૭૬ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

પાલિકા હાલ પ્રતિદિન ૩,૯૫૦ મિલ્યન લિટર પાણી પૂરું પાડે છે, જ્યારે પાણીનીમાગણી વધીને ૪,૪૬૩ મિલ્યન લિટર થઈ ગઈ છે. ગળતર, બાષ્પીભવન, ચોરી સહિતના કારણોથી ૩૪ ટકા પાણી વેડફાઈ જતું હોય છે. પાલિકાએ થાણે અને નાશિક જિલ્લાસ્થિત તળાવોમાંથી શહેર માટે પાણીની પાઈપલાઈન મારફત પાણી લઈ આવે છે, જે મુંબઈમાં લગભગ ૫,૦૦૦ કિલોમીટર સુધી ફેલાયેલી પાઈપલાઈન નેટવર્ક દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે. પાણીના ગળતર અને દૂષણને રોકવા માટે પાલિકાએ ૯૫ કિલોમીટરની ટનલનું નેટવર્ક નાખ્યું છે, જેમાં વધારાની ૨૦ કિલોમીટરનું કામ ચાલી રહ્યું છે. ■

# મધ્ય પ્રદેશથી બ્લેન્કેટ વેચવા આવેલા ચાર જણ લોખંડની પ્લેટ નીચે દબાયા

## પૈસા બચાવવાનાં ચક્કરમાં લોખંડના સળિયા ભરેલી ટ્રકમાં પાછા જઈ રહ્યા હતા પાંચ જણ

મુંબઈ: મહારાષ્ટ્રના સંભાજીનગર જિલ્લાના શિઉર પોલીસ સ્ટેશનની હદમાં સિંધીનાલા ફાટા નજીક મોડી રાતે થયેલા એક વિચિત્ર અકસ્માતમાં ચાર જણનાં મોત થયાં હતાં. કર્ણાટકથી બ્લેન્કેટ વેચવાનું કામ સમેટ્યા બાદ મધ્ય પ્રદેશ ટ્રકથી પાછા જઈ રહેલા ચાર જણ પર લોખંડની પ્લેટ પડી હતી, જેને કારણે ચારેયનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં.

પોલીસના જણાવ્યા અનુસાર મધ્ય પ્રદેશથી કર્ણાટક બ્લેન્કેટ વેચવા માટે પાંચ જણ અહીં આવ્યા હતા. બ્લેન્કેટ વેચીને તેઓ પોતાના સામાન સાથે પાછા જઇ રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો. કહેવાય છે કે અમુક પૈસા બચાવવાનાં ચક્કરમાં પાંચેય જણ ટ્રકમાં બેસીને પાછા જઇ રહ્યા હતા. જે ટ્રકમાં તેઓ જઇ રહ્યા હતા એ ટ્રક રાજસ્થાન જઇ રહ્યો હતો. પાંચેયે પોતાના સામાનની સાથે પોતાની બાઈક પણ ટ્રકમાં રાખી હતી. રાતે છત્રપતિ સંભાજીનગરમાં જમવાનું પતાવ્યા બાદ ચાર જણ ટ્રકની પાછળ લોખંડની પ્લેટોની નજીક બેઠા હતા અને ત્યાં જ તેઓને નીંદર આવતાં તેઓ સૂઇ ગયા.

ટ્રક જ્યારે છત્રપતિ સંભાજીનગરથી શિઉર પોલીસ સ્ટેશન વિસ્તાર નજીકથી પસાર થઇ રહ્યો હતો ત્યારે ડ્રાઈવરે અચાનક બ્રેક મારી હતી. ટ્રકમાં ઝટકા સાથે બ્રેક લાગતાં જ કંઇક પડવાનો અવાજ આવ્યો હતો. ડ્રાઈવરે ટ્રકને રસ્તામાં ઊભી રાખીને જોયું તો લોખંડની પ્લેટની પાછળ બેસેલા ચાર જણ પર એ પ્લેટ તેના પર પડી હતી. ચારેય જણ પ્લેટની નીચે દબાઈ ગયા હતા. એક અન્ય વ્યક્તિની મદદથી ડ્રાઈવરે પ્લેટ હટાવવાની કોશિશ કરી હતી, પણ સફળતા મળી નહોતી. ત્યાર પછી ડ્રાઈવરે ઘટનાની જાણ પોલીસને કરી હતી. પોલીસે પણ ઘટનાસ્થળે પહોંચીને પ્લેટ હટાવવાની કોશિશ કરી હતી, પણ તેઓ પણ નિષ્ફળ રહ્યા હતા.

બીજે દિવસે સવારે કટરની મદદથી લોખંડની પ્લેટોને કાપવામાં આવી હતી અને ચારેયના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા હતા. ચારેયના મૃતદેહોને શિઉરની સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા હતા. પોલીસે ટ્રક ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધીને ટ્રકને પોતાના તાબામાં લીધો હતો અને તપાસ શરૂ કરી હતી.■

# ગેરકાયદે ફેરિયાઓ પર પાલિકા ત્રાટકી: ૯૬૮ સિલિન્ડર, ૫૪૪ હાથગાડી જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ગેરકાયદે ફેરિયાઓ સામે કાર્યવાહી કરીને મુંબઈના પરિસરને 'ફેરિયામુક્ત'કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, જે અંતર્ગત છેલ્લા સાત દિવસમાં મુંબઈના જુદા જુદા વિસ્તારોમાં પાલિકાની અતિક્રમણ હટાવ ટુકડી દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત ફેરિયાઓ પાસેથી સાધનસામગ્રી જપ્ત કરવમાં આવી હતી, જેમા ૫૪૪ હાથગાડી, ૯૬૮ ઘરમાં વાપરવામાં આવતા સિલિન્ડર અને ૧,૨૫૧ વિધ પ્રકારના સામાનનો સમાવેશ થાય છે. હાઈ કોર્ટના આદેશ મુજબ મુંબઈ મહાનગરપાલિકાની હદમાં ભીડભાડવાળા ૨૦ સ્થળોને ફેરિયામુક્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેથી મુંબઈના નાગરિકો ફૂટપાથ અને રસ્તાનો ઉપયોગ કરવામાં અડચણરૂપ રહેલા તથા આરોગ્ય માટે હાનિકારક રહેલા અને ઉઘાડામાં અન્ન પદાર્થનું વેચાણ કરનારા ફેરિયાઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ હાઈ કોર્ટના આદેશ બાદ ગેરકાયદે ફેરિયાઓ, બેવારસ વાહનો, ફૂટપાથ પરના અતિક્રમણ સામે આકરા પગલા લેવાનો પાલિકા કમિશનરે આદેશ આપ્યો છે, જે મુજબ મુંબઈના જુદા જુદા વિસ્તારોમાં ફેરિયાઓ વિરુદ્ધ પોલીસની સાથે સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી રહી છે. ■

# દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ઉદ્ધવ-સેના કોંગ્રેસ કે આપ માટે પ્રચાર નહીં કરે: રાઉત

મુંબઈ: શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે જણાવ્યું હતું કે ઉદ્ધવ ઠાકરે આગામી દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે તટસ્થ વલણ અપનાવશે. આપ અને કોંગ્રેસ બંને ઈન્ડિ ગઠબંધનમાં સહયોગી હોવા છતાં, ઠાકરે કોઈપણ પક્ષ માટે પ્રચાર નહીં કરે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી (આપ), કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ત્રિપાંખિયો જંગ થવાની શક્યતા છે.

'અમે ક્યાંય (પ્રચાર માટે) જઈ રહ્યા નથી. અમે તટસ્થ છીએ,' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ઠાકરે પાંચમી ફેબ્રુઆરીએ યોજાનારી દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં બંને પક્ષોમાંથી કોઈ એક માટે પ્રચાર કરશે, ત્યારે તેમણે ઉપરોક્ત નિવેદન આપ્યું હતું. ચૂંટણી માટે યુદ્ધ રેખાઓ ખેંચાઈ ગઈ છે, જેમાં સમાજવાદી પાર્ટી (સપા) અને ટીએમસીએ અરવિંદ કેજરીવાલના નેતૃત્વ હેઠળના આમ આદમી પાર્ટીને ટેકો આપ્યો છે. જ્યારે એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાએ ભાજપને ટેકો જાહેર કર્યો છે. ૨૦૨૦માં આપને ૭૦માંથી ૬૨ બેઠકો પર મળેલા પ્રચંડ વિજય બાદ કેજરીવાલ સતત ત્રીજી વખત દિલ્હીમાં સત્તા કબજે કરવા માટે પ્રયત્નશીલ છે. ■

# મહાકુંભ વિરોધી ખડગેની ટિપ્પણીથી હિન્દુઓનું હળાહળ અપમાન: ભાજપ

મુંબઈ: મહારાષ્ટ્ર ભાજપના વડા ચંદ્રશેખર બાવનકુળેએ મંગળવારે એવો દાવો કર્યો હતો કે, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પ્રયાગરાજના સંગમમાં પવિત્ર ડૂબકી લગાવતા ભગવા પક્ષના નેતાઓ પર તેમની 'બિનસંવેદનશીલ' ટિપ્પણીઓ દ્વારા હિન્દુઓની ભાવનાઓનું અપમાન કર્યું છે. રાજ્યના મહેસૂલ પ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં એવો આરોપ લગાવ્યો હતો કે, કોંગ્રેસ સતત હિન્દુ માન્યતાઓ અને પરંપરાઓનું અપમાન કરે છે અને એક ચોક્કસ સમુદાયનું 'તુષ્ટિકરણ' કરે છે.

ખડગેએ સોમવારે એવો દાવો કર્યો હતો કે ભાજપના નેતાઓ કેમેરામાં દેખાવા માટે સંગમમાં ડૂબકી લગાવવા એકબીજા સાથે સ્પર્ધા કરી રહ્યા છે અને પૂછ્યું કે શું તેમના સંગમ સ્નાનથી દેશની ગરીબી દૂર કરવામાં મદદ મળશે?

'જો કોઈને દુઃખ થયું હોય, તો હું માફી માગુ છું,' એમ કોંગ્રેસ વડાએ મધ્ય પ્રદેશના મહુ શહેરમાં 'જય બાપુ, જય ભીમ, જય સંવિધાન' રેલીને સંબોધિત કરતી વખતે કહ્યું હતું.

ખડગેની ટિપ્પણી એવા દિવસે આવી જ્યારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ચાલી રહેલા મહાકુંભ દરમિયાન સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી હતી.

'જ્યાં લાખો હિન્દુઓ ભક્તિ અને શ્રદ્ધા સાથે ભાગ લે છે તે કુંભમેળા જેવા પવિત્ર સ્થાનની મજાક ઉડાવીને ખડગેએ ગંગાની પવિત્રતા અને કરોડો હિન્દુઓની ભાવનાઓનું અપમાન કર્યું છે, એમ ભાજપના નેતાએ કહ્યું હતું.

ગંગા નદીમાં સ્નાન કરવાથી ગરીબી દૂર થશે કે નહીં તે પ્રશ્ન પર બાવનકુળેએ ખર્ગેની ટીકા કરી હતી.

'આ નિવેદન માત્ર વાહિયાત જ નથી પણ ખૂબ જ ગુસ્સો અપાવનારું છે. હિન્દુઓએ હંમેશા સહિષ્ણુતા દર્શાવી છે, પરંતુ ખડગેને તેમની શ્રદ્ધાની મજાક ઉડાવવાનો અધિકાર કોણે આપ્યો?' એમ તેમણે પૂછ્યું હતું.

'કોંગ્રેસ હંમેશા એક ચોક્કસ સમુદાયને મદદ કરતી રહી છે જ્યારે હિન્દુ બહુમતીની માન્યતાઓની મજાક ઉડાવતી રહી છે. લોકસભામાં ૯૯ બેઠકો હોવા છતાં, તેઓ હિન્દુ લાગણીઓનો આદર કરવામાં નિષ્ફળ જાય છે. જો તેઓ લોકોની શ્રદ્ધાનો આદર કરી શકતા નથી, તો તેમણે ઓછામાં ઓછું તેનું અપમાન કરવાનું ટાળવું જોઈએ,' એમ તેમણે કહ્યું હતું.

'આજે, તેઓ કુંભ મેળાની મજાક ઉડાવે છે. કાલે, જો ભૂલેચૂકે કોંગ્રેસ સત્તામાં આવશે, તો શું તેઓ કુંભ મેળા પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકશે? એવી ચિંતા દેશભરના હિન્દુઓને સતાવે છે,' એમ ભાજપના નેતાએ કહ્યું હતું. ■

# ચોરીના ગુના આચરનારા આરોપી પકડાયા: ૨૧ લાખની મતા જપ્ત

થાણે: થાણે જિલ્લામાં ચોરીના ગુના આચરનારા બે આરોપીને પોલીસે પકડી પાડ્યા હતા અને તેમની પાસેથી ચોરીની ૨૧ લાખ રૂપિયાની મતા જપ્ત કરવામાં આવી હતી.

સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર જનાર્દન સોનાવણેએ કહ્યું હતું કે મળેલી માહિતીને આધારે પોલીસ ટીમે સોમવારે ભિવંડી અને કલ્યાણ વચ્ચે માર્ગમાં ટેમ્પોને આંતર્યો હતો અને તેમાં હાજર બે જણને તાબામાં લીધા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે બંને જણે તેમના સાથીદારો સાથે મળીને થાણેના વિવિધ વિસ્તારમાં ચોરીના ગુના આચર્યા હતા. (પીટીઆઇ)■

# સૈફ પર હુમલો કરનારા બાંગ્લાદેશી પુષ્કળ-સબળ પુરાવા: પોલીસ

મુંબઈ: અભિનેતા સૈફ અલી ખાન પર છરીથી હુમલો કરવાના કેસમાં ધરપકડ કરાયેલા બાંગ્લાદેશી નાગરિક વિરુદ્ધ પુષ્કળ અને મજબૂત પુરાવા હોવાનો દાવો પોલીસે કર્યો હતો.

બાન્દ્રામાં સૈફના ફ્લૅટમાં ૧૬ જાન્યુઆરીના મળસકે ઘૂસેલા હુમલાખોરે છરીથી સૈફ પર છ ઘા કર્યા હતા. આ હુમલામાં સૈફ ગંભીર રીતે ઘવાયો હતો. તપાસ દરમિયાન પોલીસે ૧૮ જાન્યુઆરીની મધરાતે આરોપી શરીફુલ ઈસ્લામ શેહઝાદ મોહમ્મદ રોહિલ્લા અમીન ફકીર (૩૦)ને ઘોડબંદર રોડ પરના મૅન્ગ્રોવ્ઝમાંથી પકડી પાડ્યો હતો.

વેસ્ટ રિજનના એડિશનલ પોલીસ કમિશનર પરમજીત દહિયાએ પત્રકાર પરિષદમાં તપાસની વિગતો જણાવી કહ્યું હતું કે ક્રાઈમ બ્રાન્ચ સાથે ઝોન-૯ના ડીસીપીની ટીમે આ ગુનો પુરાવાના આધાર પર ઉત્કૃષ્ટ રીતે ઉકેલ્યો છે.

મુંબઈ પોલીસ પાસે આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપી વિરુદ્ધ દસ્તાવેજી, ફિઝિકલ અને ટેક્નિકલ સહિતના વિપુલ પ્રમાણમાં સબળ પુરાવા હોવાનું દહિયાએ જણાવ્યું હતું.

આરોપનામું દાખલ કરતાં પૂર્વે પુરાવા એકઠા કરવાના ભાગ રૂપે આરોપીની ઓળખ નિશ્ચિત કરવા ફેસ રેકગ્નિશનનો વિકલ્પ પોલીસ પાસે છે અને તે અમે કરીશું. તપાસ દરમિયાન આ ગુનામાં આરોપીના કોઈ પણ સાથીની સંડોવણી સામે આવી નથી, એવું અધિકારીએ જણાવ્યું હતું.

તેમના કહેવા મુજબ આરોપી જેમના સંપર્કમાં હતો તેની પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે.

ઘટનાસ્થળેથી લેવાયેલા ફિંગરપ્રિન્ટ્સના નમૂના અમે ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઈડી)ને મોકલી આપ્યા છે, જેનો ઑફિશિયલ રિપોર્ટ હજુ સુધી આવ્યો નથી, એવું એડિશનલ કમિશનરે જણાવ્યું હતું. ધરપકડ કરાયેલા આરોપી શરીફુલે જ સૈફ પર હુમલો કર્યો હતો અને તેની વિરુદ્ધ અમારી

પાસે મૌખિક, ફિઝિકલ અને ટેક્નિકલ પુરાવા છે. આ બધા પુરાવા અમે કોર્ટ સામે રજૂ કરીશું, એમ પણ તેમણે કહ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ગયા અઠવાડિયે શરીફુલના પિતા મોહમ્મદ રહુલે દાવો કર્યો હતો કે આ કેસમાં તેના પુત્રને ખોટી રીતે સંડોવવામાં આવ્યો છે. અમે આ બાબતે બાંગ્લાદેશના વિદેશ મંત્રાલય અને ઈન્ડિયન હાઈ કમિશનનો સંપર્ક કરી શરીફુલને છોડવાની માગણી કરીશું. રહુલે એવો પણ આક્ષેપ કર્યો હતો કે સીસીટીવી ફૂટેજમાં નજરે પડતો શકમંદ તેમનો પુત્ર શરીફુલ નથી. (પીટીઆઈ) ■

# પાલિકા ચૂંટણી પાછળ ઠેલાશે: સુપ્રીમ કોર્ટે ફરી તારીખ પાડી

મુંબઈ: ઓબીસી અનામતના મુદ્દાને કારણે છેલ્લાં કેટલાક વર્ષોથી રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ યોજાઈ નથી. ઓબીસી અનામતના મુદ્દે સુપ્રીમ કોર્ટમાં મંગળવારે અંતિમ સુનાવણી થવાની અપેક્ષા હતી, પરંતુ હવે સુપ્રીમ કોર્ટે ફરી એકવાર મુદત પાડી હોવાથી રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં વધુ વિલંબ થવાના એંધાણ જણાઈ રહ્યા છે.

સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ અને ઓબીસી અનામત અંગે આગામી સુનાવણી હવે પચીસ ફેબ્રુઆરીએ થશે. આ કારણે, ચૂંટણીઓ હવે વધુ એક મહિના માટે મુલતવી થઈ જશે. રાજ્ય સરકાર વતી તુષાર મહેતા સુપ્રીમ કોર્ટમાં હાજર રહ્યા હતા.

રાજ્ય વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બરમાં યોજાઈ હતી. આ ચૂંટણીઓ પછી રાજકીય પક્ષોએ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ■

# હિન્દુ મરણ

**દશા મોઢ માંડલીયા વણિક**

વેરાવળ નિવાસી હાલ મુંબઇ ચારુબેન મોદી (ઉં. વ. ૬૬) તા. ૨૬-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે કૃષ્ણકુમાર (કિસન) વ્રજલાલ મોદીના પત્ની. જીગરના માતુશ્રી. ભાવના હર્ષદ મોદીના દેરાણી. હર્ષા રમણીકલાલ જીવાની, રંજન પ્રવીણ દોશી, નીલા વ્રજલાલ મોદીના ભાભી. નલીનીબેન જયંતીલાલ મહેતાના પુત્રી. તે જયોતિબેન, રૂપાબેન અને ભરતના બેન. પ્રાર્થનાસભા તા. ૩૦-૧-૨૫ના ગુરુવારે ૫થી ૭. ઠે. સન્યાસ આશ્રમ, ૧લે માળે, વિલેપાર્લે (વેસ્ટ).

**દશા સોરઠીયા વણિક**

ખાખીજાળીયા નિવાસી, હાલ બોરીવલી સ્વ.ચંપાબેન તથા સ્વ.પ્રભુદાસ કેશવલાલ કુરાણીના પુત્ર ડો.શશીકાંત કુરાણી (ઉં. વ. ૭૫) ૨૬/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે દમયંતીબેનના પતિ. સ્વ. જયંતીલાલ, સ્વ.અનસૂયાબેન જમનાદાસ, કનકબેન રમેશચંદ્ર, સ્વ.પ્રવીણાબેન સુરેશચંદ્ર, ગં.સ્વ.લતાબેન હરિશચંદ્રના ભાઈ. યામિની વિકાસ ક્ષત્રિય, નયન-કોમલ તથા સંકેતના પિતા. સાસરાપક્ષે સ્વ.ગોદાવરીબેન, સ્વ.ગાંડાલાલ ભુરાભાઇ વૈદ્ય ગોંડલવાળાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૩૦/૧/૨૫ના ૪ થી ૬. વર્ધમાન સ્થા.જૈન સંઘ, ગ્રાઉન્ડ ફ્લોર, સર્વોદય હોલ, ડાયમંડ ટોકીઝની સામે, એલ. ટી. રોડ, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

જામસલાયાવાળા હાલ મીરારોડ સ્વ.લક્ષ્મીદાસ વલ્લભદાસ સામાણીના પુત્રવધૂ. અ.સૌ.મીનાક્ષી જયેશભાઇ સામાણી (ઉં. વ. ૬૨) ૨૭/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે ધાર્મિકના માતુશ્રી. યતીન તથા જાગૃતિ કિરીટકુમાર ઠક્કરના ભાભી. પિયરપક્ષે કરાચીવાળા સ્વ.શિરીષભાઈ ખીમજીભાઈ માણેકના દીકરી. દ્વિજેન્દ્ર પ્રદીપભાઈ, કૃષ્ણકાંત, નિલેશ, ઉષા રાજેન્દ્ર રાજાણી, સ્વ.નિરૂબેનના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી વણિક**

જૂનાગઢ નિવાસી હાલ બોરીવલી ગં.સ્વ.મધુમતીબેન (ઉં. વ. ૮૩) તે ૨૬/૧/૨૫ના અવસાન પામેલ છે. તે સ્વ.અનિલભાઈ કાંતિલાલ દોશીના ધર્મપત્ની. મિલન, સ્વ.ભાવિનના માતુશ્રી. હેમલના સાસુ. જય તથા રોહનના દાદી. સ્વ.તરલિકાબેન, સ્વ.પ્રિયવંદાબેન, ક્રિષ્નાબેનના ભાભી. સ્વ.મગનલાલ સવજીભાઈ ટોલીયાના દીકરી. સ્વ.મણિલાલના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મોઢ વણિક**

ગં. સ્વ. નિરંજના રમેશ કાજી (ઉં. વ. ૮૯) તે જતીનના માતુશ્રી. નીપાના સાસુ. કોશાના દાદી, લક્ષ્મીબેન, ગં.સ્વ. નલિનીબેન, મીનાબેન, સ્વ. કનુભાઈ, સ્વ.નરેશભાઈના ભાભી. સ્વ.કુમુદબેન, સ્વ.કિશોરભાઈ, સ્મિતાબેનના બહેન. ૨૭/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

ગામ બિલખા હાલ કાંદિવલી સવિતાબેનના મકવાણા (ઉં. વ. ૭૩) તા.૨૫/૧/૨૫ના શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.નવીનચંદ્ર બચુભાઈ મકવાણાના પત્ની. હિતેશભાઈ, કમલભાઈ, કેતનભાઈના માતુશ્રી. કિનલ, પારુલ, કલ્પનાના સાસુ. પ્રવિણભાઈ, મંજુલાબેન વિઠ્ઠલભાઈ, ભાનુબેન રતિલાલ, ઉર્મિલાબેન ઘનશ્યામભાઈ, સ્વ.રેખાબેન પ્રવિણભાઈના ભાભી. અમૃતભાઈ અને હસમુખભાઈ વિઠ્ઠલભાઈ કવા (જૂનાગઢ)ના બેન. પ્રાર્થનાસભા તા.૩૦/૧/૨૫ ગુરુવારના ૫ થી ૭. લુહાર સુતાર વેલ્ફેર સેન્ટર. કાર્ટર રોડ નં. ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઇસ્ટ.

**સિદ્ધપુર ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ જ્ઞાતિ**

સિદ્ધપુર નિવાસી હાલ મુંબઈ અ.સૌ.છાયાબેન તે સુધીર બાબુલાલ ત્રિવેદીના ધર્મપત્ની તા.૨૫/૦૧/૨૦૨૫ના કૈલાશ નિવાસી થયેલ છે. ચી.વ્રજેશ, ચી.કુલેશ, ચી. હેમાલીના માતોશ્રી, અ.સૌ. નિયોમી, અ.સૌ.દિવ્યા, ચી.જયકુમારના સાસુ. ચંપાબેન તથા બિપિનચંદ્ર શુક્લ વસઈ ડાભલાના સુપુત્રી. સ્વ.નરેન્દ્ર, સ્વ.જીતેન્દ્ર, સુરેન્દ્રના ભાભી. સ્વ.વર્ષાબેન મહેશભાઈ, નીતાબેન હર્ષદભાઈના બેન. પ્રાર્થનાસભા તા.૩૦/૦૧/૨૦૨૫ ગુરુવારના ૦૫:૦૦ થી ૦૭:૦૦. સોની વાડી બેંકવેટ હોલ, સોનીવાડી ગલી, જૈન મંદિર સામે, શિમ્પોલી માર્ગ, બોરીવલી પશ્ચિમ. તેમની ઉત્તરક્રિયા નિવાસ સ્થાને રાખેલ છે.

**ઔદીચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ**

જામકંડોરણા નિવાસી સ્વ.લાલભાઈ મણિશંકર ભટ્ટનાં પુત્રવધૂ. સ્વ.જેઠાલાલ પ્રેમશંકર મહેતાનાં દીકરી અ.સૌ.લતાબહેન (ઉં. વ. ૬૬) સોમવાર તા.૨૭-૦૧-૨૫ના કૈલાસવાસી થયાં છે. તે રજનીકાન્ત ભટ્ટનાં ધર્મપત્ની, જિજ્ઞા, કામિયાનાં માતા, અમિત, વિશાલનાં સાસુ, કબીરનાં નાની. પ્રાર્થનાસભા ગુરુવાર તા.૩૦-૦૧-૨૫ના ૪થી ૬. ઠે: સરિતા પાર્ક, સ્વામીનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર-ઈસ્ટ.

**ઔદિચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ**

મુંબઇ નિવાસી ગં.સ્વ. રંજનબેન વ્યાસ, તે સ્વ.ચંદ્રકાંતભાઈ ગીરીજાશંકર વ્યાસના ધર્મપત્ની, પંકજભાઈ, કેતનભાઈ, હિતેનભાઇના માતુશ્રી. મનીષાબેન અને દર્શનાબેનના સાસુ. વંદિત, જૈમિનના દાદીમા. સ્વ.ધીરજલાલ વ્યાસના ભાભી. સ્વ. મગનલાલ દલપતરામ જોષીના દીકરી, તા. ૨૭/૧/૨૫ સોમવારના કૈલાશવાસ થયેલ છે. લૌકિક રિવાજ બંધ રાખેલ છે. અને ટેલિફોનીક બેસણું તા.૩૧/૧/૨૫ને શુક્રવાર ૪ થી ૬.

**કપોળ**

સાવરકુંડલાવાળા હાલ ગોરેગામ ડૉ. મહેન્દ્ર મોતીચંદ શેઠ (ઉં. વ. ૮૭) તે દિનાબેનના પતિ. સ્વ.ત્રંબકલાલ શેઠ ત્થા સ્વ. ત્રિવેણીબેનના સુપુત્ર. ભાવનગરવાળા સ્વ. પ્રભુદાસ હરગોવિંદદાસ વળિયા ત્થા સ્વ. ગુલાબબેનના જમાઈ. સ્વ. મોહનદાસ જીવરાજ ઘાંડલાવાળાના ભાણેજ. સ્વ. ફાલ્ગુનીબેન ત્થા ચિ. ગૌરાંગના પિતા. અ.સૌ.રિમાબેનના સસરા. તા. ૨૭-૦૧-૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૧-૦૧-૨૫, શુક્રવારના ૫ થી ૭. સરદાર વલ્લભભાઈ પટેલ ભવન, સીટી સેન્ટર મોલની સામે, જવાહરનગર, એસ.વી.રોડ, ગોરેગામ વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળગામ જામખંભાળીયા હાલ કાંદિવલી પ્રવીણભાઇ ધીરજબેન દેવરામભાઇ ઠક્કર (ગંઠીયા) (ઉં.વ.૭૩) તે સ્વ. નયનાબેનના પતિ. સ્વ. કાશીબેન રણછોડદાસ ઉનડકટના જમાઇ. સ્વ. ભગવાનદાસ, સ્વ. અરુણભાઇ, સ્વ. ચંદ્રકાંતભાઇ, સ્વ. રંજનબેનનાં ભાઇ. અમી નીરજ નાગ્રેચાના પિતા. તે યાશીનાં નાના. સોમવાર, તા. ૨૭-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મોરબી નિવાસી ગં. સ્વ. ચારૂબેન ખોખાણી (ઉં. વ. ૮૨) હાલ ઘાટકોપર તે સ્વ. પ્રમોદભાઇ મનુભાઇ ખોખાણીના ધર્મપત્ની. હિતેષભાઇ ખોખાણી, સુમનબેન કિશોરભાઇ આહુજાનાં માતુશ્રી. અંજના તથા કિશોરભાઇ આહુજાના સાસુ. મિરાજ, ધ્રુવ, નિષ્ઠાના દાદી. પિયર પક્ષે રાજકોટ નિવાસી સ્વ. ચંદ્રકાન્તાબેન હરીલાલભાઇ વોરાની સુપુત્રી. રજનીભાઇ, પ્રફુલભાઇ, કિરીટભાઇ, વિનુભાઇ, સ્વ. લલિતભાઇ તથા ચેતનભાઇ વોરાની બહેન સોમવાર, તા. ૨૭-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ બોરીવલી સ્વ. હીરાબેન રસિકલાલ પારેખના પુત્ર હીતાબેનના પતિ પંકજભાઇ પારેખ (ઉં. વ. ૬૬) તા. ૨૭-૧-૨૫ના સોમવારના અરિહંતશરણ પામેલ છે. અ. સૌ. રશ્મિબેન મહેન્દ્રભાઇ શાહ, નલીની, સુરેશ, દિનેશ, શૈલેશના ભાઇ. શીતલ, હર્ષા, સંગીતાના દીયર. ડો. તન્વી અપૂર્વ ગુજરાથી, ભાવી કેવીન એલનના કાકા. તથા પીયર પક્ષે વંથલી (સોરઠ) નીવાસી સ્વ. તારાબેન રાયચંદ વોરાના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાંગાણા નિવાસી હાલ બોરીવલી સ્વ.શાંતાબેન શાંતિલાલ હઠીચંદ વોરાના પુત્ર મહેશ વોરા (ઉં. વ. ૬૩) તે ઈશા (ઇન્દીરાબેન)ના પતિ. ફેરિલ તથા કેનીલના પિતા. બીના-પ્રફુલભાઇ, સ્વ.પ્રકાશભાઈ, છાયા-પરેશભાઈ, શારદા (શિલ્પા) નરેન્દ્રભાઈના ભાઈ. પિયરપક્ષે સુખપરવાળા હાલ મુલુન્ડ જયાબેન રતિલાલ વનમાળીદાસ મહેતાના જમાઈ. ૨૫/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પિતૃવંદના તા.૩૦/૧/૨૫ના ૧૦ થી ૧૨.૩૦. પાવનધામ, મહાવીર નગર, એમસીએ ગ્રાઉન્ડની સામે, કાંદિવલી વેસ્ટ. અંગદાન કરેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જીથરી નિવાસી હાલ મુલુંડ નાનચંદ રાયચંદ શાહના સુપુત્ર સ્વ.કાંતિભાઈના ધર્મપત્ની હસુમતીબેન (ઉં. વ. ૮૦) તા.૨૬/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રેખા નિલેશકુમાર, જયેશ, રાજેશ, નીશા મનિષકુમારના માતુશ્રી. પ્રિતીબેન, નેહાબેનના સાસુ. સ્વ.નગીનભાઈ, સ્વ. શાંતિભાઈ, સ્વ. વજુભાઈ, રસિકભાઈ, રતિભાઈ, ચંદુભાઈ, પ્રતાપભાઈ, બીપીનભાઈ, પ્રવીણભાઈ, ઇન્દુબેન ત્રંબકલાલના ભાભી. પીયરપક્ષે ભુતીયાવાળા જયંતિલાલ પ્રભુદાસ શાહના બેન, સાદડી તા.૩૧/૧/૨૫ને શુક્રવારે ૧:૦૦ થી ૩:૦૦. બંને પક્ષની સાથે રાખેલ છે. ચંદનબાગ હોલ, ચંદનબાગ લેન, મુલુંડ હાઈસ્કૂલ, યુનિયન બેંક પાસે, મુલુંડ પશ્ચિમ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જીરા નિવાસી હાલ ડોમ્બિવલી સ્વ.અરવિંદકુમાર રમણીકલાલ દોશીના ધર્મપત્ની અનસુયાબેન દોશી (ઉં. વ. ૭૫) તા.૨૭/૦૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ત્રિભોવનદાસ ફુલચંદ સંઘવીના દીકરી. નિશા ભદ્રેશકુમાર મહેતા, સેજલ અશોકકુમાર વોરાના માતા. સ્વ. બળવંતભાઈ, સ્વ.જયશુખભાઈ, નવનીતભાઈ, શશીકાંત, નરેશ, મુકેશ, હિલોની શ્રેયકુમાર, દર્શ, યશના નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સી/૭ સાંઈ દર્શન સોસાયટી, સંગીતા વાડી, ડોમ્બિવલી પૂર્વ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોખડકા નિવાસી હાલ મુલુંડ ચેકનાકા સ્વ.મનસુખલાલ બાવચંદ દોશીનાં સુપુત્ર યશવંત દોશી (ઉં. વ. ૭૦) તા.૨૭-૦૧-૨૫ સોમવારે સ્વર્ગવાસ થયેલ છે. તે અ.સૌ.નીતાબેન (નિરંજનાબેન)ના પતિ. તે ડો.રમેશભાઈ, બિપીનભાઈ, રંજનબેન અનંતરાય, જ્યોતિબેન મનોજકુમાર, ભારતીબેન રમેશકુમાર, વીણાબેન હર્ષદરાય, રેણુબેન (રચના) મનોજકુમારના ભાઈ. પ્રતિમાબેન રમેશભાઈના દેર. સ્વાતિબેન બિપીનભાઈના જેઠ. સ્વસુરપક્ષે રતિલાલ કલ્યાણજી વોરા વલસાડ (ત્રાપજ) નિવાસી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડોણના ખીમજી શીવજી ગોગરી (ઉં. વ. ૬૬) તા.૨૬/૦૧/૨૫ ના અવસાન પામેલ છે.માતુશ્રી લાડબાઈ શીવજી મોણશીના પુત્ર. સ્વ. દિનાના પતિ. પિયુષ અને અવનીના પિતા. હંશરાજ, શામજી, રવિલાલ, વસનજી, ચંચલ, કંચન, જગદીશના ભાઈ. નાગલપુરના ઝવેરબેન લક્ષ્મીચંદ ખેરાજ વીરાના જમાઈ. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ફોન આવકાર્ય. એડ્રેસ : પિયુષ ખીમજી ગોગરી, ૫૦૧ દેવકૃપા સોસાયટી, ગોવિંદજી કેની રોડ, ભોઈવાડા હિન્દમાતા, દાદર ઈસ્ટ.

પ્રાગપુરના સુંદરબેન શામજી સંગોઈ (ઉં. વ. ૯૪) તા. ૨૬.૧.૨૫ ના અરિહંતશરણ પામ્યા છે. કુંવરબાઈ શીવજી ભારમલના પુત્રવધુ. શામજી શીવજીના ધર્મપત્ની. અનીલ, ઈઅ પંકજ, સ્વ. દિપક, ભારતી, વર્ષા, સ્વ. ભાવનાના માતુશ્રી. બેરાજાના પાંચીબાઈ ઉમરશી પાસુના સુપુત્રી. લાલજીભાઈ, ગેલડા કુંવરબાઈ મેઘજી ઠાકરશીના બેન.પ્રાર્થના રાખેલ નથી. નિ. અનીલ સંગોઈ : ૭૧, રેઈન ટ્રી, ૯૦૧, ૯ મે માળે, હિંદુ કોલોની, રોડ નં. ૨, દાદર-ઈ.

બેરાજાના માતુશ્રી મણીબેન સાવલા (ઉં. વ. ૯૪) તા. ૨૬-૧-૨૫ ના અવસાન પામેલ છે. મઠાંબાઈ જાદવના પુત્રવધુ. ખેતશીના પત્ની. દીપક, ખુશાલ, ગૌતમ, ભુપેન્દ્ર, ગિરીશ, નીતાના માતુશ્રી. બેરાજા સુંદરબાઇ તેજશી નેણશી છેડાના સુપુત્રી. હેમચંદ, સાકરબેન, હેમા, દમયંતી ના બેન. પ્રાર્થના : શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા. સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે).ટા. : ૪ થી ૫.૩૦. નિ. ખુશાલ સાવલા, ૪૦૨, પટેલ પેલેસ, જીવન વિકાસ હોસ્પિટલની બાજુમાં, કોલડુંગરી, અંધેરી (ઇ).

સમાઘોઘાના નવીનચંદ્ર વીરજી સંગોઇ (ઉં. વ. ૭૫) તા. ૨૬/૧/૨૫ના દેવલાલીમાં અવસાન પામેલ છે. દેવકાબેન વીરજી સંગોઇના પુત્ર. પ્રભાના પતિ. ટીના (જ્યોતિ), પિયુષના પિતા. ગુંદાલાના ભાનુ ભાસ્કર, ગુંદાલાના મધુ વિનોદ, ધીરેનના ભાઇ. કાંડાગરાના ઝવેરબેન દેવજી ગાલાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રભા સંગોઇ, ૦૭, સરસ્વતી બિલ્ડીંગ, રેણુકા ગાર્ડન, લામ રોડ, દેવલાલી, નાસિક - ૪૨૨૧૦૧.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ સુવઈના મણીબેન પ્રેમજી ભચુભાઈ વધાણ (ઉં. વ. ૭૮) તા.૨૬.૦૧.૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ.માનુબેન ભચુભાઈના પુત્રવધૂ. સ્વ. પ્રેમજીભાઈના ધર્મપત્ની સ્વ.વિનોદ, સવિતા, સ્વ. બિપીન, ગીતા, રાજેશના માતુશ્રી. મીના, જયશ્રી, કાંતિ, પ્રવિણના સાસુ. ઉર્વી, અવનિ, નિકિતા, હિરલ, મનાલી, રિયા, કૃતિ, નિત્ય, રિશીથના દાદી. સુવઈના સ્વ. દેમતબેન ભાઈચંદ ગાલાના દિકરી. માતૃવંદના પ્રાર્થના સભા: સમય બપોરે ૩.૦૦ થી ૪.૩૦ સ્થળ. યોગી સભાગૃહ, દાદર-ઈસ્ટ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ સુવઈના સ્વ. બુધ્ધીબેન સવજીભાઈ સાવલા (ઉં. વ. ૮૪) તા. ૨૬.૦૧.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. માનુબેન માંયા જીવણના પુત્રવધૂ. સ્વ. સવજીભાઈના ધર્મપત્ની. સ્વ. મણીલાલ, નરપાર, નિતીન, નવિન, સ્વ. નીમુ, તારા, મંજુના માતુશ્રી. દિવાળીબેન, શોભના, સુનીતા, મણશી, રૂપશી, પ્રવિણના સાસુ. રોહીત, ધાર્મિક, ક્રિશ, ધર્મિષ્ઠા આરવીના દાદી. વણોઈના સ્વ.કરમાબેન નરશી બૌવાના દિકરી. પ્રાર્થનાસભા બુધવાર તા.૨૯.૦૧.૨૫ સમય બપોરે ૨.૩૦ થી ૪.૦૦ કલાકે સ્થળ. શ્રી થાણા વર્ધમાન સ્થા.તળાવપાળી, થાણા-વેસ્ટ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ આધોઈના સ્વ. પરમાબેન લખધીર ઉગમશી સત્રા (ઉં. વ. ૯૨) તા.૨૬.૦૧.૨૫ રવિવારના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. ભાવલબેન ઉગમશી થાવરના પુત્રવધૂ. સ્વ.લખધીરના ધર્મપત્ની, સ્વ. હંસરાજ, ગોકળ,ભાનુ, સ્વ. મુરઈ, મંજુ, પાર્વતી, રમીલાના માતુશ્રી. ગં.સ્વ.હંસા, મંજુલા, લાલજી, કાંતિલાલ, મણીલાલ, લખમશીના સાસુ. કૌશલ, સ્વ.રેખા, રશ્મિ, વૃત્તિકા, અદિતી, ભાવેશ, અક્ષવ, ઉર્વશીના દાદી. સ્વ. ઉમાબેન નોંઘા ખેતશી ગાલાના દિકરી. પ્રાર્થના સભા રાખેલ નથી. નિવાસ સ્થાન. પ્લોટ નં.૪ ડી/-૪, સ્નેહ, સદ્દન, ગોરાઈ-૧, સ્ટેટસ, હોટેલની બાજુમાં, બોરીવલી-વેસ્ટ.

**સોરઠ ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ધોરાજી (સાવરકુંડલા) નિવાસી હાલ ચુનાભઠ્ઠી સ્વ. મુક્તાબેન લક્ષ્મીચંદ દુર્લભજી શાહના સુપુત્ર પ્રફુલભાઇ (ઉં. વ. ૬૬) તા. ૨૫-૧-૨૫ના શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે બીનાબેનના પતિ. રોનક-નિધી, રોશની-તરુણકુમારના પિતાશ્રી. ડો. નવનીતભાઇ, કિરીટભાઇ, અશ્વિનભાઇ, જયશ્રીબેન ગુણવંતરાય મહેતાના ભાઇ. ઘેટી નિવાસી હાલ સાયન સ્વ. જયાબેન વૃજલાલ ખુશાલચંદ મહેતાના જમાઇ. ઠે. પ્રફુલભાઇ લક્ષ્મીચંદ શાહ, બી-૨૭, ભાગનારી સોસાયટી, ડંકન કોઝવે રોડ, ચુનાભઠ્ઠી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

વંથલી જૂનાગઢ (હાલ વિરાર વેસ્ટ) નિવાસી અ. સૌ. રંજનબેન સંઘવી (ઉં.વ. ૭૦) તે સ્વ. વૃજલાલ વિઠલજી સંઘવીના પુત્રવધૂ. હસમુખલાલનાં ધર્મપત્ની. ધરમેન્દ્ર (ધરમ) તથા દર્શનનાં માતુશ્રી. જયોતિ તથા વિજેતાનાં સાસુ. સ્વ. મણિલાલ ધારશીભાઇ વોરાના સુપુત્રી. જયેન્દ્રભાઇ, સ્વ. નગીનભાઇ, ભરતભાઇનાં બહેન. તા. ૨૭-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સાદડી તા. ૩૦-૧-૨૫ના ગુરુવારે આયંબિલ ભવન, જૈન મંદિર રોડ, વિરાર (વેસ્ટ) ખાતે સવારના ૧૦થી ૧૨.

**ઝાલાવાડી દશા સ્થા. જૈન**

સાયલા નિવાસી હાલ ન્યુજર્સી (અમેરિકા) સ્વ. ચંપાબેન મહાસુખલાલ છોટાલાલ શાહના પુત્ર દિલીપભાઇ (ઉં. વ. ૭૬) તે સ્વ. વસંતભાઇ, સ્વ. મનુભાઇ, સુરેશભાઇ, સ્વ. સુબોધભાઇ, જીતેનભાઇ તથા સ્વ. તારાબેન રમણિકલાલ શાહ, સ્વ. નિરાબેન હસમુખભાઇ ધ્રુવ (રાજકોટ) અને વર્ષાબેન મહેશકુમાર શાહના ભાઇ. તે લતાબેનના પતિ. તે રોનક, રૂચિના પિતા. પાર્વતી, તેજ મુનાકલાના સસરા. સ્વ. સમતાબેન પ્રભુદાસ શાહ (સુરેન્દ્રનગર)ના જમાઇ. તા. ૩૧-૧૨-૨૪ના મંગળવારના ન્યુજર્સી-અમેરિકા મુકામે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર પ્રથા બંધ રાખેલ છે.

# પારસી મરણ

શાપુર નશરવાનજી ફીટર તે મરહુમ કેટાયુન એસ. ફીટરના ધણી. તે મરહુમો ગુલબાઇ તથા નશરવાનજીના દીકરા. તે પોરસ ને જેસ્મીન દારૂખાનાવાલા ના પપ્પા. તે દીલનવાઝ પી. ફીટર ને કેયવાન જે. દારૂખાનાવાલા ના સસરાજી. તે ફરોખ યઝદી, નરીમાન ને પ્રોચી જાધવ તથા મરહુમ શાવકના ભાઇ. તે યોહાન, શેરઝાદ ને સોનીયાના મમાવા. (ઉં. વ. ૮૩) રે. ઠે. ૪/૧૦૧, હોરમઝ, બેરામ બાગ, પારસી કોલોની, ઓશીવરા, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયા: તા. ૨૯-૧-૨૫ને બપોરે ૩.૪૫ વાગે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની હોડીવાળા બંગલીમાં.

કેટી હોમી દારૂવાલા તે મરહુમ હોમી કાવસજી દારૂવાલાના વિધવા. તે મરહુમો ખોરશેદ તથા રતનશા દુમસ્યાનાં દિકરી. તે ઝરીર ને ડીકીના મમ્મી. તે ફ્રેની પીનુ ઘડીયાલી, એમી રતનશા દુમસ્યા, મીનું રતનશા દુમસ્યાના બહેન. તે મરહુમ શેહરૂ એરચ દારૂવાલાના દેરાણી. તે ધન રૂસી દારૂવાલા તથા મરહુમ ઝરીન રતન દારૂવાલાના જેઠાણી. (ઉં. વ.૮૮) રે. ઠે. ૧૪, એ-૨, ન્યુ ખરેઘાટ કોલોની, બાબુલનાથ રોડ, પ્રેમપૂરી આશ્રમ, બાબુલનાથ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૯-૧-૨૫ના બપોરે ૩.૪૫ વાગે હ્યુજીસ રોડ મધ્યે વાચ્છા ગાંધી અગિયારીમાં.

ફીરોઝ રતન કુપર તે મરહુમો શેરનાઝ તથા રતન કુપરના દીકરા. તે જમશેદ, શાહરૂખ, પરવીન એન્જિનિયર, પેરીન સુખીયા ને વિરા એન્જિનિયરના ભાઇ. તે જેસ્મીન એસ. કુપરના દેર. તે પરસી એસ. એન્જિનિયર, હોમયાર ટી. સુખીયા ને યઝદી એન્જિનિયરના સાળા. (ઉં. વ. ૫૧) રે. ઠે. પારસી કોલોની, ડીફેન્સ કોલોની સામે, લુલા નગર, પુને સીટી, વુનાવરછ, પૂના સીટી, ૪૧૧૦૪૦.ઉઠમણાંની ક્રિયા: તા. ૩૦-૧-૨૫ના બપોરે ૩.૪૫ વાગે, મુંબઇ ડુંગરવાડી પર ઉપરની બેનેટ બંગલી નં.૬માં.

ફ્રેની દાલી ભરૂચા તે મરહુમ દાલી હોસાન્ગ ભરૂચાના પત્ની. તે મરહુમ કાવાસ વાંકડિયા અને મરહુમ હિલ્લા વાંકડિયાના પુત્રી. તે માહરૂખ, જિમી, ડેઇઝી, હરરિઝ અને આદિલના માતા. તે રોશન અને સનોબારના સાસુ. તે પૂરહાદ, અસ્તાદ, મહેરુ, રેમન્ડ, જેરેસ્ટાઇન, અર્જુનના ગ્રાન્ડમધર. (ઉં. વ. ૯૫).

## સિકંદરાબાદ

નૌશા નોશિર જાલનવાલા, તે મરહુમ નોશિર ગુસ્તાસ્પ જાલનાવાલાના પત્ની તે તા. ૧૮-૧-૨૫ના ગુજરી ગયા છે. (ઉં. વ. ૯૧).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ઘોડબંદર રોડના હાઈપર સિટી મોલમાં ભીષણ આગ





**આગની આફતઃ**
થાણેમાં ઘોડબંદર રોડ પર કાસારવડવલીમાંના હાઈપર સિટી મૉલમાં મંગળવારે મળસકે ભીષણ આગ લાગી હતી અને તેમાં ઘણું નુકસાન થયું હતું. દૂરથી આગના ધુમાડા જોઈ શકાતા હતા. આગમાં ફર્નિચર બળીને નાશ થયું હતું. (જયપ્રકાશ કેળકર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે(પશ્ચિમ)માં ઘોડબંદર રોડ પર કાસારવડવલીમાં આવેલા હાઈપર સિટી મૉલમાં મંગળવારે વહેલી સવારે ભીષણ આગ ફાટી નીકળી હતી. આગમાં પહેલા માળા પર આવેલી બે દુકાનો બળીને ખાખ થઈ ગઈ હતી. સદ્નસીબે વહેલી સવાર હોવાથી કોઈ હાજર ન હોવાથી કોઈ જખમી થયું નહોતું.

થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ હાઈપર સિટીમાં વહેલી સવારના લગભગ ૭.૫૬ વાગ્યાની આસપાસ પહેલા માળા પર ૧,૫૨૫ સ્કવેર ફૂટના ગાળામાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આગની જાણ થતા જ ઘટનાસ્થળે ફાયરબ્રિગેડે એક રેસ્ક્યુ વાહન, બે ફાયર એન્જિન સહિત બે હાઈરાઈઝ ફાયર ઍન્જિન સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગમાં પહેલા માળા પર બે ગાળાને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું.લગભગ એક કલાકની જહેમત બાદ નવ વાગ્યાની આસપાસ આગ પર સંપૂર્ણપણે નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે કૂલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. પરંતુ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. સદ્નસીબે આગ વહેલી સવારે લાગી હોવાથી મોલ ખુલ્યો ન હોવાથી કોઈ હાજર ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. ■

# થાણેના ૧૫ માળના ટાવરમાં આગઃ ૨૦ રહેવાસીને બચાવાયા

થાણેઃ થાણેમાં પાચપખાડી ખાતેની ૧૫ માળની ક્રિષ્ના સોસાયટીમાં ગઈ કાલે સાંજે ૪.૪૦ કલાકે સાતમા માળથી ૧૫ મા માળ સુધીના ઇલેક્ટ્રિક ડક્ટમાં આગ ફાટી નીકળી હતી. ઇલેક્ટ્રિક વાયરિંગમાં આગ લાગતાં ધુમાડો થવા લાગ્યો હતો. સલામતીના દૃષ્ટિકોણથી બિલ્ડિંગમાં રહેલા ૨૦ નાગરિકોને બહાર કાઢીને અડધા કલાકમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ ન થઈ હોવાની માહિતી ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગે આપી હતી.

થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ૬૦ ફ્લેટ ધરાવતી આ બિલ્ડિંગના આઠમા માળે ઈલેક્ટ્રીકલ ડક્ટ વાયરિંગમાં આગ લાગી હતી. ધીમે-ધીમે આગ ૧૫ મા માળ સુધી ફેલાઈ ગઈ હતી. ચીફ ફાયર ઓફિસર ગિરીશ ઝાલકે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ હેડ યાસીન તડવી, ફાયર બ્રિગેડના જવાનો ફાયર એન્જિન સાથે ઘટનાસ્થળે પહોંચ્યા અને માત્ર અડધા કલાકમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો અને બિલ્ડિંગના ૨૦ રહેવાસીઓને સલામત રીતે બહાર કાઢ્યા હતા. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.■



# મુંબઈનાં બે ઍરપોર્ટને જોડતી મેટ્રો લાઇન છ વર્ષમાં તૈયાર થશે

મુંબઈઃ મુંબઈમાં છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટને નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ સાથે જોડવા માટે મહારાષ્ટ્ર સરકારે મેટ્રો લાઇન-૮ને મંજૂરી આપી છે, જેને ગોલ્ડ લાઇન પણ કહેવાય છે. ૩૫ કિ.મી.નો કોરિડોર, એમએમઆરડીએના મેટ્રો માસ્ટર પ્લાનનો એક ભાગ છે, જેનો હેતુ એરપોર્ટ કનેક્ટિવિટી સુધારવાનો અને મુસાફરો માટે મુસાફરીને સુવ્યવસ્થિત કરવાનો છે.મુંબઈ મેટ્રો પ્રોજેક્ટ પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ મોડલનો ઉપયોગ કરીને વિકસાવવામાં આવશે. એમએમઆરડીએ ને મૂળરૂપે મેટ્રો-૮ની દેખરેખનું કામ સોંપવામાં આવ્યું હતું, પરંતુ હવે સિટી એન્ડ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (સિડકો) ને નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી છે. સિડકોને આ માટે વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

નવો કોરિડોરની મદદથી બે એરપોર્ટ વચ્ચે સરળતાથી અવરજવર થઈ શકશે તેવી અપેક્ષા છે, કારણ કે નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ ૨૦૨૫ના મધ્ય સુધીમાં કાર્યરત થવાની સંભાવના છે. હાલમાં, નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર અટલ સેતુ દ્વારા જ જઇ શકાય છે અને વર્લી-શિવડી કનેક્ટરના પૂર્ણ થવાથી કનેક્ટિવિટીમાં વધુ સુધારો થશે.

૩૫ કિમી લાંબી મેટ્રો લાઇન-૮ માં ૨૫.૮ કિમીનો એલિવેટેડ ટ્રેક અને ૮.૨ કિમીનો અંડરગ્રાઉન્ડ સેક્શન હશે. આ રૂટ કુર્લા અને માનખુર્દ જેવા મુખ્ય વિસ્તારોમાંથી પસાર થશે, જે લોકમાન્ય ટિળક ટર્મિનસ અને માનખુર્દ ખાતે પ્રસ્તાવિત આંતરરાજ્ય બસ ટર્મિનલને જોડશે. તેમાં ૨૦ સ્ટેશનનો સમાવેશ થશે. અંદાજે રૂ. ૧૫,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર મેટ્રો-૮ને પૂર્ણ થવામાં લગભગ છ વર્ષ લાગશે.■

# મહારાષ્ટ્રમાં બાવીસ દિવસમાં ૧૧ વાઘનાં મોતથી ચિંતા

મુંબઈઃ નવા વર્ષ શરૂઆતમાં વાઘપ્રેમીઓ માટે ચિંતા વધારવાના સમાચાર સામે આવ્યા છે. વિદર્ભમાં ૨૦૨૫ની શરૂઆત વાઘોનાં મૃત્યુની સાથે થઇ છે. જાન્યુઆરી મહિનાની શરૂઆતમાં જ એટલે કે બાવીસ દિવસમાં મહારાષ્ટ્રના વિદર્ભ વિસ્તારમાં કુલ ૧૧ વાઘનાં મૃત્યુ થયાં છે. આ ૧૧ મૃત્યુમાંથી બે વાઘનાં મોત શિકારને કારણે થયાં છે. યવતમાળ જિલ્લામાં એક વાઘનો શિકાર કરવામાં આવ્યો હતો, જ્યારે ભંડારા જિલ્લામાં એક અન્ય વાઘનું મૃત્યુ શિકારને કારણે થયું હતું. આ બંનેમાંથી એક મામલામાં વાઘના ત્રણ ટુકડા કરવામાં આવ્યા હતા, જ્યારે બીજા મામલામાં વાઘના નખ અને દાંત ગુમ થયેલા હતા.

આનાથી ભયાનક વાત તો એ હતી કે બે બચ્ચાંના મૃતદેહ પાંચ-છ મહિના બાદ મળ્યા હતા, જ્યારે બે વાઘનાં મૃત્યુ અંદરોઅંદરની લડાઈમાં ઘાયલ થવાને કારણે થયાં હતાં. બીજી બાજુ અન્ય મોત પણ શંકાસ્પદ હોવાનું કહેવાઈ રહ્યું છે. મહારાષ્ટ્રમાં વાઘોનો શિકારનો મામલો ફરી એક વાર ગંભીરતાપૂર્વક સામે આવ્યો છે. ૨૦૨૫ની શરૂઆતમાં વાઘોનાં મૃત્યુ સાથે થઇ હતી અને માત્ર ૨૨ દિવસમાં જ ૧૧ વાઘનાં મોત ખૂબ જ ગંભીર અને ચિંતાજનક માનવામાં આવી રહ્યાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે બહેલિયા ગેંગના શિકારી મહારાષ્ટ્રના તાડોબા, પેંચ અને મેલઘાટ ક્ષેત્રોમાં વાઘોનો શિકાર કરી રહ્યા છે. બે વર્ષ પહેલાં બાવરિયા નામના વાઘોનાં અંગોની તસ્કરી કરનારી ટોળકીએ પણ મહારાષ્ટ્રમાં વાઘોનો શિકાર કર્યો હતો. આ વર્ષે ૧૧માંથી વધુ મૃત્યુ વાઘ પ્રોજેક્ટ અને અભયારણ્યોની બહાર થયાં છે.

# માતાને વીડિયો કૉલ કરી પતિના ત્રાસ વિશે જાણ કર્યા બાદ મહિલાએ ગળાફાંસો ખાધો

નાગપુરઃ નાગપુર શહેરમાં માતાને વીડિયો કૉલ કરી પતિ દ્વારા અપાતા ત્રાસ તથા દુર્વ્યવહાર વિશે જાણ કર્યા બાદ ૨૪ વર્ષની મહિલાએ આત્મહત્યા કરી હતી.

૨૪ જાન્યુઆરીએ આ ઘટના બની હતી અને પત્નીને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા બદલ પોલીસે પતિ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

બડાગંજ વિસ્તારમાં રહેતી મહિલાનાં લગ્ન ૭ જૂન, ૨૦૨૪ના રોજ થયાં હતાં. લગ્ન બાદ પતિ દ્વારા તેની સાથે દુર્વ્યવહાર અને ત્રાસ આપવાનું શરૂ કરવામાં આવ્યું હતું. પત્નીને તેનાં માતા-પિતા સાથે વાતચીત કરવાની પણ મનાઇ કરવામાં આવી હતી.

લકડગંજ પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું કે ૨૪ જાન્યુઆરીએ સવારે ૧૦.૪૫ વાગ્યાની આસપાસ મહિલાએ પારડી વિસ્તારના જય દુર્ગા નગરમાં રહેતી તેની બાવન વર્ષની માતાને વીડિયો કૉલ કર્યો હતો અને પતિ દ્વારા અપાતા ત્રાસ વિશે જણાવ્યું હતું.

વાતચીત દરમિયાન માતાએ તેને આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન રાતના ૧૧ વાગ્યે મહિલાએ ઘરમાં પંખા સાથે રસ્સી બાંધીને ગળાફાંસો ખાધો હતો.

મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલ્યા બાદ પોલીસે આ પ્રકરણે પતિ વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ આદરી હતી. (પીટીઆઇ) ■

# અટલ સેતુ પર ટોલની વસૂલાત વધુ એક વર્ષ માટે વર્તમાન ડિસ્કાઉન્ટેડ દરે

મુંબઈઃ મહારાષ્ટ્ર કેબિનેટની મંગળવારે આયોજિત કેબિનેટની બેઠકમાં અટલ બિહારી વાજપેયી શિવરી-ન્હાવા શેવા અટલ સેતુ પર વર્તમાન રાહત દરે ટોલ વસૂલાતને વધુ એક વર્ષ માટે ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠક મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

આ અગાઉ ચોથી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ મળેલી કેબિનેટની બેઠકમાં અટલ બિહારી વાજપેયી શિવરી-ન્હાવા શેવા અટલ સેતુના ઉપયોગ માટે એમએમઆરપડીએ દ્વારા પ્રસ્તાવિત ટોલ ટેક્સના દરમાં પચાસ ટકા રાહતના દરે ટોલ (ઓછામાં ઓછા ૨૫૦ રૂપિયા) વસૂલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. એક વર્ષ પછી આ દરની સમીક્ષા કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. તદ્નુસાર, મંગળવારે યોજાયેલી કેબિનેટની બેઠકમાં વધુ એક વર્ષ માટે, એટલે કે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી વર્તમાન રાહત દરે ટોલ વસૂલવાને મંજૂરી આપવામાં આવી છે. મુંબઈ મેટ્રોપોલિટન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા બનાવવામાં આવેલા આશરે ૨૨ કિ.મી. લાંબા અટલ બિહારી વાજપેયી શિવરી-ન્હાવા શેવા અટલ સેતુ (સી-લિંક)ને ૧૩ જાન્યુઆરી, ૨૦૨૪થી જાહેર પરિવહન માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ■

**બાબા સિદ્દીકી હત્યા કેસ**

# પુત્ર ઝીશાને પોલીસને અમુક બિલ્ડર અને રાજકારણીઓનાં નામ આપતાં નવો વિવાદ

મુંબઈઃ રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન અને એનસીપીના નેતા બાબા સિદ્દીકીની બાન્દ્રામાં ગોળી મારી કરાયેલી હત્યાના કેસમાં પુત્ર ઝીશાનના નિવેદન પછી નવો વિવાદ ઊભો થવાની શક્યતા છે. બાબા સિદ્દીકીના હત્યા કેસની તપાસમાં બાન્દ્રાના સ્લમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટોનો મુદ્દો ધ્યાનમાં લેવાની ભલામણ કરી પુત્ર ઝીશાને અમુક બિલ્ડર્સ અને રાજકારણીઓનાં નામ પોલીસને જણાવ્યાં હતાં.

એક ડેવલપરે તો એક વાર પિતા વિરુદ્ધ ગાળાગાળી પણ કરી હોવાનું ભૂતપૂર્વ વિધાનસભ્ય ઝીશાન સિદ્દીકીએ પોલીસને કહ્યું હતું. તેણે એવો પણ દાવો કર્યો હતો કે રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ માટે અનેક બિલ્ડર્સ તેના પિતાના સતત સંપર્કમાં હતા.

બાબા સિદ્દીકી હત્યા કેસમાં પોલીસે કોર્ટમાં દાખલ કરેલા આરોપનામાનો એક ભાગ છે ઝીશાનનું આ નિવેદન. બાન્દ્રા પૂર્વ પુત્ર ઝીશાનની ઑફિસ બહાર ત્રણ શૂટર્સે ૧૨ ઑક્ટોબરની રાતે ગોળીબાર કરી બાબા સિદ્દીકીની હત્યા કરી હતી.

ઝીશાને પોલીસને કહ્યું હતું કે તે અને તેના પિતા બાન્દ્રા વિસ્તારના ઝૂંપડપટ્ટીવાસીઓના અધિકારો માટે સતત લડતા હતા. એક રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ સામે તેણે ઉઠાવેલા વાંધાને પગલે તેની વિરુદ્ધ ખોટો કેસ પણ દાખલ કરવામાં આવ્યો હતો.

ઝીશાને પોલીસને આપેલા નિવેદનમાં જણાવ્યું હતુંકે અનેક બિલ્ડરો મારા પિતાના સંપર્કમાં હતાં. મારા પિતાને રોજિંદાં કામોની એક ડાયરીમાં નોંધ કરવાની આદત હતી.

હત્યાના દિવસે સાંજે ૫.૩૦થી ૬ વાગ્યા દરમિયાન ભાજપના નેતા મોહિત કમ્બોજે વ્હૉટ્સઍપ પર મારા પિતાનો સંપર્ક કર્યો હતો. બાન્દ્રામાં મુંદ્રા બિલ્ડર્સ દ્વારા ચાલતા પ્રોજેક્ટ સંબંધે મોહિત મારા પિતાને મળવા માગતા હતા.

એસઆરએ પ્રોજેક્ટ સંબંધી અમુક વ્યક્તિઓ સાથેની મીટિંગમાં એક બિલ્ડરે મારા પિતા માટે ગાળાગાળી પણ હતી. આ બધી બાબતોને ધ્યાનમાં રાખી મારા પિતાની હત્યાના કેસની બારીકાઈથી તપાસ કરવાની હું વિનંતી કરું છું, એવું ઝીશાને કહ્યું હતું.

આ કેસમાં પોલીસે ૪,૫૦૦ પાનાંનું આરોપનામું વિશેષ એમસીઓસીએ કોર્ટમાં દાખલ કર્યું હતું. ચાર્જશીટ ૨૬ આરોપી વિરુદ્ધ દાખલ કરાઈ હતી, જ્યારે ત્રણ જણ શુભમ લોણકર, યાસીન અખ્તર અને અનમોલ બિશ્નોઈને ફરાર દર્શાવાયા હતા. (પીટીઆઈ) ■

# વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેનું નવેસરથી કરાશે ડામરીકરણ

મુંબઈઃ વેસ્ટર્ન સબર્બમાં જવા માટેના એક્સપ્રેસ હાઈવે પર ટ્રાફિકની ભારે પ્રમાણમાં ભીડ હોવાને કારણે આ રસ્તાનું કોંક્રીટીકરણ કરવું અશક્ય હોવાથી તેનું માઈક્રો સરફેસિંગ અથવા ડામરીકરણ કરવામાં આવશે. આ માર્ગ એમએસઆરડીસીએ થોડા મહિના પહેલાં પાલિકાને હસ્તાંતરિત કર્યો છે. આ રસ્તા પર અનેક ઠેકાણે ગાબડાં પડી ગયાં હોવાને કારૌણે તેની દુર્દશા થઇ ગઇ છે. આથી હવે તેનું કોંક્રીટીકરણ કરવું મુશ્કેલ હોવાથી તેના પર ડામરીકરણ કરવામાં આવશે.

મુંબઈમાં કુલ ૨૦૫૦ કિ.મી. લંબાઈનો રસ્તો હોઇ તમામ રસ્તાઓનું સિમેન્ટ કોંક્રીટીકરણ તબક્કા વાર ચાલી રહ્યું છે. આ ઉપરાંત ઈસ્ટર્ન અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેને એમએસઆરડીસીએ મુંબઈ મહાનગરપાલિકાને નવેમ્બર, ૨૦૨૨માં હસ્તાંતરિત કરી દીધો છે. આ બંને એક્સપ્રેસ હાઈવે પર નિયમિત રીતે વાહનોની લાંબી કતાર જોવા મળતી હોય છે. દરરોજ મુંબઈ આવતાં-જતાં વાહનો માટે આ બંને માર્ગ મહત્ત્વના છે.

આ બંને માર્ગ પૈકી ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેની અવસ્થા થોડી સારી છે. જોકે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેને સમથળ બનાવવાની જરૂર છે. આ રસ્તાનો હાલમાં જ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણી સર્વે કર્યો હતો. એ સમયે એક્સપ્રેસ હાઈવેના સમારકામ માટે કઇ ઉપાયયોજના કરી શકાય એ અંગે ચર્ચા કરી હતી. દરેક ઠેકાણે ફૂટપાથ, ડિવાઈડર અને જાળીની રચના જુદી જુદી રીતે કરવામાં આવી છે. એ તમામ એકસમાન હોવા જોઇએ અને તેનું અમલીકરણ વોર્ડ કાર્યાલયે કરવું, એવી સૂચના ગગરાણીએ આપી હતી. બાંદ્રાથી દહીંસર સુધીનો માર્ગ પચીસ કિ.મી. લાંબો છે અને તે અંદાજે ૯ વોર્ડમાં ફેલાયેલો છે.

આ માર્ગની જવાબદારી હવે પાલિકાની છે. આ માર્ગનું સમારકામ થવું જરૂરી છે. જોકે આ રસ્તા પર વાહનોની સતત ભીડ રહેતો હોવાથી તેનું કોંક્રીટીકરણ કરવું મુશ્કેલ કાર્ય છે, એવું પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું. ■

# છત્રપતિ શિવાજી મહારાજની જાજરમાન પ્રતિમાનું ૧૦ એપ્રિલ સુધીમાં અનાવરણ

સાવંતવાડીઃ સિંધુદુર્ગ માલવણ રાજકોટ કિલ્લા ખાતે છત્રપતિ શિવાજી મહારાજની ૬૦ ફૂટ ઊંચી તલવારધારી પ્રતિમા સ્થાપિત કરવામાં આવી રહી છે. આશરે ૨૪ કરોડ ૭૨ લાખ રૂપિયાના ખર્ચે બંધાઈ રહેલી આ પ્રતિમાનું આયુષ્ય લગભગ ૧૦૦ વર્ષનું હશે. આ પ્રતિમા ૧૦ એપ્રિલ સુધીમાં સ્થાપિત કરવામાં આવશે.માલવણ રાજકોટ કિલ્લા પર નેવી ડે નિમિત્તે, ૪ ડિસેમ્બર, ૨૦૨૩ના દિવસે છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું અનાવરણ થયું એના માત્ર આઠ મહિના પછી ૨૬ ઓગસ્ટ, ૨૦૨૪ના દિવસે પ્રતિમા તૂટી પડી હતી. ત્યારબાદ આરોપ - પ્રત્યારોપનો ખેલ ચાલ્યો હતો. પ્રતિમા નિર્માણ સલાહકાર અને શિલ્પકાર સામે કેસ નોંધવામાં આવ્યો હતો. સંબંધિત લોકોની ધરપકડ પણ કરવામાં આવી હતી. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના દિવસે જાહેર બાંધકામ વિભાગ (પીડબ્લ્યુડી) એ રાજકોટ કિલ્લા પર છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા સ્થાપિત કરવાનો નિર્ણય લીધો હતો.

છત્રપતિ શિવાજી મહારાજની તલવારધારી પ્રતિમા માટે કાંસાની ધાતુ સાથે સંપૂર્ણપણે કાટ-પ્રતિરોધક સ્ટેનલેસ સ્ટીલ વાપરવામાં આવ્યું છે. ૧૦૦ વર્ષનું આયુષ્ય ધરાવતી પ્રતિમાનું નિર્માણ થયા બાદ ૧૦ વર્ષ સુધી કોન્ટ્રેક્ટર દ્વારા તેની જાળવણી કરવામાં આવશે. ■

### રાયગડનું પાલક પ્રધાનપદું

# તટકરે વિરોધ કરતા હોવાની ગોગાવલેની ફરિયાદ

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન અને શિવસેનાના વિધાનસભ્ય ભરત ગોગાવલેએ સોમવારે એવો આરોપ લગાવ્યો હતો કે એનસીપીના પ્રદેશ પ્રમુખ સુનિલ તટકરેએ રાયગડ જિલ્લાના પાલક પ્રધાનપદ માટેના તેમના દાવાનો વિરોધ કર્યો હતો.

અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)એ ગોગાવલેના આરોપોને ફગાવી દીધા અને શિવસેનાના વડા એકનાથ શિંદેને વાચાળ નેતાઓ પર લગામ લગાવવાની અપીલ કરી હતી.

ગોગાવલેએ જણાવ્યું કે રાયગઢ માટે પાલક પ્રધાનની નિમણૂંક અંગેનો નિર્ણય ટૂંક સમયમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને એનસીપીના વડા અજિત પવાર દ્વારા લેવામાં આવશે.

રાયગડ જિલ્લા માટે પાલક પ્રધાનપદ શિવસેના અને એનસીપી વચ્ચે વિવાદનું કેન્દ્ર બની ગયું છે, જે ભાજપની આગેવાની હેઠળની મહાયુતિના સભ્યો છે.

ગોગાવલે અને એનસીપીના પ્રધાન તેમ જ એનસીપીના સાંસદ સુનિલ તટકરેનાં પુત્રી અદિતિ તટકરે વચ્ચેના ઘર્ષણને કારણે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને અદિતિને આ પદની ફાળવણી પર રોક લગાવવાની ફરજ પડી હતી.

તેમણે આરોપ લગાવ્યો કે શિવસેનાએ સુનીલ તટકરેને ટેકો આપ્યો હોવા છતાં, તેઓ અમારી વિરુદ્ધ કામ કરી રહ્યા છે અને અમારા પર ખોટા આરોપ લગાવી રહ્યા છે.

# ગેરકાયદે બાંગ્લાદેશીઓ સામે ઝીરો ટોલરન્સની નીતિઃ રાજ્ય સરકાર

નાશિકઃ મહારાષ્ટ્રના ગૃહ રાજ્યમંત્રી યોગેશ કદમે મંગળવારે કહ્યું કે રાજ્ય સરકાર દેશમાં ગેરકાયદે રીતે રહેતા બાંગ્લાદેશીઓ માટે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ ધરાવે છે.

નાસિક જિલ્લાના માલેગાંવ તાલુકામાં જન્મ પ્રમાણપત્ર જારી કરવામાં કથિત અનિયમિતતા બદલ ગયા અઠવાડિયે બે મહેસૂલ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા બાદ તેમની ટિપ્પણી આવી છે.

યોગેશ કદમે મંગળવારે કહ્યું હતું કે, 'અમારી સરકાર બાંગ્લાદેશીઓ (દેશમાં ગેરકાયદે રહેતા) સામે ઝીરો ટોલરન્સની નીતિ ધરાવીએ છીએ. જ્યારે અમે તેમને જન્મ પ્રમાણપત્ર આપીએ છીએ, ત્યારે અમે નાગરિકતાનો સત્તાવાર પુરાવો આપીએ છીએ.'તેઓ નાયબ તહસીલદાર સંદીપ ધારણકર અને નીતિનકુમાર દેવરેના સસ્પેન્શનને રદ કરવાની માગણી કરતા મહેસૂલ અધિકારીઓના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. ■

# થાણેની ૮૧ સ્કૂલ ગેરકાયદે, તાબડતોબ તાળાં મારવાનો આદેશ

થાણેઃ મહારાષ્ટ્રમાં થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન (ટીએમસી)એ શહેરની ૮૧ શાળાઓને ગેરકાયદે કાર્યરત જાહેર કરી સંચાલકોને તમામ સ્કૂલ તાત્કાલિક બંધ કરવા જણાવ્યું છે. ટીએમસીના શિક્ષણ વિભાગે સોમવારે જાહેર કર્યા અનુસાર યાદીમાં અંગ્રેજી માધ્યમની ૭૯ અને બે હિન્દી માધ્યમની શાળાઓનો સમાવેશ થાય છે. અમુક સ્કૂલ તો પ્રખ્યાત ઉદ્યોગ ગૃહો દ્વારા સંચાલિત છે.

પાલિકાની યાદીમાં જણાવ્યા અનુસાર આમાંની મોટાભાગની અનધિકૃત શાળાઓ થાણેના મુમ્બ્રા અને દિવા વિસ્તારોમાં આવેલી છે. આ શાળાઓમાં સંતાનોનું એડમિશન નહીં લેવા મહાનગરપાલિકાએ જનતાને જણાવ્યું છે. જો શાળા સંચાલકો આદેશોનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો તેમની સામે કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપવામાં આવી છે. (પીટીઆઈ)■

# બાળકીની જાતીય સતામણીઃ ઈમારતના સુરક્ષારક્ષકની ધરપકડ

થાણેઃ થાણેમાં આઠ વર્ષની બાળકીની જાતીય સતામણી કરવા પ્રકરણે હાઉસિંગ કોમ્પ્લેક્સના સુરક્ષારક્ષક સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી.

૩૮ વર્ષનો આરોપી રવિવારે સાંજે બાળકીને માનપાડા-ચિતલસર વિસ્તારમાં ઇમારત નજીક નિર્જન સ્થળે લઇ ગયો હતો, જ્યાં તેણે બાળકીની જાતીય સતામણી કરી હતી.

ચિતલસર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે બાળકી ત્યાંથી ભાગી છૂટી હતી અને ઘરે પહોંચ્યા બાદ તેણે માતાને તમામ હકીકત જણાવી હતી.

દરમિયાન માતાએ આ પ્રકરણે આરોપી સુરક્ષારક્ષક વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને પગલે પોલીસે ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ) ■

# નવી મુંબઈમાં ગુના ઉકેલાવાનો દર ૭૭ ટકા

નવી મુંબઈઃ નવી મુંબઈમાં ગુના ઉકેલાવાનો દર ૨૦૨૩માં ૭૪ ટકા હતો તેનાથી વધીને ૨૦૨૪માં ૭૭ ટકા પર પહોંચ્યો હોવાનું નવી મુંબઈના પોલીસ કમિશનર મિલિંદ ભારંબેએ સોમવારે જણાવ્યું હતું.

ભારંબેએ જણાવ્યું હતું કે ચોરાયેલી મતા હસ્તગત કરવામાં, આર્થિક ગુનાઓને ઉકેલવામાં, મહિલા વિરુદ્ધના ગુનાઓને નિયંત્રણમાં લેવા અને ડ્રગ્સની જપ્તિમાં નવી મુંબઈ પોલીસે નોંધપાત્ર સફળતા મેળવી છે.

૨૦૨૪માં નોંધાયેલા ૭,૩૬૯ ફોજદારી ગુનાઓમાંથી ૫,૬૭૭ ઉકેલવામાં આવ્યા હતા. ગંભીર ગુના ૯૮ ટકા, મિલકત સંબંધી કેસો બાવન ટકા, આર્થિક છેતરપિંડીના ૫૧ ટકા, મહિલાઓ વિરુદ્ધના ગુના ૯૮ ટકા સહિત અન્ય ગુના ૮૭ ટકા ઉકેલવામાં સફળતા મળી હતી. ૨૦૨૩માં ચોરાયેલી મતા ૬૧ ટકા હસ્તગત કરાઈ હતી, જ્યારે ૨૦૨૪માં ૭૨ ટકા હસ્તગત કરાઈ હતી, એવું કમિશનરે જણાવ્યું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ ૨૦૨૪માં મહિલાઓ વિરુદ્ધના ૬૨૬ ગુના નોંધાયા હતા, જેની સામે તેના આગલા વર્ષે ૧૦૪ ગુના વધારે નોંધાયા હતા.

નવી મુંબઈ પોલીસે ૨૦૨૪માં ૪૩૬ સાયબર ક્રાઈમના ગુના નોંધ્યા હતા, જેમાં નાગરિકોએ ૧૫૦.૯૭ કરોડ રૂપિયા ગુમાવ્યા હતા. આમાંથી ૪૧.૩૨ કરોડ રૂપિયા ફ્રીઝ કરવામાં આવ્યા હતા અને ૬.૯૨ કરોડ રૂપિયા કોર્ટના આદેશને આધારે ફરિયાદીઓને પાછા સોંપવામાં આવ્યા હતા.

વીતેલા વર્ષમાં નવી મુંબઈ પોલીસે ૨૦૬ આરોપી વિરુદ્ધ ૧૧૩ કેસ નોંધી ૩૩.૬૮ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું. આરોપીઓમાં ૫૬ વિદેશી નાગરિકનો સમાવેશ થાય છે. એ સિવાય ૪૭ બાંગ્લાદેશી નાગરિક સામે કાર્યવાહી કરાઈ હતી, જેમાંથી ૧૩ જણને દેશનિકાલ કરાયા હતા, એમ ભારંબેએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■





પ્રકરણઃ ૨૪

# ચહેરા મોહરા

**હવે હું પણ નવેસરથી જિંદગીની શરૂઆત કરવા માગુ છું. તમારા આ કામમાં કોઈ ખૂનખરાબો કે હિંસા ન હોવી જોઈએ. કોઈક સમસ્યા ઊભી થાય તો તમે મારી આગળ ઢાલ બનીને ઉભા રહેશો તેવું અભયવચન પણ માગુ છું....**



પ્રફુલ્લ કાનાબાર

એ અકસ્માતમાં બળવંતરાય શેઠના ડ્રાયવર તથા દીકરા ને વહુની લાશ મળી હતી, પણ પાંચેક વર્ષના પૌત્ર સોહનની લાશ પાણીમાં જ ક્યાંક વહી ગઈ હતી. એ પછી એક પ્રખ્યાત જ્યોતિષીએ બળવંતરાય શેઠને વર્ષો પહેલાં કહ્યું હતું કે 'એક દિવસ તમારો પૌત્ર સોહન જરૂર ઘરે પરત આવશે.' દાદાજી તેમના વારસદાર એટલે કે પૌત્ર સોહનની ખાસ્સા વર્ષોથી રાહ જોઈ રહ્યા છે.

'બાપુ, આ વાતની તમને કેવી રીતે ખબર પડી?' સોહમે મુદ્દાનો સવાલ કર્યો.

'છેલ્લા દસકાથી બળવંતરાય શેઠ દર વર્ષે ગુરુપૂર્ણિમાને દિવસે અહીં આશ્રમમાં આવે છે. છેલ્લે અહીં આવ્યા ત્યારે અચાનક તેમની તબિયત લથડી હતી. મેં વલસાડથી ડોકટર બોલાવીને તાત્કાલિક સારવાર અપાવી હતી.' આમ તો ઉમરને કારણે તેમને સામાન્ય શ્વાસની તકલીફ થઇ હતી. શેઠની તબિયતના સમાચાર તેમના ડ્રાયવરે સેક્રેટરીને આપતાં બીજે દિવસે મુંબઈથી ડોક્ટરોની ફોજ આવી પહોંચી હતી. જોકે એ સમયે તો બળવંતરાયની તબિયત સુધરી ગઈ હતી. આગલે દિવસે બળવંતરાય શેઠે આશ્રમમાં રાત્રી રોકાણ કર્યું હતું તેથી તેમની સાથે મારે વધારે એકાંતમાં રહેવાનું થયું હતું. એ સમયે તેમણે આ આખી ઘટનાની મને જાણ કરી હતી.

'આપણા દેશમાં ગરીબ હોય કે ધનવાન..' તેમને ભગવાન પર જેટલો ભરોસો હોય છે તેના કરતાં વધારે ભરોસો અમારા જેવા ધાર્મિક ગુરુઓ પર હોય છે. અમારા આશ્રમ આવા લોકોની આસ્થા તથા તેમણે આપેલાં દાનને કારણે જ ચાલતા હોય છે. એ દિવસે બળવંતરાય શેઠની સાથે થયેલા વાર્તાલાપમાં મેં એ ગૂમ થયેલા પાંચ વર્ષના બાળક વિશેની શક્ય તેટલી માહિતી તેમની પાસેથી કઢાવી લીધી હતી. જોગાનુજોગ એ વાર્તાલાપ થયો તેના સાત દિવસ બાદ અમદાવાદની જેલમાં આપણો મેળાપ થયો.'

'હમમમ'' હવે સોહમના મનમાં એ સવાલ ઉભો થયો કે બાપુ પાસે તો બે ડઝન વિશ્વાસુ શિષ્યોની ફોજ છે. તેમાંથી કોઈ એકાદને પસંદ કરવાને બદલે તેમણે આટલે દૂરથી તેના જેવા અજાણ્યા યુવાનને આવડા મોટા કામ માટે કેમ બોલાવ્યો હશે?

સોહમના ચહેરા પર ચાલતી ગડમથલ બાપુએ ઘડીના છઠ્ઠા ભાગમાં પકડી પાડી :

'સોહમ તું એ વિચારે છે ને કે આ કામ માટે મેં તને શા માટે પસંદ કર્યો?'

'જી, બાપુ.'

'એના એક નહી પણ બે કારણ છે.'

'બે કારણ?'

'હા..એક તો એ કે છેલ્લા તેર વર્ષથી તું બહારની દુનિયાથી દૂર હતો. આજે તને કોઈ ઓળખતું જ નથી. વળી ભલે તને જેલની સજા થઇ હતી પણ તું કોઈ રીઢો ગૂનેગાર નહોતો કે અંધારી આલમનો શાર્પશૂટર પણ નહોતો. તારાથી આવેશમાં થઇ ગયેલા એક માત્ર ખૂનની સજા ભોગવી રહ્યો હતો. જેલમાં પ્રવચન આપતી વખતે સૌથી અલગ પડી જતા કેદી તરીકે તું મારા ધ્યાનમાં આવી ગયો હતો. મેં જ સામેથી ગોહિલ સાહેબને કહીને તને રૂબરૂ મળવા માટે કેબિનમાં બોલાવ્યો હતો, જેથી તેમના મોઢેથી તારા વિષે થોડુંક જાણવા મળે.

'અને બીજું કારણ?' સોહમે પૂછયું.

'બીજું કારણ કહું તે પહેલા તારે મને એક વચન આપવું પડશે.' તુલસીરામ બાપુએ તેમનો જમણો હાથ આગળ ધર્યો.

સોહમે પોતાનો જમણો હાથ બાપુના હાથમાં મૂકીને કહ્યું :

'હું વચન આપું છું.'

'વાહ.. આને કહેવાય ભરોસો...તેં પૂછયું પણ નહી કે શેનું વચન?'

'બાપુ, હું અહીં સુધી આવ્યો છું, એ જ એ વાતની સાબિતી છે કે મને તમારા પર પૂરેપૂરો ભરોસો છે. હવે હું પણ નવેસરથી જિંદગીની શરૂઆત કરવા માગુ છું. હું તો તમારી પાસે એટલી જ ખાતરી માગીશ કે આ કામમાં કોઈ ખૂનખરાબો કે હિંસા ન હોવી જોઈએ. કદાચ કોઈક સમસ્યા ઉભી થાય તો તમે મારી આગળ ઢાલ બનીને ઉભા રહેશો તેવું અભયવચન પણ માગુ છું..'

સોહમે ચાલાકીપૂર્વક બાપુ કોઈ વચન માગે તે પહેલાં જ ખુદની સલામતી માટેનું વચન તેમની પાસેથી માંગી લીધું. સોહમનો હાથ હજૂ બાપુના હાથમાં જ હતો.

'હા, એ અભયવચન તો હું તને અત્યારે જ આપું છું.' બાપુએ ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તથાસ્તુ કહેતા હોય તેમ કહી દીધું.

હવે બાપુ વચનમાં શું માગે છે એ સાંભળવા માટે સોહમ ઉત્સુક હતો.

'સોહમ, માની લે કે આજથી તારું જીવન એક શતરંજ છે. તેની દરેક ચાલ મારા હાથમાં રહેશે. તારો રોલ એક સૈનિકનો જ રહેશે. ભવિષ્યમાં તું સમગ્ર પ્રોપર્ટીનો માલિક બનીશ,પણ તેનો દોરીસંચાર મારા હાથમાં જ રહેશે! .

'બાપુ, હું સમજ્યો નહીં.'

'સોહમ, હું હવે અન્ય કોઈ પાસે દાન માટે હાથ લંબાવીને આશ્રમ ચલાવવા નથી માગતો. આ કુબેર ભંડાર હાથમાં હોય તો મારો આશ્રમ માત્ર તેના પર જ નભી જાય.'

સોહમ વિચારી રહ્યો..બાપુની આ માંગ તો ઘણી મોટી હતી, પણ બાપુની મદદ વગર બળવંતરાય શેઠના વારસદાર તરીકે પ્રસ્થાપિત થવાનું શક્ય પણ ક્યાં હતું?

'શું વિચારે છે?' બાપુએ સોહમનો પકડેલો હાથ થોડો દબાવીને પૂછયું. સોહમ એકદમ સતર્ક થઇ ગયો.બાપુ તેના મનમાં રમતો વિચાર પકડી પાડે તે પહેલાં સોહમ એકદમ ભાવુક થઈને બોલી ઉઠયો :

'બાપુ, આજે મારા બંને ખિસ્સા ખાલી છે. મારી પાસે એક ફદિયું પણ નથી. જે કાંઈ પ્રાપ્ત થશે એ આપની કૃપાને કારણે જ હશે..તે હું સ્વીકારું છું. હવે તો બસ આ કામ માટે મારી જ પસંદગી કરવા પાછળનું બીજું કારણ સાંભળવા ઉત્સુક છું.' સોહમે બાપુના હાથમાંથી પોતાનો હાથ ધીમેથી છોડાવતા કહ્યું.

'સોહમ, બળવંતરાયના કહેવા મૂજબ તેમના પૌત્ર સોહનના બંને પગમાં છ આંગળીઓ હતી ..એવું ભાગ્યેજ કોઈકને હોય છે.'

સોહમ ચમક્યો... કારણકે તેના બંને પગમાં છ આંગળીઓ હતી ! હવે સોહમને તાળો મળી ગયો. તે દિવસે ગોહિલ સાહેબની કેબિનમાં તે બાપુને મળવા ગયો ત્યારે ખુલ્લા પગે જ અંદર પહોંચ્યો હતો. બાપુનું ધ્યાન ત્યારે જ એ તરફ પડયું હોવું જોઈએ.

'હા સોહમ. તું બરોબર વિચારે છે. એ દિવસે જ મારું ધ્યાન તારા બંને પગની છ આંગળીઓ તરફ ગયું હતું.' બાપુએ નિખાલસતાથી કહ્યું.

સોહમ એકદમ બાળપણના એ દિવસોમાં ખોવાઈ ગયો. મા..બધાને પગમાં એક અંગૂઠો અને ચાર આંગળીઓ હોય છે મારે કેમ બંને પગમાં એક એક આંગળી વધારે છે?

'બેટા, કહેવાય છે કે નસીબદાર હોય તેને જ એક આંગળી વધારે હોય.'

'પણ મા, મારે તો બંને પગમાં એવું છે.' નાનકડા સોહમે જમીન પર બેઠા બેઠા જ બંને પગ ઊંચા કરીને કહ્યું હતું.

'બેટા તું બમણો નસીબદાર છે એટલે' માએ સોહમને વ્હાલ કરતા કહ્યું હતું.

'મા, નસીબદાર એટલે શું?' નિર્દોષ સોહમે આંખો પટપટાવીને પૂછયું હતું.

'બેટા, નસીબદાર એટલે જે પોતાની ઈચ્છા મુજબ સ્વતંત્ર રીતે રહી શકે..ઘરમાં અઢળક લક્ષ્મી હોય.. કમાવાની ચિંતા ન હોય.. ભગવાનના ચાર હાથ હોય...'

માને વચ્ચેથી બોલતી અટકાવીને સોહમે સામેની દીવાલ પર લટકાવેલા શ્રીનાથજીના ફોટા સામે અંગૂલીનિર્દેશ કરીને પૂછયું હતું...

'આ ભગવાન?'

'હા બેટા'

એ વખતે તો સોહમની ઉમર માત્ર સાત વર્ષની જ હતી. જેમ જેમ તે મોટો થતો ગયો અને કાયમ ફાટેલા કપડાં પહેરેલી ગરીબ માનો સંઘર્ષ સમજતો થયો કે તરત તેને ભગવાન પરથી શ્રદ્ધા ઉઠી ગઈ હતી. અધૂરામાં પૂરું, અચાનક બેકાર થઇ ગયેલા પિતાએ દારૂના રવાડે ચડીને ઘરનું વાતાવરણ જ ડહોળી નાખ્યું હતું. સોહમના બાળમાનસ પર તેની વિપરીત અસર પડી હતી. જેમ જેમ મા પર દુઃખના પોટલાં વધતા ગયા તેમ તેમ સોહમનો ભગવાન પ્રત્યેનો આક્રોશ પણ બેવડાતો ગયો હતો.


પાંચેક વર્ષ બાદ એક વાર પિતાના ત્રાસથી કંટાળેલા સોહમે કહ્યું હતું :

'મા.. તું તો કહેતી હતી કે જેના પગમાં છ આંગળીઓ હોય એ નસીબદાર જ હોય. પણ મને તો એવું લાગતું નથી.'

'દીકરા, હજુ તો તું બાર વર્ષનો થયો. તારી પાસે આખી જિંદગી પડી છે. એમ ઉતાવળે કોઈ પણ અભિપ્રાય ન બંધાય.'

સોહમને આટલા વર્ષો બાદ માની એ વાત સાચી લાગી રહી હતી. જે છ આંગળી બાળપણમાં તેને પસંદ નહોતી આજે એ જ તેને કરોડો રૂપિયાનો વારસો મેળવવામાં નિમિત્ત બની રહી હતી! આજે તેને એ છ આંગળી હોવાનો કોઈ રંજ નહોતો, કારણકે જીવન એક શતરંજ છે એ વાત તેને હવે ઝડપથી સમજાઈ રહી હતી..

(ક્રમશઃ)■



---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| SOP | સાબુ |
| SOAP | દાઝવું |
| SHOP | ડંખ |
| SINGE | દુકાન |
| STING | પલાળવું |

### ઓળખાણ પડી?

વિશ્વમાં સૌથી વધુ પગ ધરાવતા જીવની ઓળખાણ પડી? ઓસ્ટ્રેલિયામાં મળી આવેલી પ્રજાતિની માદાને ૧૩૦૬ પગ છે.



અ) Chilopoda બ) Centrum ક) Marmot ડ) Millipede

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | ૨ જ્ઞા | ૩ પ | ન | ■ | ૪ સં | ૫ પા | દ | ૬ કી | ૭ ય |
| ૮ શે | ની | ય | ■ | ૯ ઓ | ક | ળી | ■ | ૧૦ ર | જ |
| ષાં | ■ | ■ | ૧૧ મ | છ | ર | ■ | ૧૨ જ | ■ | મા |
| ૧૩ ક | ફ | ૧૪ ન | ■ | વ | ■ | ૧૫ હ | વા | ૧૬ મા | ન |
| ■ | ■ | ૧૭ ક્ષ | ણ | ■ | ૧૮ ર | વા | ન | ગી | ■ |
| ૧૯ નિ | હા | લ | ■ | ૨૦ પ | ■ | બા | ■ | ૨૧ તા | ૨૨ ક |
| મં | ■ | ■ | ૨૩ ખ | રા | ૨૪ ખ | રી | ■ | ૨૫ ગી | લ |
| ત્રિ | ■ | ૨૬ સ | ■ | ૨૭ મ | ત | ■ | ૨૮ હા | ■ | બ |
| ૨૯ ત | ૩૦ ર | ણ | ■ | ર્શ | ■ | ૩૧ કા | લા | ૩૨ વા | લા |
| ■ | ૩૩ ચ | કા | ચ | ક | ■ | ૩૪ મ | ર | ક | ટ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ | ૭ | ■ |
| ૮ | | | ■ | ૯ | ■ | ૧૦ | | | |
| | ■ | ■ | ૧૧ | | | | | ■ | ■ |
| ૧૨ | ૧૩ | | ■ | | ■ | | ■ | ૧૪ | ૧૫ |
| ■ | | ■ | ૧૬ | | ૧૭ | | ■ | ૧૮ | |
| ૧૯ | | | | ■ | | ■ | ૨૦ | | ■ |
| ૨૧ | | ■ | ■ | ૨૨ | ■ | ૨૩ | | | ૨૪ |
| | ■ | ૨૫ | | | ■ | ૨૬ | | ■ | |
| ૨૭ | ૨૮ | | ■ | ૨૯ | ૩૦ | | ■ | ૩૧ | |
| ૩૨ | | | ■ | ૩૩ | | | | ■ | |

**આડી ચાવી**

૧. વેતન સાથે (૪)
૪. સ્વાગત (૪)
૮. એક શાકાહારી પશુ (૩)
૧૦. હિસાબી ચોપડામાં-કરો (૪)
૧૧. પરિતૃપ્ત (૫)
૧૨. અણપઢ (૩)
૧૪. ફૂલ, મોગરો (૨)
૧૬. માનધન (૪)
૧૮. જ્ઞાતિ (૨)
૧૯. ઉત્સાહથી (૪)
૨૦. શરદી-ઉધરસમાં --- લેવો પડે (૨)
૨૧. બીક, ભય (૨)
૨૩. પાસે નથી, કાંઇ જ નહીં (૪)
૨૫. એલોપથીનો વૈદ્ય (૩)
૨૬. પુન, પાછું (૨)
૨૭. નાળિયેરમાંથી નીકળે (૩)
૨૯. ખોટ, કમી (૩)
૩૧. --- બહાર જાય નહીં, ગુ. નાટક (૨)
૩૨. આશરો (૩)
૩૩. સાર, તાત્પર્ય (૪)

**ઊભી ચાવી**

૧. સાથ, સહકાર (૪)
૨. લાકડું કપાતાં નીકળતો ભૂકો (૨)
૩. તેનું, કેરું (૨)
૫. સમયસર (૫)
૬. કાપડને કાપે (૩)
૭. અવાજ (૨)
૯. પરિવર્તન (૪)
૧૩. હિંદુ કેલેન્ડરનો બીજો મહિનો (૪)
૧૪. ગુના માટે (૪)
૧૫. આદત, ટેવ (૨)
૧૬. શહેર, પૂરેપૂરું, ભરેલું (૨)
૧૭. ઠંડીમાં માથે બાંધો (૨)
૧૯. શબ્દોની માન્ય જોડણીનો ખજાનો (૫)
૨૦. ગરીબી, દેવાળું (૩)
૨૨. ૨૬ જાન્યુ. એ ઝંડા--- હોય (૪)
૨૩. ઘૃણા, દ્વેષ (૪)
૨૪. ઓફિસ (૪)
૨૫. ભીષણ, તુમુલ, તીવ્ર (૩)
૨૮. વેરઝેરથી --- થઇ જાવ (૨)
૩૦. સાહેબ (અં.) (૨)

### ગુજરાત મોરી મોરી રે

'પારકે પૈસે આનંદ કરવો' જેવો અર્થ ધરાવતી કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ચંદન લાલિયા મફત બે ઘસ કા

### માતૃભાષાની મહેક

'વિશ્વાસ વગર વહાણ ન ચાલે' એ કહેવત અનેક વર્ષોથી આપણે જાણીએ છીએ. એમ તો આ કહેવત વિશ્વાસથી જ ચાલી છે, કારણ કે મૂળ કહેવત છે 'વા સવાએ વહાણ ચાલે.' જેનો અર્થ થાય છે અનુકૂળ વાયુ વિના (સવા વિના) વહાણ આગળ ન ચાલી શકે. વા સવાનું કોઈ કારણસર વિશ્વાસ થઈ ગયું.

### સુડોકુ-૭૦૯૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | ૩ | ૪ | ૧ | | | ૮ |
| | ૯ | | ૫ | | ૬ | | ૩ | |
| | | ૭ | | ૨ | | ૬ | | |
| ૮ | | | ૬ | | ૨ | | | ૯ |
| | | ૧ | | | | ૮ | | |
| ૯ | | | ૪ | | ૮ | | | ૧ |
| | | ૩ | | ૬ | | ૯ | | |
| | ૫ | | ૨ | | ૪ | | ૮ | |
| ૪ | | | ૯ | ૮ | ૭ | | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૯૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૬ | ૧ | ૪ | ૭ | ૮ | ૯ | ૨ | ૫ |
| ૨ | ૭ | ૯ | ૩ | ૫ | ૧ | ૪ | ૮ | ૬ |
| ૮ | ૫ | ૪ | ૬ | ૨ | ૯ | ૧ | ૩ | ૭ |
| ૧ | ૮ | ૫ | ૭ | ૯ | ૩ | ૨ | ૬ | ૪ |
| ૬ | ૪ | ૩ | ૧ | ૮ | ૨ | ૫ | ૭ | ૯ |
| ૭ | ૯ | ૨ | ૫ | ૪ | ૬ | ૩ | ૧ | ૮ |
| ૪ | ૧ | ૮ | ૯ | ૩ | ૭ | ૬ | ૫ | ૨ |
| ૯ | ૨ | ૬ | ૮ | ૧ | ૫ | ૭ | ૪ | ૩ |
| ૫ | ૩ | ૭ | ૨ | ૬ | ૪ | ૮ | ૯ | ૧ |

### ઈર્શાદ

બે ચાર છાંટાથી છીપે, એવી નથી તરસ,
તારે વરસવું હોય તો આકાશ મન મૂકી વરસ.
-- પુરુરાજ જોષી

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'જલધિજલદલ ઉપર દામિની દમકતી, યામિની વ્યોમસર માંહી સરતી' પંક્તિમાં વ્યોમ શબ્દનો અર્થ જણાવો.

અ) વ્યાસ બ) વાયુ ક) અંધકાર ડ) આકાશ

### માઈન્ડ ગેમ

સવા કરોડના મૂડી રોકાણ પર ૧૨ ટકા નફો થયો અને નફા પર ૨૦ ટકા ટેક્સ ભર્યો તો કુલ કેટલો નફો થયો એ જણાવો.

અ) ૯ લાખ ૫૦ હજાર બ) ૧૧ લાખ ૫ હજાર ક) ૧૨ લાખ ડ) ૧૪ લાખ

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| Temper | ગુસ્સો |
| Tamper | ચેડાં કરવા |
| Tramp | રખડવું |
| Trump | હુકમ |
| Trunk | થડ |

ઓળખાણ પડી?
કપાસી

માઈન્ડ ગેમ
૬ અને ૩૦

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ભયંકર

ગુજરાત મોરી મોરી રે
ગરજ બિચારી પાપડી ખાય શીરો ને પાપડી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) મુલરાજ કપૂર (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ભારતી બુચ (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પ્રવીણ વોરા (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) લજિતા ખોના (૧૪) નિખિલ બંગાળી (૧૫) અમીશી બંગાળી (૧૬) તાહેર ઔરંગાબાદવાલા (૧૭) શીરીન ઔરંગાબાદવાલા (૧૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૯) મીનળ કાપડિયા (૨૦) વિમલ શાહ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) મહેશ દોશી (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) હરીશ મનુભાઈ ભટ્ટ (૨૮) સુરેખા દેસાઈ (૨૯) વિણા સંપટ (૩૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૧) જગદીશ ઠક્કર (૩૨) હિના દલાલ (૩૩) રમેશ દલાલ (૩૪) ઈનાક્ષી દલાલ (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) અરવિંદ કામદાર (૩૭) નિતિન બજરિયા (૩૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૯) ધીરેન્દ્ર ઉદેશી (૪૦) ગીતા ઉદેશી (૪૧) પ્રતિમા પમાણી (૪૨) અંજુ ટોલિયા

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

## બજેટના કોથળામાંથી કેવું બિલાડું નીકળશે?!

### આમઆદમીને અંદાજપત્રમાં હંમેશાં નિરાશા જ સાંપડી છે, જોઈએ આ વખતે સરકાર કેવો અંદાજ બતાવે છે!

**અંદાજપત્ર** પાછલા અનેક વર્ષથી મધ્યમ વર્ગને અકળાવનારું જ સાબિત થયું છે. ગમે તેવા સંજોગ હોય, ગમે તેવી આશા હોય અને ગમે તે સરકાર હોય! ભલેને ઇલેક્શન સામે હોય કે અર્થતંત્રનો વિકાસ સારો હોય અને સરકારની તિજોરી છલકાતી હોય! મધ્યમ વર્ગને હંમેશાં ઠેંગો જ મળે છે.

આ વર્ષે ફરી આશાના તોરણો બંધાયા છે. સવાલ પણ ફરી એ જ છે, શું મધ્યમ વર્ગના કરવેરાની તકલીફ આ વખતે આખરે ઓછી થશે? આપણે અંદાજપત્ર પહેલાના અહેવાલોમાં જે સંકેત મળ્યા છે તેનો તાગ મેળવવાનો પ્રયાસ કરીએ.

તાજેતરના સમયમાં મોટાભાગના અંદાજપત્રમાં વ્યક્તિગત આવકવેરાના મોરચે મધ્યમ વર્ગની છેતરપિંડી જ થઇ છે, તેમ છતાં આ વર્ષે ફરી અપેક્ષાઓ આસમાને પહોંચી છે. આ વખતે, કરવેરા ઘટાડાની અપેક્ષાઓ વધુ વર્ગમાં છવાઈ ગઈ છે કારણ કે ફુગાવો મધ્યમ વર્ગની ખરીદશક્તિને સતત ક્ષીણ કરી રહ્યો હોવાથી કરદાતાઓના જીવનધોરણમાં તો અધોગતિ થઇ જ રહી છે, પરંતુ એકંદર અર્થતંત્રને પણ વપરાશી માગ ઘટવાથી ફટકો પડી રહ્યો છે.

સવાલ એ છે કે, શું નાણાં પ્રધાન આ વખતે મધ્યમ વર્ગ માટે કોઇ માયા દેખાડશે? આનો જવાબ તો આપણે પહેલી ફેબ્રુઆરીએ જાણીશું. જેમ જેમ બજેટ નજીક આવી રહ્યું છે, તેમ તેમ મધ્યમ વર્ગના કરદાતા આવશ્યક ચીજવસ્તુઓના વધતા ભાવમાંથી પોતાનો માર્ગ શોધવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, અને એ સાથે આવકવેરા દરમાં રાહતની અપેક્ષાઓ વધી રહી છે.



એક અહેવાલમાં જણાવાયું હતું કે બજેટ ૨૦૨૫ રજૂ કરતા પહેલા, સરકાર વધારાની છૂટછાટો કે રાહતો નાબૂદ કરીને નવી કર વ્યવસ્થા જાળવી રાખવાનું લક્ષ્ય ધરાવે છે, અલબત્ત અમુક થ્રેશોલ્ડ લિમિટ અને સ્લેબ માળખામાં ફેરફાર કરવા પર પણ વિચાર કરી રહી છે.

આનું એક અર્થઘટન એવું પણ થાય છે કે, સરકાર આંકડાકીય માયાજાળ રચીને મધ્યમ વર્ગને અત્યારે જૂની કરવેરા પદ્ધતિમાં જે નાનીમોટી રાહતો કે છૂટ મળે છે તે પણ પાછી ખેંચી લેવા માગે છે અને અત્યાર સુધી વૈકલ્પિક રહેલી નવી કરવેરા પદ્ધતિ ફરજિયાત બનાવવાની તૈયારીમાં છે!

આવકવેરા દર સામાન્ય રીતે બજેટ પ્રક્રિયામાં અંતિમ તબક્કામાં સમાવિષ્ટ અંતિમ ઘટકોમાંનો એક છે. શનિવારે રજૂ થનારા આ વર્ષના બજેટ પહેલા, કંપનીઓ અને અર્થશાસ્ત્રીઓ સહિત વિવિધ હિસ્સેદારોએ કરદાતાઓ, ખાસ કરીને મધ્યમ વર્ગ પરના ભારણને ઘટાડવા માટે કર દરોમાં ફેરફાર કરવાની દલીલ કરી છે, જે ધીમી માગને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે.

જોકે આપણે જાણીએ છીએ કે ગયા વર્ષ ઇલેકશન માથે હોવા સાથે ટોચના ઔદ્યોગિક સંગઠનોએ જેમ મધ્યમ વર્ગને કરવેરામાં રાહત આપવાની અપીલ કરી હતી, કે જેથી તેમની ખરીદશક્તિ વધે તો વપરાશી માગને આધારે એકંદર અર્થતંત્રને પણ ટેકો મળે. જોકે સરકારે પ્રજાને ભયંકર નિરાશાની ભેટ આપી હતી.

ગયા વર્ષે, નાણાં પ્રધાન નિર્મલા સીતારામને પગારદાર વ્યક્તિઓ માટે પ્રમાણભૂત કપાત વધારીને રૂ. ૭૫,૦૦૦ કરી હતી અને ટેક્સ સ્લેબમાં સુધારો કરવા સાથે એવો દાવો કર્યો હતો કે આ ફેરફારોથી કરદાતાઓને રૂ. ૧૭,૫૦૦નો ચોખ્ખો ફાયદો થશે. તમને થયો હોય તો ગણતરી કરી જુઓ!

આ વખતે સ્ટાન્ડર્ડ ડિડકશન અને સ્લેબમાં કેટલાક ફેરફારો અપેક્ષિત છે. આધારભૂત સાધનો અનુસાર આ વખતના અંદાજપત્ર સંદર્ભની સરકારની આંતરિક ચર્ચાઓ પ્રમાણભૂત કપાત (સ્ટાન્ડર્ડ ડિડકશન)માં વધુ વધારો કરવા પર કેન્દ્રિત રહી છે.

જો આ સાચું હોય તો આ પગલાથી તમામ કરદાતાઓને નોંધપાત્ર રાહત મળવાની અપેક્ષા છે. આ ઉપરાંત, મધ્યમ વર્ગના ગ્રાહકોની આવકમાં બચત થાય એને તેમના પરનો કરવેરાનો બોજ હળવો થાય એ માટે દબાણ વધી રહ્યું હોવાથી ઊંચી આવક ધરાવતા બ્રેકેટમાં આવનારા વર્ગ સહિત વિવિધ સ્લેબમાં કરવેરાની જવાબદારીઓ ઘટાડવાની દરખાસ્તો કરવામાં આવી છે. હવે સરકારે દરખાસ્ત સાંભળી છે કે નહીં તે શનિવારે ખબર પડશે.

આરોગ્ય અને પેન્શન ખર્ચ પર વધારાની છૂટછાટોની માગ થઇ છે. આ બાબત ખરીદશક્તિ સાથે સીધી સંકળાયેલી નથી, આમ છતાં આ બાબતમાં સરકાર કૂણી રહે એવી શક્યતા છે.

જોકે, એ બાબત ધ્યાનમાં લેવી ઘટે કે, સરકાર નવી કર વ્યવસ્થામાં દરોના શુદ્ધિકરણ એટલે કે રાહતમુક્ત દરોનો યુગ શરૂ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આવી સ્થિતિમાં આરોગ્ય વીમા અને પેન્શન યોગદાન જેવા આવશ્યક ખર્ચ માટે છૂટછાટો વધારવાની પણ દરખાસ્તો છે.

આ બાબત ખાસ કરીને ભારતમાં સંબંધિત છે, જ્યાં સરકારી કર્મચારીઓ સિવાયની વ્યક્તિઓ પાસે ઘણીવાર સલામતી, સિક્યોરિટી નેટનો અભાવ હોય છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એક અહેવાલમાં ૫૦,૦૦૦ રૂપિયા સુધીના આરોગ્ય વીમા મુક્તિ અને ૭૫,૦૦૦ રૂપિયા અથવા તો એક લાખ રૂપિયા સુધીના રાષ્ટ્રીય પેન્શન યોજના યોગદાનની હિમાયત કરવામાં આવી છે.

જો સરકારે ૧૦થી ૧૫ લાખ રૂપિયાની કરપાત્ર આવક ધરાવતી વ્યક્તિઓ માટે ૧૫ ટકા લેવી રજૂ કરતી વખતે ટોચના કરવેરાના દરને ૩૦ ટકાના દરે જાળવી રાખે (જે ૧૨-૧૫ લાખ રૂપિયા કમાતા લોકો માટે હાલના વીસ ટકાથી વિપરીત છે), તો તેનાથી સરકારને વાર્ષિક ૧૬,૦૦૦ કરોડ રૂપિયાથી ૫૦,૦૦૦ કરોડ રૂપિયા સુધીની આવકનું નુકસાન થઈ શકે છે.

એ જ રીતે, જો ૧૫ લાખ રૂપિયા કે તેથી વધુ કમાણી કરનારાઓ માટે ટોચનો દર ૩૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરવામાં આવે, તો સૂચિત છૂટછાટો સાથે, સંભવિત આવક અસર ૭૪,૦૦૦ કરોડ રૂપિયાથી ૧.૧ લાખ કરોડ રૂપિયા સુધી વધી શકે છે.

જીડીપીની ટકાવારીના ધોરણે આ આંકડા ઘણાં નાના છે. જોકે, સરકાર કે નાણાં મંત્રાલય દેશમાં એક કરોડની કિંમતની વેચાતી કાર અને જ્વેલર્સના અધધધધધ ટર્નઓવરને જોતા મધ્યમ વર્ગનો વિચાર જ માંડી વાળતું હોય એવું લાગે છે. ભય તો એ વાતનો છે કે, સરકાર લાડકી બહેન અને લાડકા કિસાનોને જે લહાણી કરી રહી છે અને કરે છે તેની કિંમત મધ્યમ વર્ગ પાસેથી વસૂલ ના કરે! ■

પ્રાસંગિક___અમૂલ દવે
feedback@bombaysamachar.com



## વેનેઝુએલાની પ્રજાનો સખત વિરોધ છતાં ધરાર સત્તારૂઢ થયા નિકોલસ મદુરો

વેનેઝુએલાના લોકપ્રિય નેતા હુગો ચાવેઝના અવસાન બાદ વચગાળાના પ્રમુખ તરીકે સત્તા સંભાળ્યાના ૧૧ વર્ષ બાદ નિકોલસ મદુરોએ લેટિન અમેરિકાના દેશ વેનેઝુએલામાં પ્રમુખ તરીકે ફરી સોગંદ લીધા છે.

હોદ્દો જાળવી રાખવાના સંજોગો અને એમના સત્તારૂઢ થવા સામેનો આંતરરાષ્ટ્રીય વિરોધ જૂની ઘટનાનો પૂર્વાભાસ કરાવે છે. ૨૦૧૯માં મદુરોએ પ્રમુખ તરીકે બીજી વાર સોગંદ લીધા ત્યારે અમેરિકા, પાડોશી દેશ કોલંબિયા અને બ્રાઝિલ તથા યુરોપિયન યુનિયનના સભ્ય દેશો એમ કુલ ૪૦ દેશ તરફથી એમના પ્રમુખપદને માન્યતા નહોતી મળી. માત્ર બોલિવિયા, ક્યુબા, નિકારગુઆ અને અલ સાલ્વાડોર સહિત ૧૬ દેશે તાજપોશી વખતે એમના પ્રતિનિધિઓને મોકલ્યા હતા.

આનાથી વિપરીત ૨૦૨૫માં ફક્ત ક્યુબા અને નિકારાગુઆના બે પ્રમુખ જ આ તાજપોશીમાં હાજર રહ્યા. ૨૮ જુલાઈ, ૨૦૨૪માં થયેલી ચૂંટણીમાં જે રીતે મદુરોએ પોતાને વિજયી ઘોષિત કર્યા એની સામે આંતરરાષ્ટ્રીય વિરોધ વધારે પ્રબળ છે. અમેરિકા અને યુરોપિયન યુનિયને આનો વિરોધ કર્યો છે. લેટિન અમેરિકા દેશોએ ચૂંટણીના પરિણામનો વિરોધ કર્યો છે. આ દેશોનો આક્ષેપ છે કે હકીકતમાં મદુરો હારી ગયા છે, પણ એમણે ઘાલમેલ કરી વિજય મેળવ્યો છે. હકીકતમાં તો વિરોધ પક્ષના એડમન્ડ ગોન્ઝાલેઝ વિજયી થયા હતા. વેનેઝુએલાના પાડોશી દેશો કોલંબિયા, બ્રાઝિલ અને ચીલીએ મદુરોની જીતને નકારી કાઢી છે. આ ત્રણેય દેશમાં ડાબેરીઓની સત્તા છે. વિરોધ પક્ષના નેતા ગોન્ઝાલેઝે સ્પેનમાં આશરો લીધો છે. ગોન્ઝાલેઝેએ તાજેતરમાં લેટિન અમેરિકાના બે જમણેરી શાસિત દેશ આર્જેન્ટિના અને પનામાની મુલાકાત લીધી હતી. આ બે જમણેરી ઝુકાવ ધરાવતા દેશોએ વેનેઝુએલાના પ્રમુખની તાજપોશીમાં ન હાજર રહેવાનું નક્કી કર્યું હતું.

મદુરોને વિજેતા જાહેર કરતાં પરિણામ અને ચૂંટણી પ્રક્રિયા સામે અનેક ગંભીર સવાલ ઉભા થયા છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે ચૂંટણી વખતે નિષ્ણાતોની સમિતિને મોકલાવી હતી. યુએને પણ મદુરોને વિજયી જાહેર કરવાના નિર્ણયનો વિરોધ કર્યો છે.

વેનેઝુએલા પણ ભારતની જેમ ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન વાપરે છે. ભારતમાં તમે 'ઈવીએમ'માં બટન દબાવીને મત આપો પછી તમને એક સ્લિપ 'વીવીપીએટી' મશીનમાં પડતી દેખાય છે. ભારતમાં જૂજ ટકાના ઈવીએમ અને વીવીપીએટી મશીનના મતને સરખાવવામાં આવે છે ત્યારે ભારતના વિરોધપક્ષની માગણી છે કે જે ચબરખી નીકળે છે એ મતદાતાને મળવી જોઈએ અને મતદાતાને એ વીવીપીએટી પેટીમાં નાખવાની છૂટ હોવી જોઈએ.

બીજી તરફ, વેનેઝુએલામાં મતદાતા પસંદગી કરે પછી એક ઇલેક્ટ્રોનિક રસીદ નીકળે છે. ચૂંટણી પછી દરેક મશીન ઉમેદવારનાં નામ અને એને મળેલા મતની ટેલી શીટ છાપે છે. નેશનલ ઇલેક્શન કાઉન્સિલ પરંપરાગત રીતે ચૂંટણીના મત વેબસાઈટપર મૂકે છે. જોકે આ વખતે ગણતરીના સમયે વેબસાઈટ બગડી ગઈ હતી એટલે વિરોધ પક્ષોએ રિઝલ્ટ સામે વાંધો ઉઠાવતાં માગણી કરી હતી કે ટેલી શીટ બહાર પાડવામાં આવે.

વિરોધ પક્ષોએ ૩૦,૦૨૬ મતદાર કેન્દ્રોમાંથી ૮૩ ટકા ટેલી શટ ભેગી કરી હતી અને એના પ્રમાણે ગોન્ઝાલેઝને ૬૭ ટકા મત મળ્યા હતા. જોકે નેશનલ ઇલેક્શન કાઉન્સિલના આંકડા અલગ હતા. તેના પ્રમાણે મદુરોને ૫૧.૦૫ ટકા ને ગોન્ઝાલેઝને ૪૩.૨ ટકા મત મળ્યા હતા.

મદુરોના શાસને ડરામણી યુક્તિનો ઉપયોગ કર્યો હોવા છતાં મદુરોને લોકોએ મત આપ્યા નહોતા. મદુરોની સોગંદ વિધિ વખતે દેશભરમાં એનો સખત વિરોધ થયો હતો અને બાઈડેન અને ટ્રમ્પ બન્નેએ કહ્યું હતું કે મદુરો ચૂંટણી હારી ગયા છે અને એ બન્નેએ ગોન્ઝાલેઝને ચૂંટાયેલા પ્રમુખ વર્ણવ્યા છે.

આ સરમુખત્યારશાહી અને તાનાશાહી જ છે કે ચૂંટણી હારી ગયા છતાં મદુરો ત્રીજી વાર પ્રમુખ બન્યા છે. મદુરોને ચીન, રશિયા, ઈરાન, ક્યુબા તથા નિકારગુઆ ટેકો આપે છે. ચીન વેનેઝુએલા પાસેથી સસ્તામાં ખનીજ તેલ ખરીદે છે. ઈરાનની કંપની આ દેશમાં તેલ કાઢવાનું કામ કરે છે. અમેરિકા અને બીજા દેશોના આકરા પ્રતિબંધોને લીધે રશિયા, ચીન અને ઈરાનને મોકળું મેદાન મળી ગયું છે. આકરા પ્રતિબંધોને લીધે મદુરો કરતાં વેનેઝુએલાના લોકોને સહન કરવું પડે છે..


અમેરિકાએ મદુરોની ધરપકડ કરનારને ૬.૫ કરોડ ડોલરનું ઇનામ આપવાની જાહેરાત કરી છે. મદુરો આનાથી વિચલિત થયા નથી. એમણે તાનાશાહી ચાલુ રાખી.. દરેક સરમુખત્યારનું એક દિવસે પતન થાય છે. એ સમય દૂર નથી કે મદુરોની હાલત પણ જર્મનીના હિટલર, યુગાન્ડાના ઈદી અમીન અને સિરિયાના અસદ જેવી થશે.

### સૌથી વધુ તેલ છતાં પ્રજાને એક ટંક ખાવાના સાંસા

વેનેઝુએલા એ દક્ષિણ અમેરિકામાં આવેલો એક દેશ છે. વેનેઝુએલા દેશની રાજધાની કારાકાસએ મોટું શહેર છે. ખનીજ તેલની વાત નીકળે એટલે આરબ દેશો જ યાદ આવે, પરંતુ વેનેઝુએલા દુનિયામાં પેટ્રોલિયમ ઉત્પાદનમાં વિશ્વમાં પાંચમું સ્થાન ધરાવે છે. અહીં જેટલું સસ્તું (૯૦ પૈસા પ્રતિ લીટર) તેલ વિશ્વમાં બીજે ક્યાંય નથી મળતું.

મોંઘવારીએ માઝા મૂકી છે. વેનેઝુએલા ૧૯૭૦-૮૦માં લેટિન અમેરિકનો સૌથી તવંગર દેશ હતો, પરંતુ આજે તે ગરીબ દેશ બની ગયો છે..

વેનેઝુએલામાં ૩૦૩ અબજ બેરલ તેલનો ભંડાર છે. ગલ્ફ કરતાં વધારે તેલ હોવા છતાં અખાતના દેશો તવંગર અને વેનેઝુએલા કંગાળ છે. આ કંગાળીયતનું કારણ અવસાન પામેલા પ્રમુખ ચાવેઝનું શાસન છે. ચાવેઝે વેનેઝુએલાના લોકોને એટલી રેવડી વહેંચી કે ત્યાંના લોકોને મફત વસ્તુની આદત પડી ગઈ. બધી વસ્તુમાં એટલી સબસિડી આપવામાં આવી કે બધા ઉત્પાદકો ભાગી ગયા. ચાવેઝે બધી કંપનીનું રાષ્ટ્રીયકરણ કરી નાખ્યું હતું. મદુરોએ પણ એના પૂરોગામી ચાવેઝની કલ્યાણકારી નીતિ ચાલુ રાખી અને બધુ મફત આપવા એટલી લોન લીધી કે દેશ દેવામાં જતો રહ્યો હતો.



મદુરોના ૧૧ વર્ષના શાસનમાં વેનેઝુએલાનું જોરદાર પતન થયું છે. ઓક્ટોબર ૨૦૨૩માં યુએનએ માહિતી આપી હતી કે ૭૭ લાખ લોકો કંટાળીને આ દેશ છોડી દીધો છે અને આ લોકો લેટિન અમેરિકા અને કેરિબિયન દેશોમાં સ્થાયી થયા છે.

વેનેઝુએલા પેટ્રોલ પર જ બધો મદાર રાખતો હોવાથી એનું પતન થયું છે. ૨૦૧૪માં તેલના ભાવ ગગડી જતા આ દેશની અધોગતિ શરૂ થઈ હતી. ત્યાર બાદ આર્થિક પ્રતિબંધોને લીધે આ દેશની આર્થિક હાલત કથળી છે.

દક્ષિણમાં એમેઝોનના જંગલ તથા ઉત્તર ભાગમાં દરિયાકાંઠે પથરાયેલા ગાલીચા જેવા બીચ મન મોહી લે તેવા છે. આ દેશ તેના કુદરતી સૌંદર્ય ઉપરાંત વિશ્વસુંદરીઓ માટે પણ જાણીતો છે. અહીં દુનિયાનો સૌથી મોટો ધોધ છે. ■


સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## વેબસાઇટના એડ્રેસમાં ખાસ ચેક કરજો કે https છે ખરું?

હવે આપણે રોજબરોજ વાતવાતમાં દરેક નાની-મોટી ચીજ ખરીદવા બુકિંગ કરાવવા માટે ઑનલાઇનના બંધાણી થઇ ગયા છીએ. કંઇ પણ કરવા માટે ગૂગલ પર સર્ચ કરીએ એટલે ધડાધડ ઘણી વેબસાઇટ દેખાય. આપણને ઝાઝી ગતાગમ ન હોય એટલે કોઇ પણ વેબસાઇટ પર ખરીદી કરીએ. બુકિંગ કરાવીએ અને રોકડ રકમ આપી દઇએ. સાથોસાથ આપણી ઘણી અંગત અને મહત્ત્વની જાણકારી પણ આપી દઇએ.

પરંતુ પછી હોટલ બુકિંગ, શોપિંગ સહિતની બાબતોમાં છેતરાયાની લાગણી થાય. મહેનતની કમાણીના રૂપિયા ગયા એ છોગામાં. આવું શું કામ થાય છે? ઑનલાઇન ચિટરની અનેક ગેંગ શિકારની રાહમાં જાળ બિછાવીને બેઠા જ હોય છે. એ લોકો અસલી બ્રાન્ડના નામમાં સહેજ ફેરફાર કરે. બ્રાન્ડનો લોગો લગભગ રિપીટ લગભગ, સરખો રાખે કે જેથી આંખો છેતરાઇ જાય, પરંતુ આમ થવા ન દેવું હોય તો એક સરળ રસ્તો છે. તમે કોઇ પણ વેબસાઇટ પર જાઓ તો એક બાબતનું ખાસ ધ્યાન રાખવાનુ. વેબસાઇટનું એડ્રેસ એકદમ ધ્યાનપૂર્વક જોઇ લેવાનું એની શરૂઆત https: થાય છે ખરી? જેમાં http: હોય એનાથી દૂર રહેવું. આમાં http સાથે s એટલે સિક્યોર્ડ-સલામત સાઇટ થાય.

આટલી નાનકડી તકેદારી આપણને ઘણી છેતરપિંડીથી બચાવી શકે. તમને એસ.એમ. એસ. વૉટ્સઍપ મેસેજ કે મેઇલ આવે. એમાં ફોન નંબર, બૅન્ક એકાઉન્ટ, વીજળી કનેકશન કે ગૅસ કનેકશન કપાઇ




જવાની કે બંધ થવાની નાટિસ દેખાય તો જરાય. વિચલિત કે વ્યથિત ન થવું. આમાંની ૯૯ વાત, ચેતવણી સાવ બોગસ હશે, ઠગાઇનો કારસો હશે. એકદમ સ્વસ્થપણે એ મેસેજ ફરી-ફરી વાચવો. પોતાની રીતે તપાસ કરવી. સમજદાર મિત્રો, સંબંધી કે પાડોશી સાથે ચર્ચા કરવી. પણ એમાં આવેલી લિન્ક કયારેય ક્લિક ન કરવી. એ ખૂબ જોખમી અને 'આ બૈલ મુઝે માર' જેવું આમંત્રણ બની જશે.

હવે ડિજિટલ યુગમાં છીએ અને મોબાઇલ તથા ઇ-મેઇલ વાપરીએ તો ડિજિટલ સ્માર્ટનેસ શીખવી જ રહી. જેમ રાતે ઘરના દરવાજા કે બારી બંધ કર્યા કે નહીં એની બરાબર ચકાસણી કરીએ છીએ એ રીતે દરેક ઑનલાઇન ઑફર, ચેતવણી કે ધમકીને પારખી જતા શીખ્યા સિવાય છૂટકો નથી. બાવા બન્યા હય તો હિન્દી બોલના પડેગા જેવો ઘાટ છે.


હકીકતમાં આ ફ્રોડસ્ટર, ઠગ, ચિટર આપણને સાવધ કરે છે. જાગૃત રાખે છે કે સતત સાબદા રહેવાની તાકીદ કરે છે. મુશ્કેલી, આફત,અવરોધ, જોખમ કે જાળમાંથી બચતા રહેવાની સતર્કતા જાળવવાની તક આપે છે. આપણને કોઇ લૂંટી ન જાય કે છેતરી ન જાય એની તકેદારી આપણે જ રાખવાની છે, રાખવી પડશે અને રાખીશું પણ ખરા....

સાયબર સિક્યોરિટી વિશે સરકાર ઘણી જાહેરખબર આપે છે. અને મોબાઇલ ફોનની રિંગમાં મેસેજ આપે છે. તો એ બરાબર જોવા-સાંભળવાનું . સાયબર સિક્યોરિટી વિશે ઘણા લેકચર-પરિસંવાદ થાય છે, તો ત્યાં પહોંચી જવું. ઓનલાઇન શિક્ષણ સુદ્ધાં અપાય છે. પણ એમાં ચોક્સાઇ રાખવી કે એ જ્ઞાન આપવાને બહાને જ ક્યાંય મૂંડી ન નાખે.

એક-એક ફોન અને એક એક મેસેજ આપણને છેતરવાનો પેંતરો હોઇ શકે એ આપણે જાણીએ છીએ, તો એનાથી બચવાની તરકીબ પણ આપણે જ શીખવી પડશે ને? આપ યુવા વગર સ્વર્ગે થોડું જવાય?

એટલા સાયબર સ્માર્ટ થઇ જઇએ કે ફ્રોડ કરનારા દાઢી ખંજવાળે, માથાના વાળ ખેંચે અને આ ધંધો છોડી દેવા મજબૂર થઇ જાય એવું આપણે એકે-એકે કરવાનું છે હો. તો તમે આજથી જ કમર કસી લો.

આ મિશન માટે ખૂબ ખૂબ શુભેચ્છા અને આગોતરા હાર્દિક અભિનંદન. ■



# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## સાયમન કમ બેક....



ભારતની સ્વાતંત્ર્ય લડતમાં ‘સાયમન ગો બેક’ (સાયમન, ચાલ્યો જા) સ્લોગન મહત્ત્વ ધરાવે છે. અંગ્રેજોની વિદાયનું એ બ્યુગલ હતું. એનાથી સાવ વિપરીત અનુભવ અમેરિકન મહિલાને થયો છે. સાત વર્ષ પહેલાં વિખૂટા પડી ગયેલા બૉયફ્રેન્ડને લઈને ‘સાયમન કમ બેક’ (સાયમન, પાછો આવ)ની વાંસળી વાગી છે.

મજેદાર વાત એવી છે કે ૨૦૧૭માં ૨૧ વર્ષની સિલિયાની મુલાકાત સાયમન નામના ચીની વિદ્યાર્થી સાથે થઈ હતી. મુલાકાત પછી પરિચય વધ્યો અને બંને વચ્ચે ગાઢ મૈત્રી થઈ. જોકે, અભ્યાસ પૂર્ણ થતાં સાયમન સ્વદેશ પાછો ફર્યો અને બંનેનો સંપર્ક તૂટી ગયો. સિલિયાને પેલા ચીની સાયમન સાથે એ હદે ગોઠી ગયું હતું કે એણે સોશિયલ મીડિયામાં ટહેલ નાખી કે ‘મને સાયમન ગોતી દો... મને એની ગેરહાજરી સાલે છે!’ નેટિઝનોએ ઉદારતા દાખવી અને સિલિયાએ સાયમનનો આપેલો ફોટોગ્રાફ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ ગયો. એક એવી વ્યક્તિના ધ્યાનમાં આ ફોટોગ્રાફ આવ્યો જે સાયમનને ઓળખતી હતી. વાત પહોંચી ગઈ સાયમન સુધી અને સિલિયાના વીડિયો નીચે કૉમેન્ટ આવી કે ‘હેલો, હું છું સાયમન. કેટલાંક વર્ષ પહેલાં મારી બેસ્ટ ફ્રૅન્ડથી છૂટા પડી ગયા પછી આવી રીતે પુનર્મિલાપ થશે એની તો સપનેય કલ્પના નહોતી. બધાનો હૃદયપૂર્વક આભાર.’

આમ સિલિયા માટે તો સાયમન કમ બેક થઈ ગયું!

## ‘તમે તો ગુજરી ગયા છો’




આઘાત અને આશ્ચર્યનો સામનો દરેક જીવંત માણસે ક્યારેક તો કરવો પડતો હોય છે. અમેરિકાના મેરીલૅન્ડ રાજ્યમાં નિકોલ પોલિનો નામની યુવતીને જીવતાં જગતિયું થયું હોય એવો આશ્ચર્યજનક અનુભવ થયો. થયું એવું કે મેડમના ડ્રાઈવિંગ લાઈસન્સની મુદત પૂરી થવા આવી હોવાથી એ રિન્યુ કરાવવું જરૂરી હતું. પોલિનોએ અરજી કરી અને મેડમને મેસેજ આવ્યો જે વાંચીને તેને સખત આઘાત લાગ્યો.

કેમ? કારણકે લાઈસન્સ ઑથોરિટીની સિસ્ટમ અનુસાર એ નિકોલ પોલિનો તો આ લોકમાંથી પરલોકમાં સિધાવી ગઈ હતી.

‘તમે તો ગુજરી ગયા છો એટલે તમને લાઈસન્સ નહીં મળે’ એવો મેસેજ આવતાં પોલિનો ખૂબ અપસેટ થઈને રડવા લાગી. વાત આટલેથી અટકી નહીં. પોલિનોની માતા અને એનાં ત્રણ બાળકના હેલ્થ ઈન્સ્યોરન્સ પણ કૅન્સલ કરી દેવામાં આવ્યા. પૂછપરછ કરતાં ખબર પડી કે કોઈ મૃત વ્યક્તિના અવસાનની વિગતો નોંધતી વખતે સોશિયલ સિક્યોરિટી નંબર ટાઈપ કરવામાં ગફલત થઈ અને પોલિનોનું જીવતાં જગતિયું થઈ ગયું...!

અહેવાલ અનુસાર દર વર્ષે ૩૦ લાખ મૃત્યુ થાય છે અને દસેક હજાર લોકોના રેકોર્ડની નોંધણીમાં આવા લોચા મારવામાં આવે છે.

## સોલકરનો અજાણ્યો વર્લ્ડ રેકૉર્ડ



૨૩ જાન્યુઆરીએ મુંબઈના વાનખેડે સ્ટેડિયમની સુવર્ણ જયંતીની ઉજવણી નિમિત્તે ક્રિકેટ અને સ્ટેડિયમ સાથેની અનેક સ્મૃતિઓ મમળાવવામાં આવી. આ સ્ટેડિયમ પર સેન્ચુરી ફટકારનાર પ્રથમ ભારતીય ટેસ્ટ ક્રિકેટરનું બહુમાન મેળવનારા એકનાથ સોલકરના પરિવારને ૧૦ લાખ રૂપિયાની થેલી આપી. એની યશોગાથાનાં કેટલાંક પ્રકરણ તાજાં કરવામાં આવ્યાં. મિડિયમ ફાસ્ટ - સ્પિન બોલિંગ તેમ જ એક ઉપયોગી બેટ્સમેન કરતાં સોલકરની વધુ ખ્યાતિ શોર્ટલેગના સ્થાન પરના એક ચિત્તા જેવા ફિલ્ડર તરીકે પણ હતી. વિકેટકીપર સિવાયના ફિલ્ડરે પકડેલા કેચની યાદીમાં સોલકરના નામે એક વર્લ્ડ રેકોર્ડ છે, જે ભવિષ્યમાં તૂટવાની સંભાવના બહુ પાતળી છે. ૫૦ કે તેથી વધુ કેચ પકડનારા ફિલ્ડરોની વાત કરીએ તો સોલકરે ૨૭ ટેસ્ટમાં ૫૩ કેચ પકડ્યા છે અને એટલે એની સર્વોત્તમ સરેરાશ પ્રતિ ટેસ્ટ ૧.૯૬ થાય છે. બીજા નંબરે છે ૧.૭૭ની સરેરાશ (૬૨ ટેસ્ટમાં ૧૧૦ કેચ) સાથે ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કૅપ્ટન બોબી સિમ્પસન. સૌથી વધુ કેચનો વર્લ્ડ રેકોર્ડ ધરાવતા રાહુલ દ્રવિડ (૧૬૪ ટેસ્ટમાં ૨૧૦ કેચ)ની પ્રતિ ટેસ્ટ સરેરાશ ફક્ત ૧.૨૮ છે.

## સોફીનું શાણપણઃ કચરાપેટીમાંથી કરિયાણું!



‘કથીરમાંથી કંચન’ ઉક્તિનો અલગ જ ભાવાર્થ ૩૦ વર્ષની સોફી જુલ - એન્ડરસને સમજાવ્યો છે. વિદેશમાં અનેક ઠેકાણે ‘ડમ્પસ્ટર ડાઈવિંગ’ (કચરાપેટીમાંથી ઉપયોગી કે કીમતી સામાન વીણી કાઢવો) વૃત્તિ અનેક લોકોમાં - યુવાનો તેમ જ વડીલોમાં - જોવા મળે છે.

ઓસ્ટ્રેલિયાના સિડની શહેરમાં રહેતી સોફીએ ઓક્ટોબર ૨૦૨૦માં બિન (કચરાપેટીનું રૂપાળું નામ) વીણવાનું શરૂ કર્યું હતું. વિદેશમાં ફૂડ આઈટમની એક્સપાયરી ડેટ નજીક હોય એવાં પેકેટ્સ કે પછી વધારે અથવા જરૂર ન હોવા છતાં લેવાઈ ગઈ હોય એવી વસ્તુઓ બિનમાં પધરાવી દેવાની પ્રથા છે. સોફી શરૂઆતમાં તો અમુક કચરાપેટીમાંથી ત્યજી દેવાયેલી તાજી આઇટમ જ ઉપાડી ઘરે લાવતી, પણ પછી સોફીને ખ્યાલ આવ્યો કે ચીવટ રાખી વધુ કચરાપેટી ફેંદવાથી આખા અઠવાડિયાનું કરિયાણું ઘરભેગું કરી શકાય છે. ધીરે ધીરે આ વૃત્તિ એની પ્રવૃત્તિ બની ગઈ અને તમે માનશો નહીં, પણ ગયા આખા વર્ષમાં સુપરમાર્કેટમાં ચીજવસ્તુ ખરીદવા પાછળ સોફીએ ફક્ત ૯૯ ડૉલર વાપર્યા છે. ટૉઈલેટ રોલ, ડિશ વૉશિંગ સોપ અને ટૂથપેસ્ટ જેવી વસ્તુ જ ખરીદી હતી. પૈસાની થયેલી બચત એ જગત ભ્રમણ પાછળ વાપરે છે અને જલસા કરે છે.

## લ્યો કરો વાત!

*પોતે જેનાથી વંચિત રહી ગયા એ બધું પુત્ર કરી શકે એવી તમન્ના દરેક પિતાની હોય છે તો એવા પણ પુત્ર હોય છે જે જાણે છે અને સમજે છે કે પોતે સ્થાન બનાવી શક્યો એ માટે પિતાએ શું ભોગ આપ્યો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી એક ઘટનામાં એક યુવાન માતા-પિતા સાથે એક આલીશાન હોટેલમાં બેસી ભોજન કરી રહ્યો છે. આ એ જ હોટેલ હતી, જ્યાં પિતાએ વર્ષો પહેલાં પેટે પાટા બાંધી વૉચમેનની નોકરી કરી હતી. એ હોટેલમાં જમવાથી પિતાનું માત્ર પેટ નહીં ભરાયું હોય, એના અંતરના ઓરડે દીવડા પ્રગટ્યા હશે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**ગુજરાતી મ્યુઝિક બેન્ડ બને તો?**
* ...તો એજ રાબેતા મુજબના દુહા, છંદ, રાસ, ભજન જ ગાજે...

**ફ્લાવર -શોની જેમ વેજીટેબલ કે ફ્રૂટ- શો કેમ થતા નથી?**
* કેમ વળી...શાક માર્કેટ અને ફ્રૂટ માર્કેટમાં રોજ શો અને સેલિંગ થાય જ છેને?!

**શિયાળામાં ક્યારેક તાપ ને ક્યારેક ઝાપટાં...એને શું કહેવાય?**
* મોસમી કોકટેલ.

**ઉપર જવાનો રસ્તો ક્યાંથી નીકળે?**
* અલબત્ત, નીચેથી....

**રામ માટે રામબાણ તો લક્ષ્મણ માટે શું?**
* લક્ષ્મણ રેખા.

**સુખનાં કેટલાં નામ હશે?**
* શાશ્વત સુખ-પરમ સુખ-તન સુખ- મન સુખ ને ધન સુખ....

**ચરમસીમાની જેમ શરમસીમા કોને નડે?**
* નફ્ફટને તો ન જ નડે...

**રુદ્રાક્ષમાં દ્રાક્ષ હોય ખરી?**
* જો ગુલાબજાંબુમાં ગુલાબ હોય તો રુદ્રાક્ષમાં ય ખરી ...

**ઉદાસ અને બિનધાસ્ત વચ્ચે ફરક શું?**
* મેકઅપ બિફોર અને આફ્ટર જેટલો....

**આજના સમયમાં તાજમહલ કે હવામહલ કેમ નથી બનતા?**
* ‘ઈડી’ અને ‘આઈટી’ને તો ઓળખો છોને? એટલે.

**આશીર્વાદ ક્યારે સાચા પડે?**
* આપણું ધાર્યું થાય ત્યારે.

**પ્રાર્થના શું આપે?**
* પ્રભુની પ્રાર્થના હોય તો એ તમારું ઈચ્છિત આપે ને પત્નીનું નામ પ્રાર્થના હોય તો પોતાનું ધાર્યું આપે...

**શરતો લાગુ કેમ હોય છે?**
* એ ‘ચાલુ’ નથી હોતી એટલે એને ‘લાગુ’ કરવી પડે છે...

**બેસણાંમાં સફેદ કપડાં કેમ ?**
* મેચિંગની માથાકૂટ નહીં ...

કચ્છી ચોવક ___ કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# વહેવાર એવો કરવો જે તહેવાર જેવો આનંદ આપે



એક ચોવક છેઃ **‘વેસા ઘાત નેં વડો પાપ’**. ‘વેસા’ શબ્દ છે, જેનો અર્થ થાય છેઃ વિશ્વાસ. ‘ઘાત’ એટલે દગો. એ બન્ને શબ્દ ભેગા કરીએ તો તેનો અર્થ થાય છેઃ વિશ્વાસઘાત. ‘નેં’ એટલે અને. ‘વડો’ શબ્દ પ્રયોજાયો છે, જેનો અર્થ થાય છેઃ મોટો કે મોટું. ‘પાપ’ એટલે પાપ. ચોવકનો શબ્દાર્થ છેઃ વિશ્વાસઘાત એ મોટું પાપ છે. મતલબ કે, કોઈએ આપણામાં મૂકેલા વિશ્વાસનો ભંગ કરવો તેનાથી મોટું કોઈ પાપ નથી!

વ્યવહારમાં ખરા ઉતરવું એટલે એક મજાના તહેવાર ઉજવવા સમાન ગણાતી ચોવક પ્રચલિત છેઃ **‘વૅવાર ત તેવાર’** ‘વૅવાર’ એટલે વ્યવહાર અને ‘ત’ એકાક્ષરી શબ્દ છે તેનો અર્થ થાય છે ‘એ’ ‘તેવાર’ શબ્દ એટલે તહેવાર! મતલબ કે વ્યવહાર એ તહેવાર સમાન છે. ભાવાર્થ એવો છે કે, વ્યવહાર કરવામાં લોભ ન કરાય. વ્યક્તિની આબરુ કે પ્રતિષ્ઠા, જ્યાં વ્યવહાર કરવાનો છે તેમની સાથેના સંબંધોની નિકટતા એ બધું વ્યવહાર કરતી વખતે ધ્યાનમાં રાખવાં જરૂરી છે, અને તો જ વ્યવહારની શોભા છે! વ્યવહાર કરનારની શોભા છે, એ શોભા એ જ એક પ્રકારનો તહેવાર છે!

વ્યવહારમાં એટલો પણ હાથ છૂટો ન રખાય કે જે પોતાને જ નુકસાનરૂપ બની જાય. જુઓ ચોવક પણ કહે છે કે, **‘વૅવાર જે અંતે ડીવાડો’**. અન્ય શબ્દોના અર્થથી આપણે સૌ પરિચિત છીએં, ખરુંને? ‘ડીવાડો’ શબ્દ થોડો અજાણ્યો છે, જેનો અર્થ થાય છે, દેવાળું! જે વ્યવહારના અંતે દેવાળું કાઢવા જેવું દુઃખ થાય તેવો અને તેટલો વ્યવહાર ન કરવો જોઈએ. વ્યવહાર કર્યા પછી દીવાળી જેવો તહેવાર ઉજવતા હોઈએ તેવો હૃદયમાં આનંદ થવો જોઈએ.

એક અદ્ભુત ચોવક છેઃ **‘વીયાં સે જિંધગી જો નીંયા’** ‘વીયાં’ એટલે લગ્ન.‘સે’નો અર્થ અહીં ‘એ’ થાય છે. ‘જિંધગી’ એટલે જિંદગી કે જીવન. ‘જો’નો અર્થ થાય છે ‘નો’ અને ‘નીંયા’ એટલે... બોધ કે સમજ. કચ્છીમાં જોની હસ્વ (નિ)ના પ્રયોગ સાથે ‘નિયા’ લખાય તો તેનો અર્થ ઈન્સાફ કે ન્યાય થાય છે. અને ઉપર અનુસ્વાર સાથે ‘નીંયા’ લખાય તો તેનો અર્થ બોધ, પાઠ કે સમજ થાય છે. ચોવકનો શબ્દાર્થ છેઃ લગ્ન એ જિંદગીની મહત્ત્વની ઘટના છે! મહત્ત્વની બાબત છે અને શબ્દોના અર્થ સમજતાં આપણે તેનો ભાવાર્થ પણ સમજી લીધો છે!

ગુજરાતીમાં એક કહેવત છે કે, ‘વહેમનું ઓસડ ન હોય’. એવું જ એક ચોવક કહે છેઃ **‘વૅમ જો ઓસડ નાંય’** ‘વૅમ’ એટલે વ્હેમ. ‘જો’નો અહીં અર્થ થાય છેઃ ની. ‘ઓસડ’ શબ્દનો અર્થ થાય છેઃ દવા. ‘નાંય’ એટલે નથી. મતલબ કે વહેમની કોઈ દવા નથી હોતી! ‘છે, વ્હેમનું દર્દ, જેની કોઈ દવા નથી’!

કોઈ કાર્યમાં નિષ્ફળતા મળે તેમાં કાર્ય કરનારનો જો દોષ ન હોય તો તેવી સ્થિતિને સ્પષ્ટ કરતી એક સુંદર ચોવક છેઃ **‘વીતર વિણ ઠે તેં મેં સૂંયાણી જો કેડો ડૉ’** અહીં ‘વીતર’ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેનો અર્થ થાય છેઃ સંતાન. ‘વિણ ઠે’ એટલે વંઠે. ‘તેં મેં’ એટલે તેમાં. ‘સૂયાણી’ એટલે ‘સુયાણી’ કે જે સ્ત્રીને પ્રસવ કરાવે. ‘જો’ એકાક્ષરી શબ્દનો અર્થ થાય છેઃ નો. ‘કેડો’ એટલે કેવો કે શાનો. ‘ડૉ’નો અર્થ થાય છેઃ દોષ. સંતાન વંઠી જાય તેમાં સુવાવડ કરનાર સુયાણીનો શું દોષ? આ થયો ચોવકનો શબ્દાર્થ. અને ભાવાર્થ છેઃ કોઈ વિષમ પરિસ્થિતિ ઊભી થાય તેના માટે જવાબદાર ન હોવું! ■

મગજ મંથન
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# ઈશ્વરે બનાવેલાં આનંદમય જીવનને કોઈ છીનવી શકતું નથી

## જે પર્વતને રાઈ રાઈ કરી શકે છે એ રાઈનો પર્વત પણ બનાવી શકે છે.

જે વસ્તુ જેટલી ટકાઉ અને મજબૂત હોય છે તેને તૈયાર થવામાં વધારે સમય લાગે છે. જે ઘાસ એક-બે માસમાં ઊગીને મોટું થઈ જાય છે તે થોડાક માસમાં જ સુકાઈ જાય છે. માખી જન્મના સાઈઠ કલાક બાદ યુવાન થઈ જાય છે અને ઈંડાં મૂકવા માંડે છે, પરંતુ એકવીસ દિવસમાં જ તે વૃદ્ધ થઈને મરી જાય છે.

આનાથી ઊલટું પીપળો, લીમડો, વડ જેવાં ઝાડ ખૂબ ધીમેથી વધે છે અને વર્ષો સુધી જીવે છે. ઘાસ, ડાળખાં, પાંદડાંની ઝૂંપડી તાત્કાલિક બનાવી શકાય છે તો બે-ચાર વર્ષમાં જ નાશ પણ પામે છે. સિમેન્ટ કોંક્રિટનાં બનેલાં મકાનો ઘણાં લાંબા સમયની મહેનત પછી જંગી ખર્ચે તૈયાર થાય છે, પણ એ વરસો સુધી ટકી રહે છે.

બીજા શબ્દોમાં કહીએ તો ધીરજ, દ્રઢતા અને મજબૂતી સાથે જે કામ સાચવી સાચવીને કરવામાં આવે તે કામ પૂરાં થવામાં વાર તો લાગે છે, પણ તેનાં ફળ ઘણાં લાંબા ગાળા સુધી લાભ આપે છે એટલા માટે જ કોઈ કામ ઝડપથી પૂરું ન થતું હોય, ધીમે ધીમે આગળ ધપતું હોય તો અધીરાઈ બતાવ્યા વિના પ્રયત્નશીલ રહેવાથી એક દિવસે ચોક્કસ સફળતા મળે છે.

કેટલીયે વાર આકસ્મિક પરિસ્થિતિઓ વિઘ્નરૂપ બને છે અને બનેલું કામ બગડી જાય છે. સફળતા મળવાની નજીક જ હોય અને કોઈ એવો વજ્રઘાત થાય કે આપણાં તમામ સ્વપ્નો ચકનાચૂર થઈ જાય. પૂરો પ્રયત્ન કરવા છતાં, પૂરી સાવચેતી રાખ્યા છતાં આવાં સંકટો પ્રત્યક્ષ,અણધાર્યાં આવે છે. મોત, ચોરી, આગ, રોગ, યુદ્ધ, આંધી, ખોટ, વિશ્વાસઘાત, અપમાન દગો, દુર્ઘટના, ભૂલ વગેરે અણધાર્યાં જ આવી પડે છે. જેની કલ્પના કરી ન હોય તે સામે આવી જાય છે. આવી વિષમ પરિસ્થિતિમાંથી પસાર થવાનો જેને અનુભવ નથી, અભ્યાસ નથી, જરૂરી સાહસ નથી એવા લોકો અચાનક ગભરાઈ જાય છે. શું કરવું ને શું ન કરવું ?. આવા વખતે કોઈ વ્યક્તિ ગાંડી થઇ જાય છે, કોઈ આપઘાત કરી લે છે, કોઈ ઘોર નિરાશાવાદી બની કપડાં રંગી સાધુબાવા બની જાય છે અથવા કોઈ રીતે પોતાના ભવિષ્યને અંધકારમય જોઈ કલ્પનાઓ વડે વિક્ષુબ્ધ બની દિવસો પસાર કરે છે. આવી સ્થિતિ માનવી જેવા વિવેકશીલ પ્રાણીના ગૌરવને નીચું પાડે છે. પ્રતિકૂળ પરિસ્થિતિઓ આપણા મનસૂબા ધૂળમાં મેળવી દે છે એ વાત સાચી, પણ સાથોસાથ એ પણ સાચું છે કે આવી ઘટના વારંવાર બનતી નથી. લીલાં ઘાસને ગ્રીષ્મ ઋતુનો પ્રખર તાપ બાળી દે છે ત્યારે એવું લાગે છે કે તાપે ઘાસનું નામોનિશાન મિટાવી દીધું, પરંતુ આ સ્થિતિ કાયમ રહી શકતી નથી, કારણ કે વિનાશક તત્ત્વોની સત્તા સાવ ક્ષણિક અને અલ્પજીવી હોય છે. ગ્રીષ્મ ઋતુ પૂરી થતાં જ વરસાદ આવે છે અને બળી ગયેલું ઘાસ ફરી વાર જીવંત થઈ ઊગી નીકળે છે. ગ્રીષ્મ ઋતુએ વિદાય લીધી, ઘાસને એકવાર બાળી શકી, પરંતુ આટલાથી એમ ન માનવું જોઈએ કે ગીષ્મના પ્રખર તાપમા ઘાસને નાશ કરવાની શક્તિ છે. ઈશ્વરે ઘાસને જીવન આપ્યું છે, ઈશ્વરે જેને આનંદમય બનાવ્યું છે, તેના જીવન અને આનંદને કોઈ છીનવી શકતું નથી કે તેનો નાશ કરી શકતું નથી.



આજે તાપથી બળી ગયેલું ઘાસ આવતી કાલે લીલુછમ્મ પણ બની શકે !

કુદરતનાં રહસ્યો અદ્ભુત છે. પ્રત્યેક વિપત્તિ કે આફત પછી તેની વિરોધી સ્થિતિ એટલે કે સગવડ પ્રાપ્ત થાય છે. જ્યારે માનવી બીમારીમાંથી ઊઠે છે, સાજો થાય છે ત્યારે તેને ખૂબ ભૂખ લાગે છે. સ્વાસ્થ્ય-સંરક્ષણ શક્તિ એકદમ તીવ્રતાથી જાગૃત થાય છે અને જેટલો થાક, નબળાઈ બીમારી દરમિયાન આવ્યાં હતાં તે થોડા દિવસોમાં જ દૂર થાય છે. ગ્રીષ્મના પ્રખર તાપને પડકાર આપતી વર્ષા આવીને ધરતીને ઠંડક અને હરિયાળીથી ઢાંકી દે છે. હાથ, પગ, હાડકાં થીજવતી ઠંડી જ્યારે પોતાનો પરચો બતાવી દે છે, તેવામાં જ પુનઃ ગ્રીષ્મ ઋતુ આવે છે. જે ઠંડીનો સદંતર નાશ કરી દે છે. રાત્રિ પછી દિવસનું આગમન સનાતન સત્ય છે. અંધકાર પછી પ્રકાશનાં દર્શન અવશ્ય થાય છે. મૃત્યુ પછી જન્મ પણ થાય છે. રોગ, ખોટ, શોક વગેરેનાં દુઃખો શાશ્વત રહેતાં નથી, તે આંધીની જેમ આવે છે અને તોફાનની જેમ ચાલ્યાં જાય છે. ઘાસને આપણે વારંવાર લીલું થતું જોઈએ છીએ. અંધારાને વારંવાર નાશ પામતું જોઈએ છીએ. રોગીઓને પુનઃ સાજા થતાં જોઈએ છીએ તો આફત બાદ શાંતિ ન આવવાનું કોઈ કારણ નથી! જે લોકો ઉજ્જવળ ભવિષ્યની આશા રાખતા નથી. ફરી વખત મારું ભલું થશે એવો જેને વિશ્વાસ નથી એ નાસ્તિક છે. જેને પરમાત્માના દયાળુ સ્વભાવ પર વિશ્વાસ નથી એ જ આવું વિચારે છે કે મારું ભવિષ્ય હંમેશા માટે અંધકારમય રહેશે. જે પર્વતને રાઈ રાઈ કરી શકે છે, તે રાઈનો પર્વત પણ બનાવી શકે છે! તેની શક્તિ પર ભરોસો રાખવો જોઈએ. જે આજે રડી રહ્યો છે, એણે એમ ન વિચારવું જોઈએ કે પોતાને હંમેશા રડવું જ પડશે. ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# આપણને બિનજરૂરી સલાહ આપવી કેમ ગમે છે?




**ઓશો** સલાહ આપવાની ટેવ વિશે આ એક વાર્તા કહેતા...

એક નાનું ગામ હતું. દરેક પાસે પેઢી દર પેઢી વ્યવસાય હતો. પશુપાલન કરતાં ઓશોનું પ્રિય પાત્ર ચંદુલાલને થયું કે ઘરની આસપાસ મરઘાં ઉછેર કરવાથી આવક વધી શકે. ચંદુલાલ પચાસ મરઘાં લઈ આવ્યા. બે-ચાર દિવસમાં પાંચ સાત મરઘા મરી ગયાં. ચંદુલાલ ગામના કહેવાતાં બુદ્ધિશાળી વ્યક્તિની સલાહ લેવા ગયો. બુદ્ધિશાળી વ્યક્તિએ પ્રશ્ન પૂછ્યો, મરઘાં ઘરની બહાર ખુલ્લામાં રખાતાં હશે? ચંદુલાલે મરઘાંના રક્ષણ માટે દીવાલ કરી. બે-ચાર દિવસમાં બીજા આઠ-દશ મરઘાં મરી ગયાં. ચંદુલાલ ફરી પેલા બુદ્ધિશાળીની સલાહ લેવા ગયા. બુદ્ધિશાળી માણસે સમજાવ્યું કે એકલી દીવાલ કરવાથી કંઈ ના થાય. મરઘાં રાખવાની જગ્યા પર તળિયું ચોખ્ખું રહે એ માટે ચણતર કર. ચંદુલાલે આટલું કર્યા બાદ પણ બીજાં આઠેક મરઘાં મરી ગયાં.

બુદ્ધિશાળી વ્યક્તિને છત બનાવવા કહ્યું, ચંદુલાલે છત બનાવી છતાં ફરીથી મરઘાં મર્યાં. ચંદુલાલ બુદ્ધિશાળીની સલાહ લેવા ગયા, બુદ્ધિશાળી વિદ્વાને સવાલ કર્યો:

'ચંદુલાલ, અમારી પાસે બારમાસી સલાહનો ઢગલો છે, પણ તારી પાસે મરઘાં બચ્યાં છે ખરાં?'

વિમેન્સ-ડે હોય, કે હોળી હોય, કે દીવાળી, ક્રિસમસ હોય, કે લગનગાળો, કે પછી ઠંડીની મસ્ત મૌસમ, બુદ્ધિશાળી પાસે સલાહ ક્યારેય ખૂટશે નહીં. તમે થાકી જશો, પણ સલાહ, સૂચન અને માર્ગદર્શન અવિરત આપતાં રહેશે.... ઠંડીમાં શું કરવું ને શું ન કરવુંની સલાહમાં એ માર્ચ મહિનો પસાર કરાવી શકે, પછી પૂછશે: 'તારી પાસે ઠંડીના દિવસો છે ખરા?'

માણસજાતની આ જ ક્વૉલિટી છે, કોઈ પણ વિષયમાં જાણકારી વગર સલાહો આપી શકે છે. તમે એક વાર સોશિયલ મીડિયામાં લખો કે ડાયાબિટીસનો ઇલાજ કરાવવો છે તો તમને જાતજાતની ઢગલાબંધ સલાહો મળી શકે છે. તમને પ્લમ્બિંગથી માંડીને વિમાન વેચવા સુધી જ્ઞાન આપનારા બેઠા છે. કદાચ મગજમાં બેઠેલા ડોપામાઇનને સલાહ આપવામાં મજા આવતી હશે.

દુનિયામાં ૮૦% લોકો સ્ટ્રેસમાં જીવે છે. નોકરી, લગ્ન, કરિયર, ખર્ચા, બીમારી, મોંઘવારી, બાળકોનું એજ્યુકેશન સહિત કલ્પના બહારની સમસ્યાઓ છે. આ બધા વચ્ચે માંડ નાની નાની ખુશીઓ ભોગવતા હોય છે. વિપરીત પરિસ્થિતિમાં જીવન જીવતા હોય એમની સ્થિતિ જોઈને સલાહ આપવી જોઈએ. માંડ ખર્ચ નીકળતો હોય ત્યારે બચત પર જ્ઞાન આપવા જવાય નહિ, એની ઈન્કમ વધારવા માટે મદદરૂપ થવાય.

દરેક સલાહકારે શીખવાની જરૂર છે કે કોઈ સલાહ માગે તો જ આપવી જોઈએ. હાર્ટની સર્જરી પછી શું ખાવું ને શું ના કરવું જોઈએ જેવી સલાહનો તો આપણે ત્યાં બારમાસી ધોધ વરસતો હોય છે. સોશિયલ મીડિયા પર આવતાં થોકબંધ ફોર્વર્ડેડ મેસેજ વાંચીને પૈસા કમાવવાના મંત્રથી માંડીને નાનકડા ઘરમાં વાસ્તુ પર જ્ઞાન આપનારાઓની કોઈ કમી નથી. બાળકોએ શું ભણવું, કઈ લાઈન લેવી અને ક્યા દેશમાં જવું એ આપણા બધાનો ગમતો વિષય છે. પોતાના સંતાન સહિત મોટા ભાગનો પરિવાર વિદેશમાં જલસા કરતો હોય, પણ અહીં દેશપ્રેમ માટે વધુ સંતાનો પેદા કરવાની સલાહ આપવાવાળાઓની ખોટ ક્યારેય નહિ વર્તાય.. વ્યક્તિને સલાહ આપતી વેળા એની નબળાઈઓને અપમાનજનક દર્શાવીને વિકૃત મજા લેવી જોઈએ નહિ. કોઈને સલાહ આપીએ ત્યારે આપણી જે તે વિષય પરના જ્ઞાનની મર્યાદાઓનું ધ્યાન રાખવું જરૂરી છે. સલાહ આપનાર વ્યક્તિ જો લાગણીશીલ હોય તો એટલું કહીને છટકી જવું કે 'હું આ વાત પર વિચાર કરીશ...' દર વખતે સલાહ ખોટી હોતી નથી.

સાયકોલૉજીવાળા એવું માને છે કે બિનજરૂરી સલાહ આપનારાઓના સ્વભાવ પ્રમાણમાં તોછડા હોય છે. આ નમૂનાઓ એવા ભ્રમમાં જીવતા હોય છે કે મોદીજીથી માંડીને ડોનાલ્ડ ટ્રમ્પ સુધીનાઓએ પૉલિસી બનાવવા એમની સલાહ લેવી જોઈએ. આપણા મહાભારતમાં ઉલ્લેખ છે કે સ્વર્ગના દરવાજા પર યુધિષ્ઠિરનું સ્વાગત કરવા દુર્યોધન હાજર હતો. આ જોઈને નારાજ યુધિષ્ઠિરને ભગવાને સરળ શબ્દોમાં સમજાવ્યું હતું કે કોને શું ન્યાય કરવો એનું જ્ઞાન આપીશ નહીં, બાકી આ માણસજાત ભગવાનને પણ ચોવીસ કલાક સલાહ આપે એવી છે. ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન પર પોતાનો વિના મૂલ્યે મત આપનારાઓને ક્યા સમયે સલાહ આપવી જોઈએ એનું વ્યવહારિક ભાન પણ હોતું નથી. આમ તો મૌન પાળવાના ફાયદા અંગે પણ આપણે ત્રણ દિવસનો સેમિનાર રાખતાં હોઈએ છીએ!

હાલના સમયમાં ત્રીજા ભાગની દુનિયા ટકી રહેવા સ્ટ્રગલ કરે છે. આપણે ફૅમિલી અને કરિયર બેલેન્સ રાખવાની સલાહ આપી હોશિયારીના ભ્રમમાં જીવી લઈએ છીએ. જ્યાં માણસ દિવસમાં પાંચ વાર મલકી શક્તો નથી, ત્યાં રોજ ૪૫ હા, પૂરી ૪૫ મિનિટ હસતાં રહેવાથી સ્ટ્રેસ દૂર કરવાની સલાહ આપવાની કચાશ રાખતાં નથી. એની મજાની પત્તર રગડી નાખીએ છીએ. એને જીવવા દો એની રીતે...

બીજી તરફ, બી પોઝિટિવના નારાઓ વચ્ચે રોજિંદી હાડમારીમાં અટવાતી જિંદગીમાં થોડું બી નેગેટિવ પણ હોવું જોઈએ. નાનાં નાનાં સુખોની મજા આમ જ થોડી આવે? જિંદગી બોલિવૂડ નથી કે દરેક વાતનો સુખદ અંત હોય. રોજ સોશિયલ મીડિયા પર જોવા મળતો મોટિવેશનલ સ્પીકર 'આઉટ ઑફ બૉક્સ' વિચારવાની સલાહ તો આપી દે છે, પણ આઉટ ઑફ બૉક્સ જિંદગીનો કાયમી ઉપાય નથી. પોતે બનાવેલા બૉક્સની અંદર ઘણું કરવાનું બાકી છે. થિંક પોઝિટિવ ને થિંક નેગેટિવ વચ્ચે બેલેન્સ રાખીને જીવવું પડે છે અને એ જ તો વાસ્તવિકતા છે. ■

**ધ એન્ડ:**


*આપણને મળેલી એવી કઈ ચીજ છે જે બીજાને આપણે હોંશે હોંશે આપી દઈએ છીએ? એ વસ્તુનું નામ છે: સલાહ...!*

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# મહાકુંભ મેળામાં મોનાલિસાની કજરારે નૈના મેળાની ઓળખ બની ગઈ!








ભારતનો આધ્યાત્મિક, ધાર્મિક, ભક્તિનો ત્રિવેણી સંગમ સમાન (ગંગા, જમના, સરસ્વતી)નાં સંગમ તિર્થસ્થાન પ્રયાગરાજ (ઉત્તર પ્રદેશ)માં 'મહાકુંભ' તા. ૧૪-૦૧-૨૦૨૫થી તા. ૨૬-૦૨-૨૦૨૫ સુધી સનાતન ધર્મની ધજા ફરકતી રહેશે. આ મેળામાં ૪૫ કરોડ ભક્તો મેળાની મુલાકાત લેશે ને ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કરી ધર્મનું ભાથું બાંધશે.!

'કુંભ'નો અર્થ થાય 'કળશ' જે અમૃતથી ભરેલો હતો. તેનો ઉલ્લેખ વેદો, શ્રીમદ્ ભાગવત અને સ્કંદપુરાણમાં મળે છે. કુંભમેળો દર બાર વર્ષે થાય છે. પ્રયાગમાં ગંગા, યમુના અને સરસ્વતીનું મિલન થાય છે એટલે તીર્થોનું રાજ આ કુંભમેળો કહેવામાં આવે છે. હરિદ્વાર, ઉજ્જૈન, નાશિકમાં અમૃતકુંભને સંતાડી રાખવામાં આવ્યો હતો.

એક ધાર્મિક કથા અનુસાર એકવાર દુર્વાસા મુનિએ ઈન્દ્રને ફૂલની માળા ભેટમાં આપી હતી. તો રાજા ઈન્દ્રએ પોતાના હાથીની સૂંઢ પર રાખી દીધી. હાથીએ આ માળાને પગ નીચે રાખી કચડી દીધી હતી. આથી દુર્વાસા મુનિ નારાજ થયા અને તેમણે ઈન્દ્રને શ્રાપ આપ્યો કે તમારું ઐશ્વર્ય નાશ પામશે.! આ શ્રાપના પ્રભાવથી અસુરોએ સ્વર્ગ પર આક્રમણ કરી દીધું ને દેવતાને પરાજિત કરી દીધા. દેવતા બ્રહ્માજી પાસે ગયા. તેમણે વિષ્ણુજી પાસે જઈ સલાહ લેવા કીધું. વિષ્ણુજીએ દેવતાને સમુદ્રમંથન કરવાની સલાહ આપી ને કહ્યું કે અસુરોની મદદથી અમૃત પ્રાપ્ત થશે...! આથી દેવતા અને અસુરોએ ભેગાં મળીને નાગને દોરડું બનાવી તેનો ઉપયોગ કરી સમુદ્રમંથન શરૂ કર્યું. જેમાંથી ઘણી વસ્તુઓ નીકળી, તેમાં પ્રથમ તો વિષ નીકળ્યું જે શિવજી પી ગયા. એથી તેઓ નીલકંઠ કહેવાયા. બાદમાં ઘણાં રત્નો નીકળ્યાં. અંતે લક્ષ્મીજી ને ધન્વંતરી અમૃત કળશ લઈ પ્રગટ થયાં, પણ અસુરો અમૃત કળશ લઈ ભાગી ગયા. ત્યારબાદ વિષ્ણુજીએ મોહિનીનું રૂપ ધારણ કરી દેવતાને અમૃત પિવડાવી દીધું. આથી બાર દિવસ સુધી દેવતાઓ અને અસુરો વચ્ચે યુદ્ધ થયું. એ દરમ્યાન ઈન્દ્રના પુત્ર જયવંત અમૃત કળશ લઈ હરિદ્વાર, ઉજ્જૈન, નાશિક ને પ્રયાગરાજમાં એને સંતાડ્યો હતો. એ સ્થળોએ અમૃતનાં થોડાં ટીપાં પડવાથી નદીઓનું પાણી અમૃતમય બની ગયું. દેવતાઓના બાર દિવસ ધરતીના બાર વર્ષ બરાબર થાય છે...! એથી દર બાર વર્ષે આ સ્થળો પર કુંભમેળાનું આયોજન થાય છે. જેમાં પ્રયાગરાજમાં સ્નાન કરવાથી પાપનો નાશ થાય છે. અહીં એક ડૂબકી લગાવવાથી સો ગણી પવિત્રતા પ્રદાન થાય છે. મહાકુંભમાં સ્નાન કરવાનો અવસર મળવાથી પાપોથી મુક્તિ ને મોક્ષ પ્રાપ્ત થાય છે. સાથે આધ્યાત્મિક લાભ પણ સાંપડે છે.

*એક બંજારન કી આંખોં મેં સારી દુનિયા ડૂબ ગઈ,*
*મસ્ત સાદગી, ઔર ખુંદરંગી ફિર મહેફિલ મેં જીત ગઈ.*

૧૪૪ વર્ષે યોજાતો મહાકુંભ અત્યારે પ્રયાગરાજમાં ચાલી રહ્યો છે, જેમાં કરોડો શ્રદ્ધાળુ તિર્થસ્થાને આવી ગયા તેમાં એક સિતારો ચમકી ગયો જેનું નામ છે 'મોનાલિસા.' જે મધ્ય પ્રદેશની ઉજ્જૈનની રહેવાસી છે. અને ગરીબ પરિવારની રંગબેરંગી માળા વેચવાવાળી ૧૬ વર્ષની યુવાન છોકરી 'Indian Beauty at Mahakumbh' ભારતની સુંદર છોકરીનું બિરુદ મળ્યું છે. તેનું કારણ છે માત્રને માત્ર તેની કજરારી બ્લુઇશ આંખો જે મહાકુંભનો સિતારો બની ગયું છે. મોનાલિસાનો પરિવાર મહાકુંભ મેળામાં માળા વેચવા આવેલ અસામાન્ય છોકરી એક ટી.વી. ચેનલમાં ચમકીને વાયરલ થઈ ગયા પછી તમામ સોશિયલ મીડિયામાં ચમકી તો કેવી ચમકી અત્યારે ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, યુટયૂબ ચેનલ પર મોનાલિસાની તસવીર, વીડિયો, જોવા મળે છે. અને તેની ભૂરીભૂરી પ્રશંસા થાય છે. આ આંખો કુંભમેળાની ઓળખ બની ગઈ છે. એથી ભારતના અસંખ્ય ચિત્રકારોએ મોનાલિસાની તસવીરો ચિત્રી નાખી તો કાર્ટૂનિસ્ટ સંજય કોરિયાએ ઓન્લી આંખ દોરી મહાકુંભ લખ્યું તો નરેન્દ્ર ચૌહાણે મોનાલિસાનું સ્ટ્રિપ્લીન આર્ટ ચિત્ર દોરી નાખ્યું તો મોનાલિસાના ચિત્રો જ કુંભમેળાની ઓળખાણ બની ગઈ છે. ■

વ્યંગ___ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# મચ્છરો પણ જાણી ગયા માનવીના ભેદ -ભરમ!



'તૂટી પડો. સૂંઢ લઇને તૂટી પડો. દુશ્મન જીવતો પાછો ન જવો જોઇએ.'

નેતાએ આદેશ આપ્યો. જૂના જમાનામાં બે રાજા વચ્ચે યુધ્ધ થતા ત્યારે રાજા જાતે તલવાર તાણી સૈનિકોનો ઉત્સાહ વધારતો. શેખ, રણભેરી, તૂરી પ્રચંડ નિનાદ કરતી. સૈનિકોને સામેની સેના પર તૂટી પડવા રાજા આહ્‌વાન આપતા.ખેડૂત દાતરડાથી ઘઉંના ડૂંડા વાઢે તેમ દુશ્મનના ડોકા વાઢી નાંખે. લાલ લોહીની (ગિરધરલાલ, લોહી તો લાલ જ હોય. પાકિસ્તાનીનું લોહી લીલું ન હોય. ખાલીપીલી ખોટો ખોટો શબ્દોનો વઘાર કરો છો?) નદી નહીં. પરંતુ, દરિયો વહે.

'દુશ્મન પર કોઇ દયા માયા દાખવશો નહીં.' મહાઅમાત્ય મચ્છરરાયે આદેશ આપ્યો.

'દુશ્મન નિહથ્થો છે. પૂરી તાકાતથી તૂટી પડો. એક મહિનાનો ખોરાકનો જથ્થો એકત્ર કરી લો.' ભંડારીએ સૂચના આપી.

'દુશ્મન કુંભકર્ણની જેમ ઊંઘે છે. આવી તક વારંવાર નહીં મળે. દિગ્વિજય સૂંઢ વેંતમાં છે.' સેનાપતિએ સૂંઢ પગ સાથે ઘસીને ધાર કાઢી.

'અંધારું ગાઢ છે. ડોન્ટ વરી. મનની આંખોથી શિકાર પર ફોકસ કરો. નિશાન ઊંચુ રાખો. નિશાનચૂક કદાપિ નહીં. ગાલ પર સૂંઢ ભરાવો. શિકારને શેરડીના કૂચાની જેમ ચૂસી લો. આવતી કાલે ઊઠી ના શકે એટલો ચૂસી લો.' સૂબેદારે રણહાંકલ કરી.

'આપણા દુશ્મનો આપણને મારવા વિષકન્યા જેવા ષડયંત્ર કરે છે. આજે સૂદ સહિત બદલો લેવાનો અવસર છે. આપણને ભગાડવા કાચબા અગરબત્તીનો ધૂપ કરે છે. આપણને મારવા ભૂરા રંગની લાઇટવાળું મશીન વાપરે છે. મીણબતીની જયોત પર પતંગિયા શહીદ થાય તેમ આપણી સાથે બીજા પણ મોતને ઘાટ ઉતારે છે.' મૌલવી જેમ નમાજ બાદ બ્રેનવોશ કરવા સાંપ્રદાયિક કે ભડકામણા ભાષણ ભરડે તેમ એકે ઇમોશનલ બ્રેનવોશ કરવાની કોશિશ કરી.

'તુમ મુજે ખૂન દો, મૈં તુમ્હે ખુજલી દૂંગા' એક મચ્છરે સુભાષચંદ્ર બોઝના વિધાનમાં સુધારો કર્યો.

'યા હોમ કરીને કરડો, મધુર ખૂન હૈં મુંહમેં' બીજા મચ્છરે નર્મદના વિધાનને ડંખ માર્યો.

'માખી મચ્છરના મોતે મરીશ, પણ કરડ્યા વગર પાછો નહીં આવું.' એક મચ્છરમાં મહાત્મા પ્રવેશ્યા.

'કરડવું આપણો મચ્છરસિદ્ધ હકક છે, તે મેળવ્યા વિના નહીં જપું.' ટિલક આજે જીવતા હોત તો આ સૂત્રોચ્ચારથી અવાક થઇ ગયા હોત!

'પેલું ગુડનાઇટ લિક્વિડ આપણી કૌમ માટે કરબલાના યુદ્ધ જેવું બની રહે છે. આપણા માટે બેડનાઇટ બની રહે છે.' ગુન ગુન કરતાં એક મચ્છરે અફસોસ વ્યક્ત કર્યો.

'મચ્છરદાનીમાં કાણા હોય કે જગ્યા હોય તો આપણને પહેલી ધારનું લોહી પીવા મળી જાય છે. તેનો નશો સવાર સુધી રહે. પછી ભલે શિકાર હાથ-પગ વલૂરતો રહે. પરંતુ, શિકાર આપણા કરોડો યોદ્ધાના આક્રમણ સામે નતમસ્તક થઇ જાય છે. શિકાર સૂઇ પણ શકતો નથી કે જાગી પણ શકતો નથી.' સાર્જન્ટ મચ્છરે પરાક્રમ ગાથા બ્યાન કરી.

'આ માણસો ઓછા હરામી નથી. મા-બાપને વૃદ્ધાશ્રમમાં મોકલી કૂતરા પાળે છે.' એક મચ્છરે સામાજિક સમસ્યા કહી.

'માણસો આપણો વધ કરવા સદીઓથી મથે છે. જાતજાતની અગરબત્તી, ધૂપ, પ્રવાહી, કાગળ વગેરે બનાવે છે. આપણે તો કાચબાને પણ કરડીને તેની વાટ વગાડી દઇએ છીએ. માણસ ડીડીટી છાંટે છે. આપણે ડીડીટી પચાવીને ડીડીટી પ્રૂફ થઇ ગયા છીએ. ડીડીટી આપણું કશું બગાડી શકતી નથી.'

'આટલા વરસોથી આપણે અડીખમ છીએ. આપણો વાળ તો સૂંઢ કે પગ વાંકો કરી શકયો નથી.' મચ્છરે મૂંછને વળ ચડાવી પોરસ કર્યો.

પછી તો મચ્છરોની અક્ષોહિણી સેનાએ સૂતેલા માણસને કરડવા દોટ મૂકી. બારીની તિરાડ, દરવાજાના કીહોલ, દરવાજાની નીચેની જગ્યા, વેન્ટિલેટર, એસીના પાઇપમાંથી મચ્છરનું કટકદળ ત્રાટક્યું. 'કદમસે કદમ મિલાયે જા, ગુન ગુન ગીત ગાયેજા' ગાતા ગાતા મચ્છર નિર્ભિક થઇને પ્રવેશ્યા. 'હમ હોંગે કામિયાબ એક દિન. મનમેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ, હમ હોંગે કામિયાબ આજ દિન' એમ બુલંદ અવાજે ગાતા રહ્યા. દરેકના ઉરમાં ઉમંગ હતો. દરેકનો હોંસલો બુલંદ હતો. સૂતેલો માણસ ખોખું થઇ જવાનો હતો. 'કરેંગે યા મરંગે.'નું સૂત્ર પોકારતા સૌ મચ્છરો રૂમમાં પ્રવેશ્યા. નિશસ્ત્ર, નિહથ્થા અને નિંદ્રાધીન માણસ પર બેરહેમીથી તૂટી પડયા. થોડી વારમાં તો યો યો હનીસિંગની 'ચાર બોટલ ખૂનકા કામ મેરા રોજકા 'ગાવા લાગ્યા. કેટલાક મચ્છરો બીકના માર્યા ભાગવાની ફિરાકમાં હતા. મચ્છરની મહારાણીએ ભાગેડુને ઉદ્દેશીને કહ્યું, 'પાર્ટી અભી તો શરૂ હુઇ હૈ.' મચ્છરોનું દળ નીડર થઇને નર-નારીનું લોહી ગટકતા રહ્યા.માણસનું શર્કરા જેવું રક્ત ચટકતા રહ્યા.

એક તરફ મચ્છરને ભગાડવા માટેની મેટ સળગી હતી, પરંતુ એક પણ મચ્છર પર તેની સહેજ પણ અસર કેમ ન થઇ? નકલી આઇપીએસ, નકલી આઇએએસ, પીએમઓના નકલી અધિકારી, સીએમઓના અધિકારી, નકલી કચેરીઓ, નકલી સીબીઆઇ અધિકારીઓ, નકલી હવા, સૂર્યપ્રકાશ, નકલી પવન અને નકલી દાતણ, ભૂતિયા રેશનકાર્ડ, ભૂતિયા કંપની, નકલી મતદારો, નકલી પનીર, નકલી ચીઝ, નકલી બિયારણ, નકલી જંતુનાશકોની ભરપૂર ભરમારથી ભારત દેશ ભ્રમિત થયો છે. તેમ હવે મચ્છરની નકલી ગુડ ૧૩૦૦૦ નાઇટ મેટ બરોડામાંથી પકડાઇ છે.

'રાજુ, મચ્છરો કેમ નહીં મર્યા હોય?' મેં ડિલ ખંજવાળતા ખંજવાળતા રાજુને ખંજવાળિયો સવાલ પૂછ્યો.

'તમે છાપા વાંચો છો, એમ મચ્છરો પણ છાપા વાંચતા હોય કે નહીં? ગુડનાઇટ મેટ નકલી છે એની ખબર પડયા પછી મચ્છરો ઝાલ્યા રહે? મચ્છરો બેબાક અને બેખૌફ બની માણસોને કરડે કે નહીં, ભીડું?' રાજુ રદી શરીર વલૂરતા વલૂરતા મને પ્રશ્ન કરે છે.

આમ પણ મચ્છર કરડવાથી મારી આંખ કયાં મિંચાણી હતી? જરીક જપ્પી જાદુની જેવી ઊંઘ આવેલી અને મચ્છર કરડતાં આંખ ખુલી ગઇ અને મારું લોહિયાળ સપનું રોળાઇ ગયું. ■

# ભારત ત્રીજી ટી-૨૦માં લડત આપીને હાર્યું

રાજકોટઃ ભારત ગઈકાલે અહીં ઇંગ્લૅન્ડ સામેની ત્રીજી ટી-૨૦માં ટૉપ-ઑર્ડર ફ્લૉપ જવાને કારણે છેવટે ૨૬ રનથી હારી ગયું હતું. હાર્દિક (૪૦ રન, ૩૫ બૉલ, બે સિક્સર, એક ફોર) તથા અક્ષર (૧૬ બૉલમાં ૧૫ રન)ની જોડીની લડત છતાં ભારત ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૪૬ રન બનાવી શકતા પરાજિત થયું હતું. આર્ચર અને બ્રાયડન કાર્સે બે-બે વિકેટ લીધી હતી. એ પહેલાં, ઇંગ્લૅન્ડે ત્રીજી ટી-૨૦માં બૅટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૭૧ રન બનાવ્યા હતા. ભારતીય સ્પિનર વરુણ ચક્રવર્તી (૪-૦-૨૪-૫) ફરી એક વાર સિરીઝમાં છવાઈ ગયો છે. આ વખતે તેણે પાંચ વિકેટનો તરખાટ મચાવ્યો છે. ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં બીજી વાર તેણે પાંચ વિકેટની સિદ્ધિ મેળવી છે. ઇંગ્લૅન્ડના ૧૭૧ રનમાં બેન ડકેટ (૫૧ રન, ૨૮ બૉલ, બે સિક્સર, સાત ફોર)નો સ્કોર સૌથી વધુ હતો. ભારત સિરીઝમાં ૨-૧થી આગળ છે. ■

# એક ભારત, શ્રેષ્ઠ ભારતઃ વડા પ્રધાન મોદી

## પીએમે યુવા ર્ગ માટે હેલ્થ-ટિપ્સ આપતા કહ્યું, 'તેલવાળો ખોરાક ઘટાડો, રોજ વધુ ચાલો અને કસરત કરો અને સ્થૂળતાથી બચો'

દેહરાદૂનઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં આજે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના સ્લોગન સાથે ૩૮મા રાષ્ટ્રીય રમતોત્સવનું શાનદાર ઓપનિંગ સેરેમની દરમ્યાન ઉદ્‌ઘાટન કર્યું હતું.

પીએમ મોદીએ આ સમારોહમાં ભારપૂર્વક કહ્યું હતું કે ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સનું આયોજન સ્વીકારવા માટે ભારત કટિબદ્ધ છે.

ઉત્તરાખંડ રાજ્યના સાત પર્વતીય ભાગોમાં નૅશનલ ગેમ્સની હરીફાઈઓ યોજાશે.

૩૨ રમતોમાં થનારી હરીફાઈઓમાં કુલ ૧૦,૦૦૦ ઍથ્લીટો ભાગ લેશે.

૧૪મી ફેબ્રુઆરી સુધી ચાલનારી આ વાર્ષિક સ્પર્ધામાં કુલ મળીને ૪૫૦ ગોલ્ડ, ૪૫૦ સિલ્વર અને ૪૫૦ બ્રૉન્ઝ મેડલ આપવામાં આવશે.

મોદીએ ઍથ્લીટોને સંબોધીને એવું પણ કહ્યું હતું કે 'તમારી કાબેલિયત અને ક્ષમતા વધારવાનો અમારો સતત પ્રયત્ન રહ્યો છે અને તમને સપોર્ટ



આપવા પર જ અમારું બધુ ધ્યાન છે. અમે દૃઢપણે માનીએ છીએ કે દેશના વિકાસમાં ખેલકૂદ ખૂબ મહત્ત્વનો હિસ્સો હોય છે.'

મોદીએ યુવા વર્ગ માટે હેલ્થ-ટિપ્સ આપતા કહ્યું, 'તેલવાળો ખોરાક ઘટાડો, રોજ વધુ ચાલો અને કસરત કરો અને સ્થૂળતાથી બચો.'

# બૂમ બૂમ બુમરાહ: જસપ્રીત જીત્યો આઇસીસીનો સર્વશ્રેષ્ઠ 'સર ગારફીલ્ડ સોબર્સ અવૉર્ડ'


## દ્રવિડ, સચિન, અશ્વિન અને કોહલી પછીનો પાંચમો ભારતીય વિજેતા

દુબઈઃ ટેસ્ટ જગતના ૩૧ વર્ષીય નંબર-વન બોલર જસપ્રીત બુમરાહે પ્રતિષ્ઠિત 'સર ગારફીલ્ડ સોબર્સ અવૉર્ડ' જીતી લીધો છે. આ પુરસ્કાર 'આઇસીસી મેન્સ ક્રિકેટર ઑફ ધ યર' તરીકે ઘોષિત થનાર ખેલાડીને આપવામાં આવે છે અને આઇસીસીએ એના માટે ૨૦૨૪ના વર્ષમાં સર્વશ્રેષ્ઠ પર્ફોર્મ કરનાર બુમરાહ પર કળશ ઢોળ્યો છે. આ અવૉર્ડ જીતનાર બુમરાહ ભારતના પાંચમો ક્રિકેટર છે.

સોમવારે બુમરાહને 'આઇસીસી ટેસ્ટ ક્રિકેટર ઑફ ધ યર' પુરસ્કારના વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યો હતો તેમ જ આઇસીસીની 'ટેસ્ટ ટીમ ઑફ ધ યર'માં પણ તેને સામેલ કરવામાં આવ્યો હતો.

બુમરાહ તેના કૌશલ્ય, સચોટ બોલિંગ અને સતતપણે વર્લ્ડ ક્લાસ બોલિંગ કરવાની આવડત બદલ આ પુરસ્કારોથી સન્માનિત થયો છે.

૨૦૨૪માં ટેસ્ટ તેમ જ ટી-૨૦ ક્રિકેટમાં બુમરાહનું પ્રભુત્વ હતું. ગયા વર્ષે ટી-૨૦ વર્લ્ડ કપમાં તેણે ૧૫ વિકેટ




**વર્લ્ડ નંબર વન બન્યો શહેનશાહ**

બુમરાહ આઈસીસી મેન્સ ક્રિકેટર ઑફ ધ યર પુરસ્કાર જીત્યો એ બદલ ભારતીય ક્રિકેટ બોર્ડે 'એક્સ' પર તેને પોસ્ટ સાથે અભિનંદન આપ્યા હતા. (બીસીસીઆઇ)

લીધી હતી અને સૌથી ઓછી ઇનિંગ્સમાં ૨૦૦ ટેસ્ટ વિકેટ લેનાર ભારતીય બોલર બન્યો હતો.

'સર ગારફીલ્ડ સોબર્સ અવૉર્ડ' જીતનાર બુમરાહ પાંચમો ભારતીય છે. આ પહેલાં રાહુલ દ્રવિડ (૨૦૦૪), સચિન તેન્ડુલકર (૨૦૧૦), રવિચન્દ્રન અશ્વિન (૨૦૧૬) અને વિરાટ કોહલી (૨૦૧૭, ૨૦૧૮) આ પ્રતિષ્ઠિત પુરસ્કાર જીત્યા હતા.

બુમરાહે ૨૦૨૪નું વર્ષ ૯૦૭ રેટિંગ પૉઇન્ટ સાથે પૂરું કર્યું હતું જે ભારતીય બોલર્સના ઇતિહાસમાં હાઇએસ્ટ છે.

બુમરાહે ૨૦૨૪માં ટેસ્ટ ક્રિકેટમાં માત્ર ૧૩ મૅચમાં કુલ ૭૧ વિકેટ લીધી હતી અને ૧૪.૯૨ તેની બોલિંગ-ઍવરેજ હતી. તેણે તાજેતરમાં ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ-શ્રેણીમાં ૩૨ વિકેટ લીધી હતી જે તમામ બોલર્સમાં હાઇએસ્ટ હતી. તેણે વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)માં કુલ ૭૭ વિકેટ લીધી હતી એમ છતાં ભારત (ખાસ કરીને ફ્લૉપ બૅટિંગ બદલ) ફાઇનલમાં પહોંચવામાં નિષ્ફળ રહ્યું છે. ■

# રોહિત શર્માએ સુનીલ ગાવસકર વિરુદ્ધ બીસીસીઆઇમાં ફરિયાદ કરી

મુંબઈઃ તાજેતરમાં ઑસ્ટ્રેલિયા ખાતેના પ્રવાસમાં મોડા (પર્થની પ્રથમ ટેસ્ટ બાદ) પહોંચેલા અને સિરીઝની પાંચ ઇનિંગ્સમાં કુલ મળીને ફક્ત ૩૧ રન બનાવનાર રોહિત શર્મા નબળા બૅટિંગ પર્ફોર્મન્સ બદલ ટીકાકારોનું નિશાન બન્યો હતો, ભારત એક પછી એક ટેસ્ટ હારી જતાં તેની કૅપ્ટન્સી પણ ચર્ચાસ્પદ થઈ હતી અને તેને નિશાન બનાવનાર વિવેચકોમાં ક્રિકેટ-લેજન્ડ સુનીલ ગાવસકરનો પણ સમાવેશ હતો જેમની સામે રોહિતે બીસીસીઆઇમાં ફરિયાદ કરી હોવાનું મનાય છે.

રોહિત શર્માની પત્ની રિતિકાએ ડિસેમ્બરમાં બાળકને જન્મ આપ્યો હતો અને રોહિત એ અરસામાં તેની પડખે રહ્યા બાદ (પૅટરનિટી લીવ પૂરી કર્યા બાદ) ઑસ્ટ્રેલિયા પહોંચી ગયો હતો અને ઍડિલેઇડની બીજી ટેસ્ટથી રમ્યો હતો.

ગાવસકરે ત્યારે રોહિતની ટીકામાં ઘણી ટિપ્પણીઓ કરી હતી. સનીએ ખાસ કરીને રોહિતના બૅટિંગને લગતા અભિગમ અને કૅપ્ટન તરીકેની અસરકારકતા સામે આંગળી ચીંધી હતી. રોહિત સિડનીની પાંચમી ટેસ્ટમાં નહોતો રમ્યો એ વિશે પણ ગાવસકરે ટિપ્પણી કરી હતી અને રેડ-બૉલ ક્રિકેટ (ટેસ્ટ-ક્રિકેટ)માં તેના ભાવિ વિશે અનિશ્ચિતતા બતાવી હતી. ટીમના હિતમાં કૅપ્ટન્સીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો હોવાનું પણ ગાવસકરે ત્યારે એક મુલાકાતમાં જણાવ્યું હતું.

જોકે એક ક્રિકેટલક્ષી વેબસાઇટના અહેવાલ મુજબ ગાવસકરની આ ટિપ્પણીઓથી રોહિત શર્મા નારાજ છે અને આ વિશ્લેષણ ઠીક નથી એવા અભિપ્રાય સાથે તેણે બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)માં ગાવસકર વિરુદ્ધ ફરિયાદ કરી હોવાનું મનાય છે.

રોહિતે એવું જણાવ્યું હોવાનું પણ મનાય છે કે સિરીઝમાં તેના નબળા પર્ફોર્મન્સ માટે કેટલાક બાહ્ય પરિબળો પણ જવાબદાર હતા.

આ આખા કિસ્સાને બારીકાઈથી જોનાર એક સૂત્રના જણાવ્યા મુજબ 'રોહિતનું એવું માનવું છે કે સુનીલ ગાવસકરે તેની આ રીતે ટીકા કરી એ ઠીક ન કહેવાય અને એટલે જ તેણે ગાવસકર વિરુદ્ધ બીસીસીઆઇમાં ફરિયાદ કરી છે.' ■

# ભારતની ઓપનર તૃષાએ અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં રચ્યો ઈતિહાસ

## આ ટૂર્નામેન્ટમાં સેન્ચુરી ફટકારનારી વિશ્વની પહેલી જ ખેલાડી બની, ભારતનો સ્કૉટલૅન્ડ સામે ૧૫૦ રનથી વિજય

ક્વાલાલમ્પુરઃ મલયેશિયામાં ચાલતા ગર્લ્સ અન્ડર-૧૯ ટી-૨૦ વર્લ્ડ કપમાં સેમિ ફાઇનલમાં પ્રવેશ કરી ચૂકેલી ભારતીય ટીમની ઓપનર ગૉન્ગાડી તૃષા (૧૧૦ અણનમ, ૫૯ બૉલ, ચાર સિક્સર, તેર ફોર)એ ગઈ કાલે અહીં આ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં નવો ઇતિહાસ રચ્યો હતો. તે છોકરીઓમાં અન્ડર-૧૯ ટી-૨૦ વર્લ્ડ કપમાં સેન્ચુરી કરનારી વિશ્વની સૌથી પહેલી ખેલાડી બની હતી.

ભારતે આ મૅચમાં તૃષાના ઑલરાઉન્ડર પર્ફોર્મન્સથી સ્કૉટલૅન્ડને ૧૫૦ રનના તોતિંગ માર્જિનથી કચડી નાખ્યું હતું. તૃષા આ મૅચની સુપરસ્ટાર હતી. તેણે જબરદસ્ત ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ બદલ પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર મેળવ્યો હતો.

ભારતે ૨૦૯ રનનો મોટો લક્ષ્યાંક આપ્યો હતો જેના જવાબમાં નિઆમ મુઇર નામની કૅપ્ટનના નેતૃત્વમાં સ્કૉટલૅન્ડની ટીમ ૧૪ ઓવરમાં ફક્ત ૫૮ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. બન્ને ઓપનર પિપ્પા કેલી અને એમ્મા વાલ્સિન્ગહૅમના ૧૨-૧૨ રન ટીમમાં હાઇએસ્ટ હતા. લેફ્ટ-આર્મ સ્પિનર આયુષી શુક્લાએ સૌથી વધુ ચાર વિકેટ તેમ જ તૃષા તથા બીજી લેફ્ટ-આર્મ સ્પિનર વૈષ્ણવી શર્માએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી.

એ પહેલાં, ભારતીય ટીમે બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં એક વિકેટે ૨૦૮ રન બનાવ્યા હતા. એમાં તૃષાના ૧૧૦ રન ઉપરાંત બીજી ઓપનર જી. કમલિનીના ૫૧ રન પણ સામેલ હતા જે તેણે ૪૨ બૉલમાં નવ ફોરની મદદથી બનાવ્યા હતા. સનિકા ચળકે ૨૯ રને અણનમ રહી હતી. સ્કૉટલૅન્ડની છ બોલરમાંથી એકમાત્ર મૈસી મૅસિરા એક વિકેટ લઈ શકી હતી.

તૃષાએ પહેલાં કમલિની સાથે ૧૪૭ રનની અને પછી સનિકા સાથે ૬૧ રનની અતૂટ ભાગીદારી કરી હતી.

ગઈ કાલની બીજી મૅચમાં બાંગ્લાદેશે વેસ્ટ ઇન્ડિઝને હરાવી દીધું હતું. બાંગ્લાદેશે ખરાબ પર્ફોર્મન્સ બદલ આ સ્પર્ધામાંથી વહેલી વિદાય લેવી પડી છે. ■



# વિરાટે રણજી માટે પ્રૅક્ટિસ શરૂ કરી, દિલ્હીના ૧૮ ખેલાડીઓએ તેને માત્ર ટીવી પર જ જોયો હતો!

## 'કિંગ કોહલી'એ મનપસંદ છોલે-પૂરી ખાવાની ના પાડી, પણ બધા સાથે કઢી-ચાવલ ખાધા

નવી દિલ્હીઃ ગુરુવારે (સવારે ૯.૩૦ વાગ્યાથી) અરુણ જેટલી સ્ટેડિયમમાં રેલવે સામે શરૂ થનારી ચાર-દિવસીય રણજી મૅચમાં રમવા માટે વિરાટ કોહલી દિલ્હીની ટીમ સાથે જોડાઈ ગયો છે અને પ્રૅક્ટિસ શરૂ કરી દીધી છે. કોહલી ૧૨ વર્ષ બાદ પહેલી વાર રણજી ટ્રોફીમાં દિલ્હી વતી રમવા આવ્યો છે. ૨૦૧૨માં કોહલી છેલ્લી વાર દિલ્હી વતી રમ્યો ત્યાર બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અપ્રતિમ પર્ફોર્મન્સ દ્વારા 'કિંગ કોહલી' બની ગયો છે.

કોહલી ત્રણ કલાક સુધી દિલ્હીના હોમ-ગ્રાઉન્ડ પર હતો. દિલ્હીની ટીમમાંથી પેસ બોલર નવદીપ સૈનીને બાદ કરતા બાકીના તમામ ૧૮ ખેલાડીઓએ અત્યાર સુધી કોહલીને માત્ર ટીવી પર જ જોયો હતો અને તેને સ્મૉલ સ્ક્રીન પર પર્ફોર્મ કરતો જોઈને પોતે પણ પોતાની ટૅલન્ટ મુજબ અવ્વલ દરજ્જાના ખેલાડી બનવાનું સપનું સેવ્યું છે. હવે આ ખેલાડીઓ કોહલી સાથે રણજી મૅચમાં રમવાના છે.

પીટીઆઇના અહેવાલ મુજબ ૩૦મી જાન્યુઆરીએ સવારે રેલવે સામેની મૅચ શરૂ થાય એ પહેલાં કોહલીએ દિલ્હીના આ ખેલાડીઓ સાથે ખૂબ પ્રૅક્ટિસ કરી હતી. તે બધા ખેલાડીઓમાં સતતપણે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. દિલ્હીની ટીમનો દરેક ખેલાડી તો ઠીક, પણ હેડ-કોચ સરણદીપ સિંહ તેમ જ બૅટિંગ-કોચ બન્ટુ સિંહ પણ કોહલીની નજીક રહેવા તત્પર હોવાનું જોવા મળ્યું હતું. દિલ્હી ક્રિકેટમાં 'ચીકુ' તરીકે ઓળખાતા કોહલીએ વિનમ્રતાથી બધા સાથે પૂરતો સમય વીતાવ્યો હતો અને પોતાના ભૂતપૂર્વ અન્ડર-૧૯ કોચ મહેશ ભાટી સાથે પણ જોવા મળ્યો હતો. ભાટી ટીમના ઍડમિનિસ્ટ્રેટિવ મૅનેજર છે.

કોહલી એ દિવસે પહેલી વાર પ્રૅક્ટિસ માટે સવારે ૯.૦૦ વાગ્યે જેટ બ્લૅક પોર્શ કારમાં સ્ટેડિયમ ખાતે આવ્યો હતો. તેણે 'વીરેન્દર સેહવાગ ગેટ'માંથી એન્ટ્રી કરી હતી.

દિલ્હી ઍન્ડ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ ઍસોસિયેશન (ડીડીસીએ)ના એક વરિષ્ઠ અધિકારીએ પીટીઆઇને વિરાટ કોહલી વિશે જણાવ્યું હતું કે 'વો બદલા નહીં હૈ. ઉસકો છોલે-પૂરી પસંદ થે ઔર હમને મંગાકે રખા થા. લેકિન ઇસને બોલા છોલે-પૂરી નહીં ખાઉંગા. પ્રૅક્ટિસ કે બાદ ઉસને પૂરાને ટાઇમ કી તરહ કઢી-ચાવલ ખાયા સબકે સાથ.'

૨૦૦૬માં કોહલી દિલ્હી વતી રમતો હતો ત્યારે દિલ્હી રણજી ટીમના એ સમયના મૅનેજર અજિત ચૌધરીએ કોહલીને 'ચીકુ'નું હુલામણુ નામ





દિલ્હીમાં કબીર નામના બાળક સાથે (ડાબે) અને પછી પ્રેક્ટિસમાં કોહલી. (પીટીઆઈ)

આપ્યું હતું.

કોહલી ત્રણ કલાક મેદાન પર હતો અને એમાંથી એક કલાક તે દિલ્હીના ખેલાડીઓ સાથે એક કલાક નેટ પ્રૅક્ટિસમાં હતો. તે ખેલાડીઓ સાથે થોડું ફૂટબૉલ પણ રમ્યો હતો. આયુષ બદોની દિલ્હીની રણજી ટીમનો કૅપ્ટન છે અને કોહલીને નેટમાં આવતો જોઈને સતર્ક થઈ ગયો હતો તેમ જ ખૂબ ઉત્સાહિત પણ હતો. કોહલી આવતાવેંત બોલ્યો, 'આયુષ, તૂં બૅટિંગ કર લે...ફિર દોનોં સ્વિચ કરકે કરેંગે (પછીથી આપણે વારાફરતી બૅટિંગ પ્રૅક્ટિસ કરીશું.)'

કોહલી પછીથી સ્પિનર્સની નેટમાં ગયો હતો જ્યાં તેણે દિલ્હીના સ્પિનર હર્ષ ત્યાગી અને સુમીત માથુરના સ્પિનનો સામનો કર્યો હતો. એ પહેલાં, દિલ્હીના પેસ બોલર્સ નવદીપ સૈની, મૉની ગ્રેવાલ, રાહુલ ગેહલોત અને સિદ્ધાંત શર્માએ નેટમાં બોલિંગ કરી હતી. જોકે ટીમ ઇન્ડિયાની સરખામણીમાં દિલ્હીની ટીમના બોલર્સનો સામનો કરવામાં કોહલીને ખાસ કોઈ તકલીફ નહોતી પડી. ■

### દિલ્હીના બાળકને અને ટીમના ખેલાડીઓને કોહલીએ શું સલાહ આપી?

વિરાટ કોહલીએ ૧૨ વર્ષે ફરી દિલ્હી વતી રણજી ટ્રોફીમાં રમતા પહેલાં સોમવારે કરેલી પ્રૅક્ટિસ દરમ્યાન દિલ્હીના ખેલાડીઓને પ્રેરક સલાહ આપી હતી. દિલ્હીના એકમાત્ર નવદીપ સૈનીને બાદ કરતા બધા ખેલાડીઓ પહેલી જ વાર કોહલીને પ્રત્યક્ષ મળ્યા હતા. દિલ્હી વતી અન્ડર-૧૭ અને અન્ડર-૧૯ ટીમ વતી રમી ચૂકેલા શાવેઝ નામના ભૂતપૂર્વ ખેલાડીનો ચાર વર્ષીય પુત્ર કબીર ખાસ કોહલીને જોવા દિલ્હીના સ્ટેડિયમમાં આવ્યો હતો. તે 'અંકલ વિરાટ'નો સ્કૅચ દોરીને લાવ્યો હતો. કબીરને કોહલી સાથે થોડી વાતચીત કરવાનો મોકો મળ્યો હતો. પીટીઆઇના અહેવાલ મુજબ કબીરે કોહલીને પૂછ્યું, 'સર, હું ભારત વતી કેવી રીતે રમી શકીશ?' કોહલીએ જવાબમાં કહ્યું, 'બેટા, તારે ખૂબ પ્રૅક્ટિસ કરવી જોઈશે. તનતોડ મહેનત કરવી પડશે. તારા પપ્પા તને પ્રૅક્ટિસ માટે મેદાન પર જવાનું કહે એને બદલે તારે તારા પપ્પાને કહેવાનું કે મારે પ્રૅક્ટિસ કરવા જવાનું છે.'

કોહલીએ દિલ્હીના યુવા ખેલાડીઓને સલાહ આપતા કહ્યું હતું કે 'દિલ્હીવાલે હો...દમ દિખાઓ. શુરુઆત અચ્છા કિયા ફિર ઠંડે પડ ગયે. પૉઝિટિવ ખેલો જૈસે દિલ્હીવાલે ખેલતેં હૈ.'

કોહલી ફૉર્મમાં હોય કે ન હોય, 'કિંગ' હંમેશાં 'કિંગ' જ હોય છે. ■

# કાંબળીના વ્યસનથી ત્રાસીને ઍન્ડ્રિયાએ એક વાર તેને છૂટાછેડા આપી દેવાનો વિચાર કર્યો હતો

મુંબઈઃ ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર વિનોદ કાંબળી સાથેના સંઘર્ષપૂર્ણ લગ્નજીવન વિશે તેની પત્ની ઍન્ડ્રિયા હ્યુઇટે તાજેતરમાં વાનખેડે સ્ટેડિયમની સુવર્ણ જયંતીના અવસરે આપેલા એક ઇન્ટરવ્યૂમાં આઘાતજનક છતાં પેટછૂટી વાતો કરી હતી.

કાંબળીને દસ દિવસ પહેલા વાનખેડેના સમારોહમાં ક્રિકેટ-લેજન્ડ સુનીલ ગાવસકરના શુભહસ્તે પુરસ્કાર આપવામાં આવી રહ્યો હતો ત્યારે કાંબળીનો હાથ પકડીને પત્ની ઍન્ડ્રિયા તેને લઈ આવી હતી.

ઍન્ડ્રિયાએ પતિ વિનોદ કાંબળીને એક સમયે છૂટાછેડા આપવાનો વિચાર કરી લીધો હતો. કાંબળીની વર્ષો જૂની દારૂની લતને સહન કર્યે રાખીને તેની સાથેનું લગ્નજીવન પોતે કેવી રીતે ટકાવી રાખ્યું એની વાત તેણે આ મુલાકાતમાં કરી છે.

ઍન્ડ્રિયાએ એક પ્રાઇવેટ પોડકાસ્ટ માટેના ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે વિનોદના દારૂના વ્યસનને કારણે એક વાર મેં ડિવૉર્સ માટે અરજી સુધ્ધાં કરી દીધી



હતી, પરંતુ તેની સારવાર દરમ્યાન મને લાગ્યું કે હવે તે સારો થઈ જશે અને સુધરી જશે એટલે મેં ડિવૉર્સનો વિચાર પડતો મૂક્યો હતો. દારૂની લત છોડાવવા તેની ૧૪ વાર સારવાર થઈ ચૂકી છે.'

કાંબળીની પ્રથમ પત્નીનું નામ નોએલા લુઇસ હતું. કાંબળીએ તેને છોડી દીધા બાદ ઍન્ડ્રિયા સાથે મેરેજ કર્યા હતા. તેઓ પહેલી વાર એકબીજાને એક જાહેરખબર માટેના શૂટિંગ વખતે મળ્યા હતા બંને વચ્ચેની દોસ્તી સમય જતાં ખૂબ મજબૂત બની હતી અને તેમણે ૨૦૦૬માં લગ્નજીવન શરૂ કર્યું હતું.

જોકે કાંબળીની દારૂની આદત ગઈ નહોતી. ઍન્ડ્રિયાએ ઇન્ટરવ્યૂમાં કહ્યું છે કે એક વાર તો મેં તેને છોડી દેવાનો વિચાર કર્યો હતો, પરંતુ મને થયું કે તે સાવ બાળક જેવો છે એટલે પોતાનું ધ્યાન કેવી રીતે રાખશે? એવું વિચારીને મેં તેને છોડવાનો વિચાર માંડી વાળ્યો હતો. હું કોઈ ફ્રેન્ડને પણ આવી હાલતમાં ન છોડું અને તે તો મારો પતિ છે એટલે તેને છોડવાનો વિચાર મેં છોડી જ દીધો હતો. ઘણી વાર હું ઘરેથી જતી રહી હતી, પરંતુ પછી મને વિચાર આવતો કે તેણે બરાબર ખાધું હશે કે નહીં? પલંગ પર બરાબર સૂતો હશે કે નહીં? હું બહારથી તેના વિશે જાણકારી મેળવતી અને મને થતું કે તેને મારી ખૂબ જરૂર તો છે જ. હું ઘણી વાર પોતાને સમજાવતી હતી કે અમારા પરિવારમાં હું જ પપ્પા અને હું જ મમ્મી છું એટલે મારે મારી જવાબદારી સમજવી જોઈએ. મારો પુત્ર ક્રિસ્ટિયાનો નાનો છે, પણ બહુ સમજદાર છે. મારી કઠણાઈઓને બરાબર સમજીને તેણે હંમેશાં મને નૈતિક જુસ્સો અપાવ્યો છે.' ■

# મુંબઈના ગુજરાતી કરાટે સ્પર્ધક દિવેશ ત્રિવેદીએ હૈદરાબાદની સ્પર્ધામાં ગોલ્ડ જીતી લીધો

મુંબઈઃ જાપાન કરાટે ઍસોસિયેશન ઑફ ઇન્ડિયા (જેકેએ ઇન્ડિયા)ની સુવર્ણ જયંતીના અવસરે તાજેતરમાં હૈદરાબાદમાં આયોજિત સિનિયર કરાટે ચૅમ્પિયનશિપમાં મુંબઈના દિવેશ ત્રિવેદીએ કાતા નામની કૅટેગરીમાં ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.

૫૫-૬૦ વર્ષની કૅટેગરીમાં ગુજરાતી સ્પર્ધક દિવેશ ત્રિવેદીએ તીવ્ર હરીફાઈ વચ્ચે નિર્ણાયક મુકાબલામાં હરીફ સામે વિજય મેળવીને સુવર્ણ ચંદ્રક હાંસલ કર્યો હતો.

દિવેશ ત્રિવેદી પશ્ચિમ રેલવેમાં ઑપરેશન્સ ડિપાર્ટમેન્ટ, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનમાં ચીફ ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ છે. તેમણે ૧૯૮૫ની સાલમાં કરાટેમાં




પ્રૅક્ટિસ શરૂ કરી હતી અને ૧૯૯૧માં કરીઅર શરૂ કર્યા બાદ ૨૦૦૫માં જેકેએમાં પ્રથમ ડૅન બ્લૅક બેલ્ટ એક્ઝામ પાસ કરી હતી. હાલમાં તેઓ જેકેએનો છઠ્ઠો ડૅન બ્લૅક બેલ્ટ ધરાવે છે.

હૈદરાબાદની સિનિયર કરાટે સ્પર્ધામાં કુમિતેમાં રામ તુંબાડેએ ગોલ્ડ તથા કાતામાં સિલ્વર મેડલ મેળવ્યો હતો.

વિવિધ વર્ગની હરીફાઈઓ આ સ્પર્ધામાં યોજાઈ હતી જેમાં વિશ્વભરમાંથી કુલ ૧,૬૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

આ ૧,૬૦૦ સ્પર્ધકોમાં મહારાષ્ટ્રના કુલ ૬૪ સ્પર્ધક હતા.

અન્ય એક વર્ગમાં જય શાહ અન્ડર-૧૪ કાતા કૅટેગરીની હરીફાઈમાં સિલ્વર મેડલ જીત્યો હતો, જ્યારે જિયાના શાહે અન્ડર-૧૨ કુમિતેમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. ■

# સેન્સેક્સ ૧૧૪૭ પોઈન્ટ સુધી ઊંચે ઉછળી અંતે ૫૩૫ના સુધારે સ્થિર થયો, નિફ્ટી ૨૩,૦૦૦ નજીક પહોંચ્યો

## રિઝર્વ બેન્ક તરફથી લિક્વિડીટીનો ડોઝ મળતા બે દિવસની પીછેહઠને બ્રેક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વોલસ્ટ્રીટના નબળા સંકેત છતાં સ્થાનિક સ્તરે રિઝર્વ બેન્કે નાણાં પ્રણાલીમાં પ્રવાહિતા ઉમેરવાની જાહેરાત કરી હોવાથી બોન્કિંગ અને રેટ સેન્સિટિવ શેરોમાં જોરદાર લેવાલીનો ટેકો મળતાં સેન્સેક્સ બે દિવસની પછડાટને બ્રેક મારી ૧૧૪૭ પોઇન્ટ સુધી ઊંચે ઉછળીને અંતે ૫૩૫ પોઇન્ટના સુધારે સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૨૩,૦૦૦ નજીક પહોંચ્યો હતો.

સેન્સેક્સ સત્ર દરમિ?ાન ૧૧૪૬.૭૯ પોઇન્ટ અથવો ૧.૫૨ ટકા ઉછળીને ૭૬,૫૧૨.૯૬ની સપાટીને અથડાઇને અંતે ૫૩૫.૨૪ પોઇન્ટ અથવા તો ૦.૭૧ ટકાના સુધારા સાથે ૭૫,૯૦૧.૪૧ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૩૦૮.૮૦ પોઇન્ટના ઉછાળા સાથે ૨૩,૧૩૭.૯૫ની ઊંચી સપાટીને અથડાઇને અંતે ૧૨૮.૧૦ પોઇન્ટ અથવા તો ૦.૫૬ ટકાના સુધારા સાથે ૨૨,૯૫૭.૨૫ની સપાટીએ સ્તિર થયો હતો.

બજાજ ફાઇનાન્સ, એક્સિસ બેન્ક, બજાજ ફિનસર્વ, એચડીએફસી બેન્ક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, આઇસીઆઇસીઆઇ બેન્ક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઝોમેટો, ઇન્ડસઇન્ડ બેન્ક, મારુતિ સુઝુકી ઇન્ડિયા અને ભારતી એરટેલ ટોપ ગેઇનર્સની યાદીમાં હતા, જ્યારે સન ફાર્મા, લાર્સન, આઇટીસી, એચસીએલ ટેકનોલોજી, એનટીપીસી, પાવર ગ્રીડ, નેસ્લે ઇન્ડિયા, ટીસીએસ અને એશિયન પેઇન્ટ્સ ટોપ લુઝર્લ રહ્યા હતા.

બજારના સાધનો અનુસાર આરબીઆઈના પ્રવાહિતાના પગલાંએ ફેબ્રુઆરીના દરમાં કાપની આશાને વેગ મળવા સાથે તાજેતરના બજાર કરેક્શન પછી મૂલ્યાંકન વાજબી સ્તરે પહોંચ્યા હોવાથી લેવાલી જોવા મળી છે. જોકે, આ રેલી કેટલી ટકુ હશે એ કહી શકાય એમ નથી. ટ્રમ્પનો ટેરિફ ભય તો ઝળુંબી જ રહ્યો છે. ટ્રમ્પે જેના પર ટેરિફ લાદવાનો ઇરાદો છે એવા દેશોમાં ભારતનું પણ નામ જાહેર કર્યું હોવાથી રોકાણકારોમાં સાવચેતીનું માનસ છે.

ડિસેમ્બર ક્વાર્ટરમાં બજારની અપેક્ષાથી નબળા પરિણામને કારણે આદિત્ય બિરલા સનલાઇફ એએમસીનો શેર ૪.૮૨ ટકાના કડાકા સાથે રૂ. ૬૧૨.૩૦ની સપાટીએ પહોંચ્યો હતો. સીવરેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વોટર સપ્લાય પ્રોજેક્ટના અમલીકરણમાં વિશેષતા ધરાવતી વી એલ ઇન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડે રૂ. ૪૫. ૪૯ કરોડના પાંચ પ્રતિષ્ઠિત ઇન્ફ્રાસ્ટ્રક્ચર કોન્ટ્રાક્ટ વર્ક ઓર્ડર અને ઇરાદાપત્રની પ્રાપ્તિ થઈ હોવાનું જાહેર કર્યું છે. આ સાથે કંપનીની કુલ ઓર્ડર બુક રૂ. ૧૬૬.૮૫ કરોડ સુધી પહોંચી છે. અનંતરાજ તેની ૨૦ ટકાની નીચલી સર્કિટમાં અથડાયો હતો.

રીફેક્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે ત્રીજા ત્રિમાસિકમાં સ્ટેન્ડઅલોન ધોરણે ૫૯.૦૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે, જે ૨૦૦.૧૨ ટકાનો વધારો દર્શાવે છે. એશ એન્ડ કોલ હેન્ડલિંગ, રેફ્રિજન્ટ ગેસ અને ગ્રીન મોબિલિટી સહિતનો પોર્ટફોલિયો ધરાવતી આ કંપનીએ ૧૪૦.૭૧ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૭૩૩.૪૮ કરોડની કુલ આવક નોંધાવી છે. બીએસએનએલએ ભારતમાં ૫૫૦થી વધુ ચેનલ અને ઓટીટી એપના વન સ્ટોપ પ્લેટફોર્મ આઇએફટીવી લોન્ચ કરવા માટે સ્કાયપ્રો અને પ્લેબોક્સ ટીવી સાથે ભાગીદારી જાહેર કરી છે.

કોર્પોરેટ ક્ષેત્રના નબળા પરિણામ અને વૈશ્વિક ઇક્વિટી બજારના નબળા સેન્ટિમેન્ટ્સ વચ્ચે તમામ ક્ષેત્રોમાં વર્તાઇ રહી છે. ઊંચા મૂલ્યાંકન અને ખરાબ સેન્ટિમેન્ટ વચ્ચે મિડ અને સ્મોલ કેપ્સ સ્ટોક્સની પડતી ચાલુ રહી છે. આર્થિક વૃદ્ધિમાં નરમાઈ અને ડોલર સામે રૂપિયાના અવમૂલ્યનને કારણે વિદેશી ફંડોની વેચવાલી એકધારી ચાલુ છે. અમેરિકના વેપારને લગતા ઘર્ષણો ચાલુ રહેવાને કારણે નબળા સેન્ટિમેન્ટ્સ વધુ વણસી ગયા છે, જેમ કે આ વખતે કોલંબિયા સાથે વિખવાદ શરૂ થયો છે. ટ્રમ્પે હવે અન્ય દેશ સાથે ઊંચી ટેફિના લક્ષ્યાંક માટે ભારત તરફ પણ નિશાન સાધ્યુ છે. એકંદરે એફઓએમસીની બેઠક, એક્સપાઇરી વીક અને યુનિયન બજેટ જેવી આગામી ઇવેન્ટને જોતા આ સપ્તાહે ઊંચા સ્તરની વેલોટિલિટી ચાલુ રહેવાની ધારણા છે.

એક અહેવાલ અનુસાર આગામી બે વર્ષમાં દેશમાં ૧૦૦૦થી વધુ આઇપીઓ આવવાની શક્યતા છે. સ્થાનિક બજારના સેન્ટિમેન્ટ પર કોર્પોરેટ પરિણામો ઉપરાંત કેન્દ્રીય બજેટની અટકળોની અસર વર્તાવી શરૂ થઇ ગઇ છે. આદાણી વિલ્મરે ત્રીજા ક્વાર્ટરમાં રૂ. ૪૧૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે, જે બમણાંથી વધુ ઉછાળો દર્શાવે છે. લોજિસ્ટિક કંપની એમિઝાએ ફંડિંગ રાઉન્ડમાં રૂ. ૧૦૦ કરોડ એકત્ર કર્યા છે. ડો. રેડ્ડીઝ લેબે ડિસેમ્બર ક્વાર્ટરમાં બે ટકાના વધારા સાથે રૂ. ૧૪૧૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. નીટ લિમિટેડનો નફો સાત ટકાના ઘટાડા સાથે રૂ. ૧૩.૩૯ કરોડ રહ્યો છે. એચપીસીએલનો નફો પાંચેક ટકા વધ્યો છે.

આઇસીઆઇસીઆઇ પ્રૂડેન્શિયલ લાઇફ ઇન્સ્યોરન્સે ૪૩ ટકાના વધારા સાથે રૂ. ૩૨૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. એચડીએફસી બેન્કે ચોખ્ખા નફામાં માત્ર બે ટકા જેવો વધારો દર્શાવ્યો હતો. એચયુએલએ ત્રીજા ક્વાર્ટરમાં ૧૯.૧૮ ટકાના વધારા સાથે રૂ. ૨૯૮૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કોટક મહિન્દ્રા બેન્કના પરિણામ નબળા આવ્યાં છે. વિપ્રોએ ડિસેમ્બર ક્વાર્ટરમાં ૨૪.૪૦ ટકાના વધારા સાથે રૂ. ૩૩૫૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

બીપીસીએલે બીજા ક્વાર્ટર સામે ૯૪ ટકાના વધારા સાથે રૂ. ૪૬૪૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ઇન્ફોસિસે કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં ૧૧ ટકાનો વધારો નોંધાવ્યો હતો. એક્સિસ બેંકે બજારની અપેક્ષા કરતાં નબળા પરિણામ જાહેર કર્યા હતા. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ત્રીજા ક્વાર્ટરના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં રૂ.૧૮,૫૪૦ કરોડની વૃદ્ધિ નોંધાવી હતી. ■

# રિઝર્વ બૅન્કનાં પ્રવાહિતાના પગલે બૅન્ક શૅરોમાં ચમકારો

નવી દિલ્હી: બન્કિંગ યંત્રણામાં રૂ. ૧.૫૦ લાખ કરોડની પ્રવાહિતા વધારવાનાં પગલાંની રિઝર્વ બૅન્કની જાહેરાત સાથે આજે સ્થાનિક સ્ટોક માર્કેટમાં એચડીએફસી બૅન્ક અને એક્સિસ બૅન્કના શૅરના ભાવમાં ત્રણ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો.

તંગ પ્રવાહિતાની સ્થિતિ હળવી કરવા માટે રિઝર્વ બૅન્કે લીધેલા આ પગલાંની સાથે આગામી ફેબ્રુઆરી મહિનાની નાણાનીતિની સમીક્ષાની બેઠકમાં રિઝર્વ બૅન્ક વ્યાજદરમાં કાપ મૂકીને બૅન્કિંગ ક્ષેત્રની તંગ પ્રવાહિતા હળવી કરશે એવો આશાવાદ નિર્માણ થયો હોવાનું બજારનાં નિષ્ણાતો જણાવે છે.

રિઝર્વ બૅન્કની આ જાહેરાત સાથે બીએસઈ ખાતે એક્સિસ બૅન્કના શૅરના ભાવ ૩.૨૦ ટકા વધીને રૂ. ૯૭૮.૨૦, એચડીએફસીનાં ભાવ ૩.૦૯ ટકા વધીને રૂ. ૧૬૮૦, આઈસીઆઈસીઆઈ બૅન્કના ભાવ ૨.૧૫ ટકા વધીને રૂ. ૧૨૫૪.૪૦ અને ઈન્ડ્સઈન્ડ બૅન્કના ભાવ ૧.૯૮ ટકા વધીને રૂ. ૯૪૪.૨૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આ સિવાય બૅન્ક ઑફ બરોડાનાં શૅરના ભાવ ૦.૬૪ ટકા વધીને રૂ. ૨૨૧, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાના ભાવ ૦.૨૮ ટકા વધીને રૂ. ૭૫૧.૩૦ અને કોટક મહિન્દ્રા બૅન્કનાં શૅરના ભાવ ૦.૧૩ ટકા વધીને રૂ. ૧૮૮૩.૦૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આ તબક્કે ફેડરલ બૅન્કના શૅરના ભાવ ૪.૯૭ ટકા ઘટીને રૂ. ૧૮૧.૭૦, યસ બૅન્કના ભાવ ૧.૫૧ ટકા ઘટીને રૂ. ૧૮.૨૨ અને કેનેરા બૅન્કના ભાવ ૧.૨૦ ટકા ઘટીને રૂ. ૯૦.૭૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અત્રે નોંધનીય બાબત એ છે કે ગત સોમવારે રિઝર્વ બૅન્કે જણાવ્યું હતું કે બૅન્કિંગ ક્ષેત્રમાં પ્રવાહિતા વધારવા માટે રિઝર્વ બૅન્ક ત્રણ તબક્કામાં રૂ. ૬૦,૦૦૦ કરોડની સરકારી સિક્યોરિટી ખરીદશે તેમ જ પ્રવાહિતા વધારવા માટેનાં અન્ય પગલાંની પણ જાહેરાત કરી હતી. પ્રવાહિતાના વહીવટ માટે આગામી ૩૧ જાન્યુઆરી ૨૦૨૫થી છ મહિના સુધી પાંચ અબજ ડૉલરના મૂલ્યનાં રિઝર્વ બૅન્કે ડૉલર/રૂપિયો બાય/સેલ ઑક્શન યોજવાની પણ જાહેરાત કરી હતી.

પ્રવાહિતા વધારવા માટેની વિગતો આપતા જણાવ્યું હતું કે રિઝર્વ ઓપન માર્કેટ ઓપરેશન હેઠળ આગામી ૩૦ જાન્યુઆરી, ૧૩ ફેબ્રુઆરી અને ૨૦ ફેબ્રુઆરીએ પ્રત્યેક તબક્કામાં રૂ. ૨૦,૦૦૦ કરોડની ભારત સરકારની સિક્યોરિટી ખરીદશે. આ ઉપરાંત આગામી સાતમી ફેબ્રુઆરીએ રૂ. ૫૦,૦૦૦ કરોડનાં ૫૬ દિવસીય વેરિએબલ રેટ રેપો ઓક્શન પણ થશે. રિઝર્વ બૅન્ક સતત પ્રવાહિતા અને બજારની સ્થિતિ પર દેખરેખ રાખીને આકારણી કરીને પ્રવાહિતા સંદર્ભનાં પગલાં લેશે, એમ યાદીમાં ઉમેર્યું હતું. ■

# વિશ્વ બજાર પાછળ સોનામાં રૂ. ૮૪નો અને ચાંદીમાં રૂ. ૫૨૪નો ઘટાડો

## ઈક્વિટીમાં થયેલી નુકસાની સરભર કરવા માટે રોકાણકારોની વૈશ્વિક સોનામાં વેચવાલી બાદ ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચીનનાં નવાં ડીપસીક એઆઈ મૉડેલને કારણે પરંપરાગત એઆઈ મૉડેલ સામે અસ્તિત્વનો પ્રશ્નાર્થ ઊભો થતાં ગઈકાલે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં ગાબડાં પડતાં ઈક્વિટી માર્કેટમાં થયેલી નુકસાની સરભર કરવા માટે સોનામાં રોકાણકારોની વેચવાલીનું દબાણ વધતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર ભાવમાં કડાકો બોલાઈ ગયા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ભાવમાં ઘટ્યા મથાળેથી ટકેલું વલણ રહ્યું હોવાના નિર્દેશ હતા. આમ ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૪નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૬ પૈસા ઘટી આવ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરો વધી આવતાં વિશ્વ બજારની સરખામણીમાં સોનામાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. વધુમાં આજે ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૫૨૪ ઘટી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૫૨૪ના ઘટાડા સાથે રૂ. ૮૯,૭૫૦ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીમાં નિરુત્સાહ અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પણ નિરસ રહેતાં ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૪નો ઘટાડો આવ્યો હતો અને સત્રના અંતે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૭૯,૯૯૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૮૦,૦૧૩ના મથાળે રહ્યા હતા. ગઈકાલે ચીન દ્વારા રજૂ કરવામાં આવેલા ઓછા ખર્ચ અને ઓછા પાવર વપરાશવાળા ડીપસીક એઆઈ મૉડેલને પગલે પરંપરાગત એઆઈ મૉડેલના અસ્તિત્વ જોખમમાં મૂકાવાની ભીતિ હેઠળ વિશ્વભરના તમામ ઈક્વિટી માર્કેટમાં આઈટી સ્ટોકના નેજા હેઠળ ઓલ રાઉન્ડ વેચવાલીનું દબાણ વધતાં ઈક્વિટીમાં થયેલી નુકસાની સરભર કરવા માટે રોકાણકારોની સોનામાં વેચવાલી નીકળતાં ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવમાં એક ટકા કરતાં વધુ માત્રામાં ઘટાડો આવ્યો હતો અને ભાવ ૧૮ ડિસેમ્બર પછીની નીચી સપાટીએ પહોંચ્યા હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ભાવ ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૨૭૪૧.૬૪ ડૉલર અને વાયદામાં ભાવ ઘટ્યા મથાળેથી ૦.૩ ટકાના સુધારા સાથે ૨૭૪૫.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ વધુ ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૨૯.૯૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

વધુમાં હાલ સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનની બજારો નવાં લ્યૂનાર વર્ષની ઉજવણી નિમિત્તે બંધ હોવાથી માગ નિરસ રહી હતી. તેમ જ આજથી અમેરીકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠકનો આરંભ થઈ રહ્યો હોવાથી રોકાણકારોએ પણ નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અમેરિકી ફેડરલ રિઝર્વ આ વખતે વ્યાજદર યથાવત્ રાખે તેવી શક્યતા પ્રબળ છે, પરંતુ તાજેતરમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે વ્યાજદરમાં કાપ મૂકવા માટે હાકલ કરી હોવાથી બજાર વર્તુળોમાં અવઢવ હોવાનું કેસીએમ ટ્રેડનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવતાં ઉમેર્યું હતું કે જો બેઠકનાં અંતે વ્યાજદર યથાવત્ રાખવામાં આવશે તો ગત સપ્ટેમ્બરથી શરૂ થયેલા વ્યાજદરમાં કપાતનાં વલણને પહેલી વખત બ્રેક લાગશે. જોકે, બેઠકના અંતે ફેડના અધ્યક્ષ જૅરોમ પૉવેલ ભવિષ્યમાં વ્યાજદરમાં કપાતનો અણસાર આપશે તો સોનાની તેજીને ટેકો મળશે. જોકે, રૉઈટર્સનાં વિશ્લેષકોના મતાનુસાર આગામી ટૂંકા સમયગાળામાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૮૦૦ ડૉલરની સપાટી સુધી પહોંચી શકે છે, જ્યારે લાંબા સમયગાળા માટે ટ્રમ્પની નીતિઓ ફુગાવાલક્ષી હોવાની શક્યતાને ધ્યાનમાં લેતાં પણ સોનાની તેજીને ટેકો મળી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું. ■

# ટ્રમ્પની ટેરિફની ધમકી: ડૉલર સામે રૂપિયો ૨૬ પૈસા પટકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ટેરિફના ઊંચા દરની ધમકી ઉચ્ચારવાની સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૬ પૈસા પટકાઈને ૮૬.૫૭ની સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે તેલ આયાતકારોની ડૉલરમાં વ્યાપક માગ રહેવાને કારણે પણ ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૩૧ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૬.૫૩ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૫૭ અને ઉપરમાં ૮૬.૫૦ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૨૬ પૈસાના ઘટાડા સાથે આજની સૌથી નીચી ૮૬.૫૭ની સપાટીએ બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો નવ પૈસા તૂટ્યો હતો.

દેશને નુકસાન પહોંચાડતા દેશો સામે ટેરિફના ઊંચા દર લાદવામાં આવશે, એમ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવવાની સાથે ઊંચા ટેરિફનાં દરોવાળા દેશોમાં ચીન, ભારત અને બ્રાઝિલનાં નામ ઉચ્ચારતા આજે યુઆનમાં નરમાઈનું વલણ રહેતાં ડૉલર ઈન્ડેક્સ મજબૂત થયો હતો. તેમ જ સ્થાનિક સ્તરે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકરોની ઈક્વિટીમાં રૂ. ૫૦૧૫.૪૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના એક્સચેન્જના અહેવાલ, તેલ આયાતકારોની ડૉલરમાં આક્રમક લેવાલી જેવાં કારણોસર રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં ડૉલરમાં મજબૂતી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૫૨ ટકા વધીને ૧૦૭.૮૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૫૨ ટકા વધીને બેરલદીઠ ૭૭.૪૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ તેલ આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલીને કારણે રૂપિયો વધુ તૂટ્યો હતો. તેમ છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૩૫.૨૪ પૉઈન્ટનો અને ૧૨૮.૧૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ■

# એક્સચેન્જના માર્કેટ કેપિટલમાં રૂ.૧.૩૧ લાખ કરોડનો ઘટાડો નોંધાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: શેરબજારમાં મંગળવારના સત્રમાં બેન્કેક્સ અને ફાઈનાન્સિયલ સર્વિસીસ શેરોમાં સારી લેવાલીને આધારે તેમના ઈન્ડેક્સ સૌથી વધુ વધ્યા હતા, જ્યારે હેલ્થકેર અને ઈન્ડસ્ટ્રિયલ્સ ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યા હતા અને એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ.૧.૩૧ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો.

મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૭૫,૩૬૬.૧૭ના બંધથી ૫૩૫.૨૪ પોઈન્ટ્સ (૦.૭૧ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ.૧.૩૧ લાખ કરોડ ઘટીને રૂ.૪૯૦.૦૦ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૭૫,૬૫૯ ખૂલીને ઊંચામાં ૭૬,૫૧૨.૯૬ સુધી અને નીચામાં ૭૫,૬૨૨.૮૮ સુધી જઈને અંતે ૭૫,૯૦૧.૪૧ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૮ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૨ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૮૪ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૩૦૮ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૬૬૬ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૧૦ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૬૦ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૫૬૯ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૬૧ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૭૭ ટકા ઘટ્યા હતા. ■

# ખાંડમાં આગળ ધપતો ક્વિન્ટલે રૂ. ૬થી ૨૦નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૦૦થી ૩૬૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સાર્વત્રિક સ્તરેથી માગ ઉપરાંત માલની ગુણવત્તા પણ સારી હોવાથી હાજરમાં સેલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૬થી ૨૦નો સુધારો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૧૫ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૭૨૨થી ૩૮૩૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૬થી ૨૦ના સુધારા સાથે રૂ. ૩૭૯૨થી ૩૯૨૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં વધુ ક્વિન્ટલે રૂ. ૧૫નો સુધારો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૭૫થી ૩૭૨૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૮૫થી ૩૭૬૫માં થયા હોવાનું બજારનાં સાધનોએ ઉમેર્યું હતું. ■

# પાંખાં કામકાજો વચ્ચે દેશી-આયાતી તેલમાં સાંકડી વધઘટ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના માર્ચ વાયદામાં ગઈકાલે બાવીસ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૪ રિંગિટ વધી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી હાજરમાં ખાદ્યતેલના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૪૦ તથા રૂચી અને ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૩૦૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, સિંગતેલના રૂ. ૧૪૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ અને સરસવના રૂ. ૧૩૬૫ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની અંદાજે ૧.૩૦ લાખ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૪૩૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૨૦૦થી ૪૨૭૫માં થયા હતા, જ્યારે રાજસ્થાનના મથકો પર લગભગ ૯૦,૦૦૦ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૧૨૫થી ૬૧૫૦માં , સરસવ એક્સપેલર અને કચ્ચીઘાણીનાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૭૧ અને રૂ. ૧૨૮૧માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૧૦૦થી ૨૧૦૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ હેઠળ ધાતુમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય બજારમાં ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતા અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૨૩ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ટીન, કોપર વાયરબાર, નિકલ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી સામે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ મર્યાદિત રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૩ ઘટીને રૂ. ૨૬૩૫, રૂ. નવ ઘટીને રૂ. ૮૩૨, રૂ. ૭ ઘટીને રૂ. ૧૩૭૨ અને રૂ. પાંચ ઘટીને રૂ. ૫૨૮ના મથાળે રહ્યા હતા.

આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી તેમ જ સાર્વત્રિક સ્તરેથી માગ પણ ખપપૂરતી રહેતાં ભાવઘટાડો જોવા મળ્યો હતો તેમાં કોપર કેબલ ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને અનુક્રમે રૂ. ૭૯૯, રૂ. ૭૮૯, રૂ. ૭૮૦ અને રૂ. ૫૭૧, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૭૩૨ અને રૂ. ૨૭૦ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૫૬ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯૮ અને રૂ. ૧૮૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ત્રીજા ત્રિમાસિકગાળામાં હિન્દુસ્તાન ઝિન્કનો નફો ૩૨ ટકા વધ્યો

નવી દિલ્હી: વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ત્રીજા ત્રિમાસિકગાળામાં અર્થાત્ ગત સપ્ટેમ્બરથી ડિસેમ્બર દરમિયાન વેદાન્તા જૂથની કંપની હિન્દુસ્તાન ઝિન્ક લિ.નો ચોખ્ખો નફો ગત સાલના સમાનગાળાના રૂ. ૨૦૨૮ કરોડ સામે ૩૨ ટકા વધીને ૨૬૭૮ કરોડની સપાટીએ રહ્યો હોવાનું કંપનીએ એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું છે.

સમીક્ષા હેઠળના સમયગાળામાં કંપનીની કોન્સોલિડેટેડ ધોરણે આવકો પણ ગત સાલના સમાનગાળાના રૂ. ૭૬૦૬ કરોડ સામે વધીને રૂ. ૮૮૩૨ કરોડની સપાટીએ રહી હતી. અત્રે નોંધની બાબત એ છે કે વેદાન્તા જૂથની આ કંપની ઝિન્કના વૈશ્વિક ઉત્પાદનમાં બીજો ક્રમાંક અને ચાંદીના ઉત્પાદનમાં ત્રીજો ક્રમાંક ધરાવે છે. ■

# ત્રીજા ત્રિમાસિકમાં સીપ્લાના ચોખ્ખા નફામાં ૪૯ ટકાનો ઉછાળો

નવી દિલ્હી: વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ત્રીજા ત્રિમાસિકગાળામાં અર્થાત્ ગત સપ્ટેમ્બરથી ડિસેમ્બર સુધીનાં સમયગાળામાં દેશની અગ્રણી ડ્રગ ઉત્પાદક કંપની સિપ્લાનો ચોખ્ખો નફો ગત સાલના સમાનગાળાના રૂ. ૧૦૫૫.૯ કરોડ સામે ૪૮.૭૩ ટકાના ઉછાળા સાથે રૂ. ૧૫૭૦.૫૧ કરોડની સપાટીએ રહ્યો હોવાનું કંપનીએ બૉમ્બે સ્ટોક એક્સચેન્જને એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું છે. ■

# રાપરમાં બહેન સાથેની મિત્રતાથી નારાજ ભાઈએ ધારિયાથી યુવકનું ગળું કાપી હત્યા કરી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રાપર તાલુકાના ગેડી ગામ નજીક એક ૨૫ વર્ષિય અપરિણીત કોલી યુવકનું ધારિયું ઝીંકીને ઢીમ ઢાળી દેવાના બનાવમાં સ્થાનિક પોલીસે હત્યારા યુવકની ધરપકડ કરી લીધી હતી અને અપરિણીત બહેન જોડે મૃતક યુવકના મૈત્રી સંબંધથી નારાજ ભાઈએ પ્રેમીનું કાસળ કાઢ્યું હોવાનું બહાર આવ્યું હતું.

આ અંગે તપાસ કરી રહેલા પી.આઈએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, રાપરના આણંદપર ગામે રહેનારો અરવિંદ રામજી એવારીયા (કોલી) ગેડી ગામ ખાતેના એક ખેતરમાં ભાગિયા તરીકે મજૂરી કરતો હતો.

હત્યાના દિવસે અરવિંદ અને અન્ય છ જણાં ખેતર માલિકના કહેવા મુજબ ગેડી ગ્રામ પંચાયત પાસે આવેલી દુકાને નાની મોટી ખરીદી કરવા પહોંચ્યાં હતાં. તે સમયે ગેડીથી સાત-આઠ કિલોમીટર દૂર આવેલી નાગલપર વાંઢમાં રહેતો રમેશ હરિભાઈ કોલી ત્યાં મોટરસાઇકલ લઈને આવ્યો હતો.

સૌની હાજરીમાં અરવિંદ અને રમેશ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ હતી. ત્યારબાદ અરવિંદ ત્યાંથી નીકળ્યો ત્યારે એક દુકાને રાખેલા ધારિયામાંથી એક ધારિયું ઉપાડીને રમેશ પણ તેની મોટરસાઇકલ પર અરવિંદની પાછળ રવાના થયો હતો.

દોઢેક કલાક બાદ ગેડીથી બેલા જતા જૂના રસ્તે નદીની બાજુમાં અરવિંદની અડધું ગળું કપાયેલી લાશ મળી આવી હતી. બાજુમાં તેનું વાહન પડ્યું હતું. બનાવ અંગે જાણ થતાં મૃતકના પરિવારજનો સ્થળ પર દોડી ગયાં હતા અને અરવિંદના મૃતદેહને સરકારી હૉસ્પિટલે લઈ ગયાં હતાં. રમેશ કોળી વિરુદ્ધ ફરિયાદ નોંધાવનારા હતભાગીના મોટા ભાઈ પ્રભુ કોલીએ જણાવ્યું હતું કે, અગાઉ પણ રમેશ અરવિંદ જોડે ઝઘડો કરીને તેની બહેનના મુદ્દે ધાક-ધમકી આપી ચુક્યો હતો. ■




ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રીજી ટી-૨૦ મેચ રાજકોટના ખંઢેરી સ્ટેડિયમમાં યોજાઈ હતી, આ મેચના કારણે રંગીલું રાજકોટ ક્રિકેટમય બની ગયું હતું. (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

# રાપરના આડેસર પાસે એસ.ટી બસે અડફેટે રસ્તો ઓળંગતા રાહદારીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં વીતેલા ૨૪ કલાક દરમ્યાન માર્ગ અકસ્માતના બનેલા બે અલગ-અલગ બનાવોમાં બે લોકોના અકાળે મોત નીપજ્યાં હતાં .રાપરના આડેસરથી વરણુ તરફ જતા માર્ગ પર પગપાળા જઈ રહેલા રાહદારીને હિંમતનગર-અંજાર રૂટની રાજ્ય પરિવહનની બસે અડફેટે લેતાં રાહદારીનું તત્કાળ મોત થયું હતું. આ અંગે આડેસરના રાઉમા વાસમાં રહેતા મૃતકના પુત્ર એવા ૨૮ વર્ષીય રહીમ આમદ રાઉમાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત બપોરે અઢી વાગ્યાના અરસામાં તેમના પિતા આદમ સલેમાન રાઉમા વરણુ ગામ તરફ જતા માર્ગ પર પગપાળા જઈ રહ્યા હતા તે દરમિયાન પુરપાટ જઇ રહેલી હિંમતનગર-અંજાર રૂટની એસ.ટી બસે તેમને અડફેટે લેતાં ગંભીર ઇજાથી તેમનું મોત થયું હતું. પોલીસે બસ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી તરફ, અક્સ્માત ઝોન બની ચૂકેલા ભુજ-ખાવડા માર્ગ પરના નોખાણીયા અને લોરીયા વચ્ચે બે મોટરસાઇકલ વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં ઢોરી ગામના ૨૩ વર્ષીય યુવાનનું ગંભીર ઈજાઓથી મોત નીપજ્યું હતું જયારે અન્ય ત્રણ ઈજાગ્રસ્તોને સારવાર તળે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

ભુજની અદાણી જી.કે.જનરલ હૉસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ, ગત રાત્રે ઢોરી ગામનો મેહુલ માવજી ગાગલ અને કુનરીયા ગામનો તેનો મિત્ર મયુર માવજી મોટરસાઇકલ પર સવાર થઈને નખત્રાણા તરફ જઈ રહ્યા હતા ત્યારે સામેથી આવી રહેલા મોટરસાઇકલ સાથે અકસ્માત થતાં અદાણી વિંગમાં કામ કરતા કોડાય પુલના મહેશ જયચંદ ગુપ્તા અને ચિંતન જીતેન્દ્ર સહીત ચારેય જણને અસ્થિભંગ સહિતની ઈજાઓ પહોચી હતી. ઇજાગ્રસ્તોને સારવાર અર્થે ભુજની જી.કે.જનરલ હૉસ્પિટલ ખાતે લઇ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મેહુલને મૃત જાહેર કર્યો હતો. ■

# મુંદરામાં ઘરમાં લાગેલી આગમાં નિદ્રાધીન પિતા-પુત્રી જીવતા ભૂંજાયા: પત્નીની હાલત અત્યંત નાજુક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના બંદરીય મથક મુંદરા ખાતે એક રહેણાક મકાનમાં અગમ્ય કારણોસર લાગેલી વિકરાળ આગમાં નિદ્રાધીન પરિવાર પૈકીના પિતા-પુત્રી ઉંઘમાં જ બળીને ભડથું થઇ ગયાં હતાં, જ્યારે માતાને ગંભીર હાલતમાં સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવી હતી.

આ દર્દનાક ઘટના અંગે મળતી માહિતી મુજબ, મંગળવારની વહેલી સવારે મુંદરા શહેરના બારોઈ માર્ગ પર આવેલા સૂર્યનગરમાં એક મકાનમાં કોઈ ભેદી કારણોસર ફાટી નીકળેલી આગમાં અહીં લગાવાયેલા એ.સીના કમ્પ્રેશરમાં પણ જોરદાર ધડાકો થયો હતો. ભયાનક આગ લાગવાથી ઘરની અંદર નિદ્રાધીન રહેલા એક જ પરિવારના ત્રણ સભ્યો જીવતા ભૂંજાઈ જતાં પિતા પુત્રીના ઘટનાસ્થળે મોત નિપજયા છે, જ્યારે ૩૦ વર્ષીય માતાને સારવાર અર્થે શહેરની અદાણી હૉસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

આગ લાગવાની ઘટના મંગળવારની પરોઢે છ વાગ્યાના અરસામાં બની હતી. રહેણાક વિસ્તાતમાં આગ લાગતા આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા અને પોલીસને જાણકારી મળતાં ખાનગી કંપનીના ફાયર ફાયટરને બોલાવી આગ ઉપર પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાઈ હતી.

આગ પર કાબૂ મેળવ્યા બાદ મકાન અંદર તપાસ કરતા પરિવારના ત્રણ સભ્યો દાઝેલી હાલતમાં મળી આવ્યા હતા. જેમાં મૂળ મધ્ય પ્રદેશના ૪૧ વર્ષીય રવિકુમાર રામેશ્વર રાય અને તેમની ૨ વર્ષીય માસુમ પુત્રી જાનવી બળીને ભડથું થઇ ગયાં હતાં. જેમના મૃતદેહને સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડવમાં આવ્યા છે. જ્યારે માતા કવિતાબેનનું શરીર ૭૦ ટકા બળી જતા તેમને સારવાર અર્થે અદાણી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં.

આ સમયે ધડાકાનો પણ અવાજ થયો હતો. આ ધડાકો એર કન્ડિશનરનું કોમ્પ્રેસર ફાટવાથી થયો હોવાનું મનાય છે. આગનું કારણ શું તે અંગે પોલીસે અજાણતા દર્શાવી છે. કડકડતી ઠંડીમાં એ.સી ચાલુ હોય તે બાબત ગળે ઉતરે તેવી નથી. ઘરના વાયરીંગમાં શોર્ટ સર્કિટથી પણ આગ લાગી હોઈ શકે છે. દુર્ઘટના અંગે તપાસ કરવા માટે પોલીસે ફોરેન્સિક સાયન્સ લેબના નિષ્ણાતોની મદદ લીધી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# સગીરાના અપહરણ-દુષ્કર્મ અને નિકાહ કરી લેવાના ચર્ચાસ્પદ કેસમાં આરોપીને પોક્સો હેઠળ ૧૦ વર્ષની કેદ, ચાર લાખનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: માવતરની સંમતિ લીધા વિના કિશોર વયની પુત્રીનું અપહરણ કરી, તેની સાથે નિકાહ કરીને જાતિય સંબંધ બાંધવાના કેસમાં ભુજની પોક્સો કોર્ટે અપરાધીને દસ વર્ષની સખ્ત કેદ સાથે ચાર લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ગત ૨૫-૦૨-૨૦૨૩ના રોજ માનકૂવા પોલીસ સ્ટેશનમાં પોતાની ૧૬ વર્ષ ૬ માસની પુત્રીનું લગ્નના ઈરાદે અપહરણ કરી જઈ માશુક કરીમ રાજમામદ ભીયા (ઉ.વ.૨૮)એ વારંવાર દુષ્કર્મ આચર્યું હોવાની તથા મલક હુસેન ભીયા અને રાજમામદ કુલ ભીયા (રહે. ત્રણે ખારી, ખાવડા)એ આ ગુનામાં મદદ કરી હોવાનું ફરિયાદમાં જણાવ્યા બાદ પોલીસે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

પાંચ દિવસ બાદ ભોગ બનનાર કિશોરી પોલીસ મથકમાં હાજર થઈ હતી અને પોતે સ્વેચ્છાથી માશુક જોડે ગઈ હોવાનું, તેની સાથે સ્વેચ્છાએ મિસ્કીનશા પીરની દરગાહે નિકાહ કર્યા હોવાનું અને નિકાહના સમર્થન માટે ભુજની ભીટારા ગ્રામ પંચાયતમાં કરાવેલું લગ્ન નોંધણી પ્રમાણપત્ર રજૂ કર્યું હતું. ગુનાનો ભોગ બનનાર મુસ્લિમ ધર્મની હોઈ, મુસ્લિમ કાયદા મુજબ તે લગ્ન કરવા સક્ષમ હતી તેવું ઠરાવી ગુજરાત હાઈ કોર્ટે પોલીસ ફરિયાદને રદ્દબાતલ ઠેરવતા યુનુસ ઉસ્માન શેખ વિરુદ્ધ સ્ટેટ ઑફ ગુજરાતના ૨૦૧૫ના ચુકાદાને ટાંકીને બચાવ પક્ષે આરોપીને નિર્દોષ ઠેરવવા રજૂઆત કરી હતી, જો કે, વિશેષ સરકારી વકીલ એચ.બી. જાડેજાએ આવા જ એક કેસમાં ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદાને ક્વોટ કરીને પોક્સો એક્ટ મુસ્લિમોને પણ લાગુ પડતો હોવાની દલીલ કરીને ચુકાદા મુજબ ૧૮ વર્ષથી ઓછી વયની વ્યક્તિ સાથે થયેલો શારીરિક સંબંધ બળાત્કારની વ્યાખ્યામાં આવતો હોઈ પુરુષ તેની સગીર પત્ની સાથે શારીરિક સંબંધ કરવા બદલ સજાને પાત્ર હોવાનું જણાવ્યું હતું. ■

# અંજારના દુધઈમાં બંધ દુકાનનાં તાળાં તોડી ૨.૯૫ લાખની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં ચોર તત્ત્વોનો આતંક યથાવત છે, અંજાર તાલુકાના દુધઇ ગામમાં લોકોની અવરજવરથી સતત ગાજતા રહેતા બસ સ્ટેન્ડ નજીક આવેલી દુકાનમાંથી તસ્કરોએ રૂ. ૨,૯૫,૫૦૦ની મતાની ચોરીને અંજામ આપતાં આસપાસના દુકાનધારકોમાં ચકચાર પ્રસરી હતી. દુધઇ ગામના બસ સ્ટેન્ડ પાસે યુગ મોબાઇલ એન્ડ ક્લોથ નામની દુકાન ચલાવનારા ભુજના ભાવેશ્વર નગરમાં રહેનાર શશિકાંત રતિલાલ સાતુંદા નામના વૃદ્ધ વેપારીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તારીખ ૨૩-૧ની મોડી સાંજે દુકાન બંધ કરીને તેઓ પોતાના ભુજસ્થિત ઘરે ચાલ્યા ગયા હતા.

બીજા દિવસે સવારે તેઓને અન્ય દુકાનધારક મહિલાએ ફોન કરી દુકાનનાં તાળાં તૂટેલાં હોવાનું અને કપડાં બહાર ઓટલા ઉપર પડયા છે તેવું કહેતાં આ વૃદ્ધ તેમના મોટરસાઈકલને લઇને દુધઇ પહોંચ્યા હતા. અંદર તપાસ કરતાં વેરવિખેર સમાન વચ્ચે કપડાંના તાકા નંગ-૨૦, શૂટિંગ તાકા નંગ-પાંચ,મોબાઇલ ફોનના ૧૨ ચાર્જર, તથા રોકડ રૂ.૨,૭૫,૦૦૦ અને હિસાબના જૂના ચોપડા સહીત કુલ રૂ. ૨,૯૫,૫૦૦ની મતાની તફડંચી કરી ગયા હતા. પોલીસે બનાવ અંગે ફરિયાદ નોંધી અજાણ્યા ચોર તત્ત્વોની ભાળ મેળવવા તપાસ હાથ ધરી છે. ■

# ભાવનગરમાં હીરાના વેપારી સાથે ₹ ૧૪.૨૯ લાખની છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરના કુમુદવાડી વિસ્તારમાં હીરાનું કારખાનું ધરાવતા હીરાના વેપારીને તેના માસીના દીકરાએ ઊંચા ભાવે હીરા અપાવવાનું કહી વિશ્વાસમાં લઈ રૂ.૧૪.૨૯ લાખની છેતરપિંડી આચર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર શહેરના કુમુદવાડી વિસ્તારમાં હીરાનું કારખાનું ધરાવતા હીરાના વેપારી હરેશભાઈ હીરાભાઈ ભલાણીએ બોરતળાવ પોલીસ મથકમાં તેમના માસીના દીકરા પ્રકાશ દિલિપભાઈ ગાબાણી (રહે. સુરત) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, આશરે ૬ માસ પહેલા હરેશભાઈના માસીના દીકરા જે હીરા વેચવાની દલાલીનું કામ કરે છે તેમણે ઉંચા ભાવે હીરા વેચવા હોય તો હીરા આંગડિયામાં સુરત મોકલજો તેમ કહેતા તેઓ રૂબરૂ સુરત ગયા ત્યારે એક ટકા દલાલીમાં હીરા વેચવાનું નક્કી કરી આંગડિયામાં બે પેકેટ હીરાના મોકલ્યા હતા તેનું સમયસર પેમેન્ટ કરી આપ્યું હતું. જે બાદ ગત ૧૨ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ ડબલના તૈયાર હીરા ૫૧ કેરેટ ૫૬ સેન્ટ મોકલ્યા હતા જેની રકમ રૂ.૮,૭૯,૨૪૦ થતી હતી. જે બાદ ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ બીજા તૈયાર ડબલના હીરા ૩૨ કેરેટ ૧૨ સેન્ટ અક્ષર આંગડિયા મારફત સુરત મોકલ્યા હતા જેની રકમ રૂ.૫,૫૦,૦૦૦ થાય છે. આ બન્ને હીરાની કુલ રકમ રૂ.૧૪,૨૯,૨૪૦ તેમના માસીના દિકરાએ એકાદ અઠવાડિયામાં ખરીદનાર પાર્ટી આપશે તેમ કહ્યું હતું પરંતુ લાંબો સમય વિતતા અવારનવાર પેમેન્ટ માટે ફોન કરતા તેમના માસીના દીકરાએ ફોન બંધ કરી દીધો હતો અને સુરત જઈને તપાસ કરતા તેના ઘરે પણ મળી આવ્યો નહોતો અને તેના ઘરના સભ્યોએ પણ કંઈ જવાબ નહીં આપી છેતરપિંડી આચરી હતી. આ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ■

# રાજકોટમાં ફૂડ વિભાગની ટીમ ત્રાટકી; ૧૪ વેપારીઓ સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં અખાદ્ય જથ્થાની સામે ફૂડ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. શહેરના ઇન્દિરા સર્કલ નજીક પીઝા કન્ટ્રી, ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ પર ફૂડ વિભાગની ટીમોએ તપાસ કરી હતી, જ્યાંથી મળી આવેલા અખાદ્ય જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. ફૂડ વિભાગની ટીમ દ્વારા રૈયા ચોકડી આસપાસના વિસ્તારોમાં ૧૪ વેપારીઓને ત્યાં ૧૪ નમૂનાની ચકાસણી કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર રાજકોટનાં યુનિવર્સિટી રોડ પરના ઇન્દિરા સર્કલ નજીક આવેલા પીઝા કન્ટ્રીમાં ફૂડ વિભાગની ટીમો ત્રાટકી હતી. તપાસ દરમિયાન અહીથી પાંચ કિલો ગાર્લિક બ્રેડનો જથ્થો અખાદ્ય જથ્થો મળી આવ્યો હતો. જેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. તેમજ આ પેઢીને હાઇજેનિક કંડીશન જાળવવા અને યોગ્ય સ્ટોરેજ કરવા તેમજ લાઇસન્સ સહિતની બાબતો માટે નોટીસ ફટકારવામાં આવી હતી.

તપાસ દરમિયાન શહેરના હનુમાન મઢીથી રૈયા ચોકડી વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૪ ધંધાર્થીઓને ત્યાં ૧૪ નમૂનાની ચકાસણી કરવામાં આવી હતી. ઉપરાંત રૈયા રોડની કનેરીયા ઓઇલ ઇન્ડસ્ટ્રીઝમાંથી સીંગતેલ અને કપાસીયા તેલના નમૂના લેવાયા હતા. ■

# ભાવનગરના મહુવામાંથી ગાંજાનું વાવેતર ઝડપાયું: ₹ ૨૧.૨૫ લાખના ગાંજાના છોડ સાથે એક શખ્સની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેર અને જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ગાંજો, ડ્રગ્સ, દેશી તેમ જ વિદેશી દારૂનું દૂષણ ફુટી નિકળ્યું છે. ત્યારે દેશી અને વિદેશી દારૂ ચોકે ચોકે વેચાણ થાય છે જાણે બુટલેગરોને જાણે મોકળું મેદાન મળી ગયું હોય તેમ વેચાણ કરી ભાવનગરના લોકોને નશેડી બનાવી રહ્યા છે. આ દરમિયાન મહુવા પોલીસે એક બાતમીના આધારે દાઠા ગામની વાડી વિસ્તારમાં રેડ કરી હતી.વાડીમાંથી લીલા ગાંજાના ૬૬૪ છોડનું વાવેતર કરનાર એક વૃદ્ધને ઝડપી લઇ ૨૧ લાખથી વધુની કિંમતનો જથ્થો કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી.



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

ગાંજો હોવાની બાતમી આધારે રેડ કરતા મહુવા પોલીસ વિભાગના ડી.વાય.એસ.પી. તેમ જ તેમની ટીમ દ્વારા રેડ કરવામાં આવી હતી જે દરમિયાન એક વાડીમાંથી ૬૬૪ જેટલા લીલા ગાંજાનો છોડ, ૪૨૫.૧૮ કિલોગ્રામ કિ. રૂ. ૨૧,૨૫,૯૦૦ના જંગી ગાંજાના છોડ સાથે આરોપી વનરાજસિંહ ઉર્ફે વનુભા બચુભા સરવૈયાને ઝડપી લીધો હતો.

પોલીસે આ શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

# ભાવનગરના ટીમાણા ગામમાં છરી વડે યુવક પર હુમલો: સારવાર દરમિયાન યુવાનનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના ટીમાણા ગામમાં રહેતા યુવાન અને તેના ભાઈઓ પર જમીન બાબતે થયેલા મતભેદની દાઝ રાખીને યુવાનના કૌટુંબિક કાકા અને તેના ભાણેજ દ્વારા છરી વડે કરાયેલ હુમલામાં ગંભીર ઈજાગ્રસ્ત યુવાનનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં આ બનાવ હત્યામાં પરિણમ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ટીમાણા ગામમાં વાડી વિસ્તારમાં રહેતા તૌફીક સુલતાનભાઈ મોગલના મોટા બાપુના દીકરા અમિનના તા.૨૫/૧ ના રોજ લગ્ન હતા અને તેમના ઘરે આવેલા મહેમાનોના ચા પાણી માટે આગલા દિવસે તેઓ ગામમાં દૂધ લેવા માટે ગયા હતા ત્યારે રસ્તામાં આવેલ ઉંમર ગની બાપુની દરગાહ નજીક તેમના કૌટુંબિક કાકા સલીમશા હુસેનશા મોગલ અને તેનો ભાણેજ અક્રમ અલતાફભાઈએ તેમનું મોટરસાઇકલ અટકાવી અગાઉ જમીન બાબતે ચાલતા મતભેદની દાઝ રાખી 'તું કેમ અમારી સામે જુએ છો' તેમ કહીને ધક્કા મારી ધોલ મારી છરી વડે હુમલો કરતા તોફિકભાઈએ ફોન કરીને તેમના ભાઈઓને બોલાવતા હાજીશા ભીખુશા મોગલ અને સલીમશા ભીખુશા મોગલ દોડી આવ્યા હતા અને બચાવવા માટે વચ્ચે પડતા બંને શખ્સોએ તેમની ઉપર પણ છરી વડે હુમલો કરતા હાજીશાને પેટના ભાગે ગંભીર ઇજા પહોંચી હતી. છરી વડે હુમલો કર્યા બાદ બંને શખ્સ મારી નાખવાની ધમકી આપી જતા રહ્યા હતા. આ બનાવમાં ગંભીર ઇજાગ્રસ્ત હાજીશા ભીખુશા મોગલને સારવાર અર્થે પ્રથમ તળાજા અને ત્યાર બાદ ભાવનગર હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં મારામારીનો આ બનાવ હત્યામાં પરિણમ્યો છે. આ બનાવ અંગે તળાજા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■

# શહીદ દિન નિમિત્તે સવારે ૧૧ કલાકે ભાવનગર જિલ્લાની કચેરીઓમાં બે મિનિટ મૌન પાળવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભારત દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે તેવા શહીદ વીરોની સ્મૃતિમાં ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૫, ગુરુવારના રોજ શહીદ દિનની ઉજવણી સમગ્ર રાજ્યમાં થનાર છે.

જેના ઉપલક્ષ્યમાં ભાવનગર જિલ્લામાં તા. ૩૦, સવારે ૧૧: વાગે સાયરન વગાડી બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનાર શહીદ વીરો પ્રત્યેનું ઋણ અદા કરવા બે મિનિટ મૌન પાળવામાં આવશે.

જે અન્વયે ભાવનગર જિલ્લા સેવા સદન સહિતની કચેરીઓમાં સૌ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ દ્વારા સવારે ૧૧ વાગે બે મિનિટ મૌન પાળી શહીદ વીરોને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. ■

# જામનગરમાં પાંચ વર્ષ બાદ નોંધાયો કોંગો ફિવરનો કેસ; ૫૦ વર્ષીય આધેડનું મૃત્યુ

અમદાવાદ: ગુજરાતમાં બેવડી ઋતુના અનુભવના કારણે રોગચાળામાં વધારો થઈ રહ્યો હોય અને બદલાતી ઋતુના પરિણામે અનેક રોગચાળાએ દેખા દીધી છે. આ દરમિયાન પાંચ વર્ષ બાદ જામનગરમાં કોંગો ફિવરે દસ્તક દેતા લોકોમાં ફફડાટ જોવા મળ્યો હતો. શહેરના પંચેશ્વર ટાવર વિસ્તારમાં રહેતા ૫૦ વર્ષિય એક આધેડ પશુપાલકનું કોંગો ફીવરને કારણે મૃત્યુ થતાં આરોગ્ય તંત્રમાં પણ સતર્ક થઈ ગયું હતું. જામનગર જિલ્લામાં કોંગો રોગના વાઇરસે દેખા દીધી હતા. શહેરના પંચેશ્વર ટાવર વિસ્તારમાં રહેતા મોહનભાઈ મેરૂભાઈ કટોરિયા નામના ૫૦ વર્ષીય આધેડ પશુપાલકને તાવ આવતાં તેમને શહેરની ગુરૂ ગોવિંદસિંઘ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યુ હતું. શહેરમાં પાંચ વર્ષ બાદ શહેરમાં નોંધાયેલા આ કોંગો વાઇરસના કેસમાં પરિણામે આરોગ્ય વિભાગ સતર્ક થઈ ગયું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર દર્દીને ૨૧ જાન્યુઆરીએ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમના વિવિધ જુદા જુદા રિપોર્ટસ કરાવવામાં આવ્યા હતાં, સેમ્પલને પુણેની લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા હતા, જ્યાં કોંગો ફિવર પોઝિટિવ આવ્યો હતો. જામનગર મેડિકલ કોલેજના એડીશનલ ડીન ડો. એસ.એસ. ચેટરજીના જણાવ્યા અનુસાર છેલ્લા પાંચ વર્ષમાં શહેરમાં આ પ્રથમ કેસ નોંધાયો હતો. શહેરમાં કોંગો ફિવરનો રિપોર્ટ પોઝોટીવ આવ્યા બાદ જામનગર મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર પણ સતર્ક થઈ ગયું છે. તંત્ર દ્વારા સંક્રમિત દર્દીના રહેણાંક વિસ્તારમાં દવાના છંટકાવ તેમજ સર્વે સહિતની કામગીરી હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે જામનગરમાં કોંગો ફિવરનો પ્રથમ કેસ વર્ષ ૨૦૧૯માં નોંધાયો હતો. જેમાં સરકારી હોસ્પિટલના રેસીડેન્ટ મહિલા તબીબનો કોંગો ફિવરનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ■

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે અમરેલીમાં ભાજપની સેન્સ પ્રક્રિયા પૂર્ણ

અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની જાહેરાત બાદ રાજકીય પક્ષોમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે અમરેલી જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી હતી. આ દરમિયાન જિલ્લાની ચાર નગરપાલિકાઓમાં કુલ ૩૦૩ જેટલા દાવેદારોએ ટિકિટની માગ કરી હતી. ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા જાહેર થયેલા ચૂંટણી કાર્યક્રમ અનુસાર આગામી ૧૬ મીએ અમરેલી જિલ્લાની ચલાલા, લાઠી, જાફરાબાદ અને રાજુલા નગરપાલિકા માટે મતદાન થવાનું છે. તે માટે ભાજપ દ્વારા પ્રદેશ ભાજપના નિરીક્ષકોની ટીમ દ્વારા ચારે નગરપાલિકા માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં સૌથી વધુ ઉમેદવાર રાજુલા નગરપાલિકામાં નોંધાયા છે, જેમાં ૧૦૭ દાવેદારોએ ટિકિટની માગ કરી હતી. જ્યારે ચલાલા નગરપાલિકામાં ૮૩, લાઠી નગરપાલિકામાં ૭૦ અને જાફરાબાદ નગરપાલિકામાં ૪૩ દાવેદારોએ ફોર્મ ભર્યા હતા. ભાજપ દ્વારા હાથ ધરવામાં આવેલી સેન્સ પ્રક્રિયામાં ઝવેરીભાઇ ઠકરાર, કશ્યપભાઇ શુકલ, દર્શનાબેન પુજારા સહિત નિરીક્ષકો રહ્યા હતા. સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે પ્રદેશ ભાજપ દ્વારા દાવેદારી કરનારાના ફોર્મમને નિરીક્ષકો દ્વારા ચકાસણી કરી પ્રદેશ ભાજપને સોંપવામા આવશે જેમાં અરજીનો અભ્યાસ કર્યા બાદ અંતિમ નિર્ણય લેવામાં આવશે. ■